રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક




## અપ્પ દીપો ભવ

વર્ષ: ૭૪ અંક : ૦૪ ૧૫ નવેમ્બર, ૨૦૨૦

## ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા, મણારના કૃષિ-બાગાયત સંશોધન કેન્દ્રની મુલાકાતે
## જિલ્લા કલેક્ટર માનનીયશ્રી ગૌરાંગ મકવાણા




## ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા, મણારના કૃષિ-બાગાયત સંશોધન કેન્દ્રની મુલાકાતે
## ગ્લોબલ પરલી (મહારાષ્ટ્ર) સંસ્થાના સ્થાપક- માર્ગદર્શક શ્રી મયંકભાઈ ગાંધી અને સાથીદારો






મહારાષ્ટ્રના અછતગ્રસ્ત વિસ્તારોમાં ખેડૂતોની આર્થિક સુધારણા માટે અવિરત કામ કરતાં ગ્લોબલ પરલી સંસ્થાના સ્થાપક- માર્ગદર્શક શ્રી મયંકભાઈ ગાંધીનું અભિવાદન કરતાં શ્રી અરુણભાઈ અને સાથીદાર શ્રી સ્નેહલભાઈ પટેલનું અભિવાદન કરતાં ડૉ. વિરેન્દ્રસિંહ




# કોડિયું

વર્ષ : ૭૪ નવેમ્બર : ૨૦૨૦ અંક : ૦૪

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | **આ વર્ષના નોબેલ વિજેતાઓને મળીએ**<br>કોડિયું ટીમ | ૧૩૮... |
| ૦૨ | **ગાંધી પર પ્રહાર**<br>રાજમોહન ગાંધી, અનુવાદ : મોહન દાંડીકર | ૧૪૦... |
| ૦૩ | **સુગાતા મિત્રા અને શિક્ષણ વ્યવસ્થામાં તેમણે પાડેલું રચનાત્મક કાણું!**<br>કોડિયું ટીમ | ૧૪૨... |
| ૦૪ | **'પ્લાસ્ટિક' મુદ્દે વપરાશ-નિકાલમાં વિવેક ચૂકાશે તો ...?**<br>હીરજી ભીંગરાડિયા | ૧૪૫... |
| ૦૫ | **કિંચિત કહું પ્રકાશપર્વે**<br>મહેન્દ્ર ચોટલિયા | ૧૪૮... |
| | **મહેર કરી મારા રામે!**<br>વિશાલ જોશી 'સ્નેહ' | ૧૪૮... |
| | **ડ્રાઈવિંગ હેલ્લારો**<br>અવનિ દવે રાવલ | ૧૪૯... |
| ૦૬ | **'ગીતકવિ વિનોદ જોશી'**<br>રાણા બાવળિયા | ૧૫૨... |
| ૦૭ | **શક્તિસિંહ પરમાર – સાગમટું સરનામું !**<br>રામ મોરી | ૧૫૬... |
| ૦૮ | **શુચિર્દક્ષી દર્શક**<br>નટવર ગાંધી | ૧૫૯... |
| ૦૯ | **ટનકપુર-પૂર્ણાગિરિ**<br>ભાણદેવજી | ૧૬૩... |
| ૧૦ | **આપણું શૈક્ષણિક આત્મનિરીક્ષણ**<br>ન. પ્ર. બુચ, નોંધ : મનસુખ સલ્લા | ૧૬૬... |
| ૧૧ | **ગુજરાતમાં સબરસઃ ત્રણ વામનિક ડગલાં**<br>ભૂષણ ઓઝા | ૧૬૮... |
| ૧૨ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ૧૭૦... |

## આદ્યતંત્રીઓ :

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

## તંત્રી :

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

## સહતંત્રી :

વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)

## સંપાદક-મંડળ:

ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
પ્રવીણ કુકડિયા
(મો. ૯૪૨૮૪૯૨૫૯૪)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

## મુદ્રક-પ્રકાશક :

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

## માલિક :

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

## મુદ્રણ-સ્થાન :

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

## પ્રકાશન-સ્થળ :

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

## ◆ સૂચના ◆

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ.,ડિમાન્ડડ્રાફટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Acc No. 56016001739, IFSC Code : SBIN0060016
Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૧૫૦/- |
| ડિપોઝિટ યોજના | રૂ.૧૮૦૦/- |

## તંત્રી સ્થાનેથી...

### સકારાત્મક 'બટરફ્લાય ઈફેક્ટ'

આ વખતની દિવાળી અલગ છે; કોરોના અને માનવજીવન વચ્ચેનું યુદ્ધ શમવાનું નામ લેતું નથી. ફ્રાંસ અને ઑસ્ટ્રિયામાં થયેલા આતંકવાદી હુમલાએ ધાક પડી જાય એવું અલાર્મ વગાડ્યું છે. ઑસ્ટ્રેલિયા અને કૅલિફૉર્નિયાનાં જંગલોમાં લાગેલી ભીષણ આગે લાખો એકર જમીનને આવનારાં અનેક વર્ષો સુધી બિનઉપજાઉ બનાવી દીધી છે. બેરુત બંદર પર રાખેલ ૨૭૫૦ ટન એમોનિયમ નાઈટ્રેટનો આકસ્મિક બ્લાસ્ટ થયો અને ધરા ધ્રુજી. આ બધાં વજ્રાઘાતો સહન કરતી કરતી દુનિયાની ગાડી ધીમે ધીમે ફરી પાટે ચડી રહી છે. અત્યારે એક બાજુ સૌ અમેરિકાની ચૂંટણી તરફ મીટ માંડીને બેઠા છે, તો બીજી તરફ આ વર્ષના નોબેલ પારિતોષિક જાહેર થયા. આપણે જ્યારે આ વર્ષની મોટી-મોટી ઘટનાઓનો તાગ મેળવીએ છીએ, ત્યારે સમજાય છે કે આ બધી જ Macro ઘટનાઓનાં મૂળમાં ક્યાંકને ક્યાંક Micro ઘટનાઓ સંકળાયેલી છે. જેમ દિવાળીની રંગોળીમાં નાનાં-નાનાં બિંદુઓ જોડાઈને એક ભાત બને છે એમ જ નાની-નાની ઘટનાઓની શૃંખલાઓ એક વિશાળ ઘટનાને આકાર આપે છે-જન્માવે છે.

આપણે જાણીએ છીએ કે 'બટરફ્લાય ઈફેક્ટ' થાય ત્યારે દુનિયાના કોઈ એક ખૂણામાં એક પતંગિયું પાંખ ફફડાવે અને ત્યાંની હવામાં અતિ-સૂક્ષ્મ ફેરફાર જન્મે છે. આ ફેરફારમાં વાતાવરણના અન્ય પાસાંઓ ભળતાં જાય છે અને આગળ જતાં સર્વાંશે એક મહાકાય વાવાઝોડાનું સ્વરૂપ ધારણ કરે છે. આ વર્ષની દરેક Macro ઘટનાઓની પાછળ રહેલી 'બટરફ્લાય ઈફેક્ટ' સમજાય જાય તો આપણે આ જગત માટે ઘણું કરી શકીએ અથવા તો તેના માટે તૈયાર રહી શકીએ. શું આપણે હકારાત્મક 'બટરફ્લાય ઈફેક્ટ' જન્માવી ન શકીએ?

આ દિવાળીએ આપણે સૌએ હકારાત્મક 'બટરફ્લાય ઈફેક્ટ' પર કામ કરવાનું છે. ભલે કોરોનાએ જીવનની ક્ષણ-ભંગુરતાને આપણી સામે મૂકી હોય. પણ આપણે તેની સામે સકારાત્મક અજવાળું ધરવાનું છે. કોઈપણ કોડિયાને પોતાનું સ્થાયી ઘર હોતું નથી, એ તો જ્યાં જાય ત્યાં અજવાળું જ ફેલાવે. આ દિવાળીનો સૌથી મહત્ત્વનો પ્રશ્ન એ છે કે આપણે આવું અજવાળું ફેલાવતું કોડિયું કેવી રીતે બની શકીએ? મને લાગે છે કે જો આપણે અંદરના અજવાળે ધ્યાનથી જોઈશું તો આપણી આસપાસના લોકોના જીવન પર કોરોનાએ પાડેલા ઉજરડા આપોઆપ નજરે ચડશે. ક્યાંક કોઈએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે; આ દિવાળીએ એમની સાંત્વના મુલાકાત લઈ હૂંફ આપીએ. આપણે જ્યાં રહીએ છીએ ત્યાંના નાના-નાના દુકાનદારોની આર્થિક પરિસ્થિતિ ઘણી નબળી થઈ છે. ચાલો, આ વખતે ખરીદી કરતી વખતે એમને પ્રાધાન્ય આપીએ. કોઈ યુવાન આત્મનિર્ભર બનવા મથી રહ્યો હોય તો તેને બનતી મદદ કરી ટેકો આપીએ. સ્થાનિક અને પ્રવાસી શ્રમિકોને ફરી કામે વળગાડવાના પ્રયત્નો કરીએ. શક્ય હોય ત્યાં ખેડૂતની વાડી પર જઈને શાકભાજી કે અન્ય ખેત પેદાશો સીધા ખરીદીએ અને એ ખેડૂત સાથે ગોઠડી કરીએ. ગૃહઉદ્યોગો દ્વારા બનાવેલી વાનગીઓ લાવીએ-વહેંચીએ અને એમ કોરોના પછીના કાળને હંફાવીને સૌ એક સાથે બેઠા થઈને સૌના ભલામાં મારા ભલાનો અહેસાસ કરીએ.

આવનારા વર્ષોમાં આપણે આ વર્ષને કેવી રીતે યાદ કરવું છે એ આપણે આજે નક્કી કરીને એ માટે આપણી પાંખો અનંત આકાશમાં ફફડાવીએ!

## આ વર્ષના નોબેલ વિજેતાઓને મળીએ...

કોડિયું ટીમ
kodiyusanosara@gmail.com

---

અલબર્ટ આઈન્સ્ટાઇને કહેલું કે આપણને ખ્યાલ જ હોતો નથી કે આપણે કેટલાં બધાં લોકોના આશીર્વાદથી સુંદર જીવન જીવતા હોઈએ છીએ. સામાન્ય માણસોને તો એ ખબર જ હોતી નથી કે આજે જે ટેક્નૉલૉજીએ એમનું જીવન સરળ બનાવ્યું છે અથવા તો જે દવાથી તેઓ પોતે અથવા તેમના સ્વજનોનો જીવ બચ્યો છે એના જનક કોણ છે! પણ દુનિયાનો એક ડાહ્યો વર્ગ છે જે આવા અદભૂત લોકોનું યોગ્ય સન્માન કરે છે. ઑક્ટોબર માસ એટલે ગાંધી, લાલ બહાદુર શાસ્ત્રી, સરદારની સાથે નોબેલ પારિતોષિક વિજેતા મહાનુભાવોને ઓળખવાનો અવસર!

**૧. આરોગ્ય :**

આ વર્ષે Drs. Harvey J. Alter, Michael Houghton અને Charles M. Riceને હિપેટાઈટિસ-સી વાયરસની શોધ માટે નોબેલ પારિતોષિક એનાયત કરવામાં આવ્યો છે. આ ત્રણેય વૈજ્ઞાનિકોએ આ વાયરસ અને તેની દવાની શોધ દ્વારા લાખો લોકોનાં જીવન બચાવ્યાં છે. દુનિયામાં આજે ૭ કરોડ લોકો આ રોગથી પીડાઈ રહ્યાં છે ત્યારે ઈતિહાસમાં પહેલી વખત આપણે આ રોગને હવે નાથી શકાશે અને તેને દુનિયામાંથી ખસેડી શકીશું એવી આશા બંધાઈ છે.

**૨. ભૌતિકશાસ્ત્ર :**

૨૦૨૦માં બ્લેક હોલ અને બ્રહ્માંડની સમજણમાં વધારો કરનારા Roger Penrose, Reinhard Genzel and Andrea Ghezને નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું છે. આ શોધથી આઈન્સ્ટાઇનનો સાપેક્ષવાદ પણ સાચો છે એ સાબિત થાય છે. આપણી આકાશગંગાના કેન્દ્રમાં એક એવી ભારે વસ્તુ છે જે આપણા તારાઓની ભ્રમણગતિને નિયંત્રિત કરે છે. આ ભારે વસ્તુ લગભગ ૪૦ લાખ સૌરમંડળ જેટલી તાકાત ધરાવે છે અને તેનું કદ આપણા સૌરમંડળ જેવડું છે. મહત્ત્વની વાત એ છે કે આ વસ્તુ 'અદશ્ય' છે! ભવિષ્યમાં બ્લેક-હોલના બંધારણ અને ઢાંચા વિશેનું ચિત્ર વધુ સ્પષ્ટ થશે એવું લાગે છે.

**૩. રસાયણશાસ્ત્ર :**

વર્તમાન સમયમાં જે બે-ત્રણ વિજ્ઞાન-શાખાઓએ દુનિયાને ખૂબ મોટી આશા દેખાડી હોય તેમાં જીનેટિક્સનો સમાવેશ થાય છે. આ વર્ષે જીનોમ-એડીટિંગ ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કરનાર Emmanuelle Charpentier and Jennifer A. Doudnaને નોબેલ પારિતોષિક દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. અહીં એ નોંધનીય છે કે આ બંને મહિલાઓ છે. અત્યાર સુધીમાં કુલ ૫૭ મહિલાઓને તેમનાં વિવિધ ક્ષેત્રનાં યોગદાન માટે આ સન્માન પ્રાપ્ત થયું છે.

**૪. સાહિત્ય :**

અમેરિકાના ખૂબ જ જાણીતા કવિયત્રી Louise Glückને સાહિત્ય માટેનું નોબેલ મળે છે. આ પણ એક મહિલાને મળે છે, ત્યારે દુનિયાભરમાં કન્યા-કેળવણી અને સ્ત્રી-ઉત્કર્ષના કાર્યક્રમોને નવું બળ મળશે. ગ્લુકના ૧૨ કાવ્યસંગ્રહો છે. એમની ઘણી કવિતાઓ માનવ અસ્તિત્વનાં સૂક્ષ્મ પાસાંઓને ખૂબ જ નાજુક રીતે વ્યક્ત કરે છે.

**૫. શાંતિ :**

આ વખતનું શાંતિ માટેનું નોબેલ પારિતોષિક કોઈ વ્યક્તિને નહીં પણ એક સંસ્થાને આપવામાં આવ્યું છે. યુ.એન.ના 'વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ' નામના એક કાર્યક્રમને કોરોનાકાળમાં ભૂખમરાથી મરી રહેલાં લોકો સુધી દિનરાત મહેનત કરીને ખોરાક પહોંચાડવા માટે આ સન્માન આપવામાં આવ્યું છે. ગયા વર્ષે આ સંસ્થાએ ૮૮ દેશના ૧૦ કરોડ લોકોને મદદ પહોંચાડેલી. અહીં એ નોંધવું જોઈએ કે અમેરિકાએ યુ.એન.ને ઘણી બધી બાબતોમાં મદદ કરવાનું બંધ કર્યું છે, પણ આ કાર્યક્રમ માટે અમેરિકાની મદદ આજે પણ શરૂ છે.

૬. અર્થશાસ્ત્ર :

Paul R. Milgrom and Robert B. Wilson આ વર્ષે અર્થશાસ્ત્રમાં તેમના પ્રદાન માટે નોબેલ પારિતોષિકના હકદાર બન્યા છે. આ બંને અર્થશાસ્ત્રીઓને ઓક્શન (હરાજી) થિયરીને વધારે સંવર્ધિત કરી છે. એમણે હરાજીના ઘણાં નવાં સ્વરૂપો પણ તૈયાર કર્યાં છે કે જેનાથી અત્યાર સુધી જે વસ્તુઓ અને સેવાઓનો હરાજીમાં સમાવેશ થતો નહોતો, જેમ કે રેડિયો ફ્રિક્વન્સી, એ પણ હવે થશે. આ શોધથી દુનિયાના કરોડો વ્યાપારીઓ, ધંધાર્થીઓ અને ગ્રાહકોને મોટો લાભ થશે.

આપણી દુનિયા અને જીવન આવા સંશોધકોને આભારી છે, જે પોતાનું આખું જીવન આવા કામોમાં સમર્પિત કરી દે છે. આપણી શાળા અને કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને આવા મહાનુભાવોના પરિચય નિયમિત ધોરણે કરાવવા જોઈએ. કારણ કે ઈન્ટરનેટ, સોશ્યલ મીડિયા, ટીવી, સ્માર્ટ ફોનથી એમના મગજમાં "સફળતાના" જે આદર્શો રોપાય છે, તેના સાત્ત્વિક વિકલ્પ તરીકે નોબેલ વિજેતાઓના 'સાર્થક' કામનો પરિચય કરાવીએ!

**કોડિયુંના નૂતન ક્લેવરના વધામણાં**

માન.શ્રી અરુણભાઈ,

'કોડિયું'નો સપ્ટે.નો અંક મળ્યો; તમામ ૧૩ લેખો વાંચીને થયું કે આપને મુબારકબાદ પાઠવું. પૃ. ૬૩ પર નૂતન ક્લેવર અંગે રમેશભાઈ દવેએ પાઠવેલ પ્રતિભાવમાં મારો સૂર પુરાવું છું.

'Think globally- act locally' ની દિશામાં આ એક મહત્ત્વનું કદમ છે.

'આ ચૂપદીકી ખતરનાક છે' લેખનો વધુમાં વધુ પ્રચાર-પ્રસાર થવો જોઈએ. ડૉ. પંકજ જોશી તો ગુજરાતનું ગૌરવ છે અને તેમના પરનો લેખ પણ સુંદર છે. સુરતની ધ રેડિયંટ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જે નવો પ્રયોગ હાથ ધરાયો છે તે બાળકોમાં રહેલી વિપુલ ક્ષમતાઓનો વિકાસની તક પૂરી પાડવાની સાથોસાથ આત્મવિશ્વાસ સુદૃઢ કરશે. આ જ તો 'ભાર વિનાનું ભણતર' છે. 'ગુલઝાર અને ચાંદ..' લેખ વિષય-વૈવિધ્ય તથા નવા ક્લેવરને 'ચાર ચાંદ લગાડે' એવો છે ! 'ગુલઝારિયત'નો આગવો અંદાજ અને નિખાર એમાં જોવા મળે છે. 'યુવાસૂઝ' વિભાગમાં કૃતાર્થ સતીશભાઈ પટેલ વિશેની જાણકારી સમગ્ર અંકમાં શિરમોરરૂપ છે ! માત્ર પ્રકૃત્તિ જ નહીં, સમગ્ર જીવસૃષ્ટિ પ્રત્યેની કૃતાર્થની ચાહત જોઈને ઉમાશંકર જોષી યાદ આવી ગયા.

વિશાળે જગવિસ્તારે નઈ એક જ માનવી :
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ.

કૃતાર્થનો આ પ્રેમ જ એને 'વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી' ભણી લઈ ગયો... હમણાં વાંચ્યું કે પીઢ અભિનેત્રી ઉમ્રના આઠ દાયકા પછી હવે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી તરફ વળી ગયાં છે ! એક બાજુ સર્વત્ર પર્યાવરણનો ખુરદો અને રાજકીય નેતાઓની યુદ્ધખોર માનસિકતા આપણને સર્વનાશ ભણી લઈ જઈ રહ્યા છે !

- ઈન્દુકુમાર જાની, અમદાવાદ

## ગાંધી પર પ્રહાર

રાજમોહન ગાંધી, અનુવાદ : મોહન દાંડીકર

---

ગાંધીજીની પૂજા કરવામાં આવે કે એમને વિદ્રુપ ચિતરવામાં આવે, બન્ને સમાન અર્થહીન કસરતો છે. તેઓ તો આ બધાંની પહોંચથી ઘણે દૂર અને અલગ જઈ ચૂક્યા છે. પણ આપણી ક્ષુદ્રતાઓને કારણે આપણે એવું કરવામાંથી ચૂકતા નથી. કેમ કે પ્રત્યેક જૂઠા, નકલી અને ચાલાકને એવું લાગે છે કે ગાંધીના પડદાની પાછળ તમામ કૃત્યો-અકૃત્યો છુપાવી શકાય છે. પણ આવું કદી થયું નથી. કેમ કે ગાંધીનો પડદો પણ બેહદ પારદર્શી છે.

મારું વડાપ્રધાનને એટલું જ નિવેદન છે કે મહેરબાની કરીને આ કહેવાનું બંધ કરો કે સીએએ દ્વારા સરકાર ‘મહાત્મા ગાંધીનાં સ્વપ્નોને અને એમની ઇચ્છાઓને પૂરાં કરવાનું કામ કરી રહી છે.’ વડાપ્રધાન જે કહી રહ્યા છે એવું કંઈ છે નહિ. હું આ એટલા માટે નથી કહી રહ્યો કે હું ગાંધીજીનો પૌત્ર છું, પણ એટલા માટે કહી રહ્યો છું કે હું એમનો જીવનીકાર છું. જેવી રીતે યોજનાપૂર્વક સીએએના તમામ લાભોથી મુસલમાનોને વંચિત કરાઈ રહ્યા છે, તેને કારણે એમ કહેવામાં મને જરા પણ સંકોચ નથી થતો કે આ ગાંધીનાં સ્વપ્નોને પૂરાં કરવાનું નહિ, પણ એને ધૂળધાણી કરવાનું કામ છે.

નિઃસંદેહ ગાંધીજી ઇચ્છતા હતા કે પાકિસ્તાન પોતાની લઘુમતીઓનું રક્ષણ કરે. અને ભારત ત્યાં સતાવવામાં આવેલા લોકોને મદદ કરે, પણ તેઓ એવું પણ ઇચ્છતા હતા કે ભારત પણ પોતાની લઘુમતીઓનું રક્ષણ કરે. એટલું જ નહિ, વિભાજન જે ભયંકર વિનાશને સાથે લઈને આવ્યું હતું, તે પછી પણ ગાંધી આ સ્વપ્ન જોવાની હિંમત રાખતા હતા કે એક દિવસે પાકિસ્તાનથી ભાગીને આવેલા હિંદુઓ અને શીખ શરણાર્થીઓ પાકિસ્તાનમાં પોતાનાં ઘરોમાં પાછા જઈ શકશે. અને ભારતથી પાકિસ્તાન ભાગી ગયેલા મુસલમાનો ભારતનાં પોતાનાં ઘરોમાં પાછા જઈ શકશે.

જે મહિનામાં એમની હત્યા થઈ હતી, એ જ જાન્યુઆરીમાં પાકિસ્તાનના એક અજ્ઞાત મુસલમાન નેતાએ એમને એમ કહીને ચમત્કૃત કરી દીધા હતા કે તેઓ એક એવું દૃશ્ય જોવા ઇચ્છે છે કે પાકિસ્તાનથી શરણાર્થી બનીને ભારત ગયેલા હિંદુ-મુસલમાનોનો પચાસ માઇલ લાંબો કાફલો પાકિસ્તાન આવી રહ્યો છે અને ગાંધીજી એની આગેવાની કરી રહ્યા છે. આ વાત અમને એ વ્યક્તિએ કરી હતી જે એનો પ્રત્યક્ષદર્શી હતો. ૨૯ વરસ સુધી (૧૯૧૯થી ૧૯૪૮) ગાંધીજીના અંગત મંત્રી રહી ચૂકેલા પ્યારેલાલજીએ પોતાના અપૂર્વ ગ્રંથ ‘પૂર્ણાહુતિ’માં આ પ્રસંગ નોંધ્યો છે. દિલ્હીના તે વખતના વરિષ્ઠ નાગરિકોએ જ લિખિત સંકલ્પપત્ર આમરણ ઉપવાસ પર બેઠેલા ગાંધીજીને આપ્યો હતો અને જેણે ગાંધીજીને પોતાના અંતિમ ઉપવાસ તોડવાનો રસ્તો બતાવ્યો હતો, એ સંકલ્પપત્રમાં પણ લખવામાં આવ્યું છેઃ ‘અહીંથી પલાયન કરીને પાકિસ્તાન ચાલ્યા ગયેલા મુસલમાનો જો ત્યાંથી પાછા ભારત આવવા ઇચ્છે તો અમે એમાં કોઈ અડચણ ઊભી નહિ કરીએ અને તેઓ પહેલાંની જેમ જ અહીં પોતાના ધંધા રોજગાર પણ કરી શકશે.’

‘૧૯૪૭ના બધા શરણાર્થીઓ પોતપોતાનાં ઘરોમાં પાછા આવી શકશે.’ ગાંધીજીનું આ સ્વપ્ન કદાચ વાસ્તવિકતાથી ઘણું દૂર હતું, પણ એમ કહેવું કે ગાંધીજી ઇચ્છતા હતા પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનના લઘુમતી હિંદુઓ ભારત આવે. એટલે કે સીએએ અંતર્ગત એમ કરવું ગાંધીજીનાં સ્વપ્નોને પૂરાં કરવાનું કામ છે. ઇતિહાસની સાથે એક ક્રુર મજાક છે.

ઇતિહાસની સાથે આવી ક્રૂર મજાક એવા લોકોને અનુકૂળ આવી શકે છે, જેઓ માને છે કે ૧૯૪૭માં ભારત

કેવળ હિંદુઓ માટે અને પાકિસ્તાન કેવળ મુસલમાનો માટે બનાવવામાં આવ્યું હતું. એ સાચું છે કે ૧૯૪૭ની પંદરમી ઓગસ્ટે મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારો સાથે પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું હતું અને હિંદુ બહુમતીવાળા વિસ્તારો ભારતમાં જ રહ્યા હતા. એમ થયું તો પણ સ્વતંત્ર ભારતના નેતાઓએ, ભારતનાં લોકોએ, ભારતના સંવિધાને ભારતને એક રાષ્ટ્રનું સ્વરૂપ આપ્યું હતું, જે સૌને માટે હશે - જ્યાં એક નિરીશ્વરવાદી, એક બૌદ્ધ, એક ઈસાઈ, એક યહુદી, એક મુસલમાન, એક શીખ પણ એક હિંદુની જેમ જ અધિકારપૂર્વક અહીં રહી શકે છે, જીવી શકે છે. કોઈ એમ કહે કે ગાંધી માત્ર ગૈરમુસલમાનોને જ મદદ કરવાના પક્ષકાર હતા. એટલે કે તેઓ રાજ્યની સુવિધાઓથી મુસલમાનોને વંચિત રાખવા ઇચ્છતા હતા. તો એમને નવા ઇતિહાસના સંશોધક જ માનવા પડે.

સત્યથી દૂર જવું અને એને પ્રચારિત કરવાના આ દોરમાં પણ ઇતિહાસની આવી તોડ-મરોડ કામ નહિ આવે. ઇતિહાસને ઇતિહાસની જેમ જ જોવો વાજબી ગણાશે. લોકોની યાદદાસ્ત નબળી હોય છે, આ દોરમાં આપણે વ્હોટ્સએપથી અલગ કશું વાંચતા જ નથી. એટલા માટે ૧૯૪૭ની કત્લેઆમની યાદ કરાવીને પાકિસ્તાનીઓને એમ કહેવું કે મુસલમાનો જ આના વધુમાં વધુ ભોગ બન્યા હતા. એટલે કે ભારતને એવું બતાવવું કે હિંદુઓ અને શીખોને જ આ બધું સહન કરવું પડ્યું છે, આ કામ સરળ છે. પણ ઇતિહાસનો કોઈપણ ગંભીર અભ્યાસી જાણે છે કે ૧૯૪૭ની અભાગી કત્લેઆમમાં અને પછીથી થયેલી ભાગદોડમાં તમામે તમામ સમાનરૂપે પરેશાન થયા હતા- હિંદુઓ પણ અને મુસલમાનો પણ. ભાગ્યે જ કોઈ બાંગ્લાદેશીને કે પાકિસ્તાનીને આજે આની જાણકારી હશે કે ૧૯૪૭ સુધી કરાંચી, લાહોર, રાવલપિંડી, મુલતાન અને ઢાકામાં હિંદુઓ અને શીખોની ઘણી મોટી વસતી રહેતી હતી, અને એકલદોકલ ભારતીય જ આ જાણતા હશે કે ૧૯૪૭ સુધી અમૃતસર, જલંધર અને લુધિયાણામાં મુસલમાનોની વસતી અડધોઅડધ કે એનાથી પણ વધુ હતી.

આપણને મોટા ભાગના ભારતીયોને એ ખબર છે કે ૧૯૪૬ની પાનખર ઋતુમાં નૌઆખલીમાં, જે હવે બાંગ્લાદેશમાં છે, હિંદુઓ પર ભયંકર અત્યાચારો થયા હતા. પણ ભાગ્યે જ કોઈને ખબર હશે કે નૌઆખલીની ભયંકર કત્લેઆમ પછી, અઠવાડિયાની અંદરઅંદર જ, બિહારમાં મુસલમાનોની એનાથી વધુ કત્લેઆમ થઈ હતી!! આ વાત તો ભારતમાં બધા જ જાણે છે કે ગાંધીજી હિંદુઓમાં હિંમત લાવવા માટે અને મુસલમાનોમાં પ્રાયશ્ચિત ભાવ જગાડવા માટે નૌઆખલીનાં ગામડે ગામડે ઉઘાડા પગે ફરતા હતા. પણ આ કેટલાને ખબર છે કે બિહારના રાજકીય નેતાઓની સાથે રૂબરૂ મુલાકાત થઈ ત્યારે ગાંધીજીએ એમને શું કહ્યું હતું અને કઈ રીતે કહ્યું હતું. બિહારનાં કોમી હુલ્લડો વખતે થાક્યા વિના ફરતાં ફરતાં ગાંધીજીએ માર્ચ ૧૯૪૭માં બિહારના સર્વમાન્ય નેતાઓને જાહેરમાં પૂછ્યું હતું : 'તમે મને કહો કે આ સાચું છે કે નહિ કે અહીં જે કંઈ થયું છે તેમાં અહીંના કોંગ્રેસીઓની પૂરેપૂરી ખુલ્લી ભાગીદારી હતી? તમે મને કહો કે તમારી જે કમિટિ છે, ૧૩૨ લોકોની તેમાંથી કેટલા લોકો આમાં સામેલ હતા? હું તમને પૂછવા માગું છું કે તમારી આંખોની સામે જ ૧૧૦ વરસનાં એક માજીની હત્યા થઈ અને તમે એ જોયા પછી પણ જીવો છો, તો કઈ રીતે? ... ન હું શાંત બેસીશ, ન હું તમને બેસવા દઈશ. હું પગે ચાલીને બધી જગ્યાએ ફરીશ અને દરેક હાડપિંજરને પૂછીશ - તમારી સાથે શું થયું હતું ? ... મારી અંદર એવી જ્વાળા ભભૂકી રહી છે જે મને ત્યાં સુધી શાંતિથી બેસવા નહિ દે, જ્યાં સુધી હું આ ગાંડપણનો કોઈ ઇલાજ ન શોધી લઉં. જો મને ખબર પડશે કે મારા સાથીદારો મને દગો દઈ રહ્યા છે, તો હું ઉકળી ઊઠીશ... આંધી તોફાન ગમે તે હશે, હું ખુલ્લા પગે ચાલ્યા જ કરીશ... ચાલ્યા જ કરીશ.....

પ્રિય નરેન્દ્રભાઈ, પોતાની લઘુમતીઓ પ્રત્યે કોઈ સરકારનો શું ધર્મ છે તેનો થોડો અણસાર તમને આમાંથી મળશે.

('ગાંધીમાર્ગ' માંથી)

## સુગાતા મિત્રા અને શિક્ષણ વ્યવસ્થામાં તેમણે પાડેલું રચનાત્મક કાણું!

**કોડિયું ટીમ**
kodiyusanosara@gmail.com

---

કેળવણીના ઘણા બધા કોયડાઓ છે, એમાં વિદ્યાર્થીઓને શીખવાની સ્વતંત્રતા આપવી એ કદાચ સૌથી મોટો કોયડો છે. શિક્ષકને પોતાને જ એટલું બધું બોલવું હોય છે કે ધીમે ધીમે વિદ્યાર્થીઓના અવાજ રૂંધાય છે અને એ હદે ‘ ચૂપ’ થઈ જતા હોય છે કે આગળ જતાં મોટા ભાગના માત્ર ‘ફોલોઅર્સ’ બનીને રહી જાય છે, મૌલિક ચિંતકો અને સંશોધકો બનતા નથી! જે શિક્ષક એમ માને છે કે શિક્ષણની પ્રક્રિયામાં હું કેન્દ્રમાં છું અને હું ‘શીખવાડીશ’ તો જ વિદ્યાર્થીને આવડશે એ ઉત્ક્રાંતિવાદનો છેદ ઉડાડીને પોતાની ભવ્યાતિભવ્ય મૂર્ખતા સાબિત કરે છે! શોપિંગ-મોલમાં કે ઓનલાઇન શોપિંગમાં ગ્રાહક પોતાને શું, કેવું, કેટલું અને કેવી રીતે ખરીદવું છે એની સ્વતંત્રતા ભોગવે છે. આવું જ રેસ્ટોરાંમાં છે અને નેટ-ફ્લિક્સ કે હોટ-સ્ટારમાં વ્યક્તિએ શું જોવું એ પોતે નક્કી કરે છે. પણ શાળા-કોલેજોમાં આપણે સામૂહિક ભ્રમ ઊભો કર્યો છે કે વિદ્યાર્થીઓએ શું, કેટલું અને કેવી રીતે શીખવું જોઈએ, એની સમજણ એને ન હોય એટલે એ બધું આપણે નક્કી કરવું જોઈએ. વૈજ્ઞાનિક રીતે આ ભ્રમ તોડવાનું કામ SOUL કરે છે. SOUL એટલે સેલ્ફ ઓર્ગનાઇઝ્ડ લર્નિંગ એન્વાયરમેન્ટ!

જેમ ખેડૂત બીજને યોગ્ય ઊંડાઈએ વાવીને એને પોતાની રીતે ઊગવાની-કોળવાની-ખીલવાની મોકળાશ આપે, એમ જ આપણે વિદ્યાર્થીઓને જાતે શીખી શકે એવી મોકળાશ આપવી જોઈએ.

જેમણે આ સફળ પ્રયોગ આપ્યો છે એમનું નામ છે સુગાતા મિત્રા. આ પ્રયોગની શરૂઆત જ ગજબની છે. મિત્રા સાહેબે એક દીવાલમાં એ કાણું પાડ્યું. દીવાલની બીજી બાજુએ ઝૂંપડપટ્ટી. દીવાલમાં પાડેલા ખાનામાં બાળકો ઓપરેટ કરી શકે એટલી ઊંચાઈએ એક કમ્પ્યુટર મૂક્યું જેનો સ્ક્રીન, માઉસ વગેરે ઝૂંપડપટ્ટી બાજુ રાખ્યાં. આ પ્રયોગની મુખ્ય પૂર્વધારણા એવી હતી કે ‘જો બાળકોને શીખવાની પ્રક્રિયામાં રસ પડે તો કેળવણી આપોઆપ થાય છે.’ આ કમ્પ્યુટર ઉપર એક છાપરું બનાવ્યું જ્યાં સીસીટીવી કેમેરો ગોઠવવામાં આવ્યો. પરિણામ શું આવ્યું? ધ્યાનથી સાંભળજો. આ પ્રયોગનું પરિણામ એ આવ્યું કે ઝૂંપડપટ્ટીનાં એવાં બાળકો કે જેમણે આ પહેલાં કોઈ દિવસ કમ્પ્યુટરનો સ્પર્શ જ કર્યો નહોતો અને જે ક્યારેય શાળાએ ગયાં નહોતાં, એવાં ૧૦-૧૨ વર્ષનાં બાળકો માત્ર ૮ કલાકમાં ઇન્ટરનેટ બ્રાઉઝ કરવા લાગ્યાં અને એકબીજાને બ્રાઉઝ કેવી રીતે કરવું એ શીખવવા લાગ્યાં! આ પ્રયોગને તેમણે દિલ્લીથી ૩૦૦ માઇલ દૂર અંતરિયાળ ગામડાંઓમાં કર્યો અને બધી જ જગ્યાએ બાળકો જાતે શીખ્યાં. આ વાતને સંશોધન પત્રો દ્વારા મિત્રા સાહેબે દુનિયા સામે મૂકીને કહ્યું, ‘જો બાળકોને ૯ મહિના સુધી કમ્પ્યુટર સાથે એકલાં મૂકી દેવામાં આવે તો એ લોકો પાશ્ચાત્ય જગતમાં એક સેક્રેટરીને જેટલી બાબતો આવડે છે એટલી જાતે શીખી જાય છે!’

આમાં શિક્ષકની ભૂમિકા કેટલી? પાઠ્યપુસ્તક? પરીક્ષા? આપણે આ બધા વગરના શિક્ષણની કલ્પના કરી શકીએ? સુગાતા મિત્રાએ પાયાનું સમીકરણ બદલી નાખ્યું છે. આ પ્રયોગ પર એમણે એક સ્વતંત્ર પુસ્તક લખ્યું છે જેનું નામ છે -The Hole in the Wall  આપણી શિક્ષણ વ્યવસ્થામાં આવા ‘હોલ’ પાડવાવાળા શિક્ષકોની ખૂબ જરૂર છે!

આ પ્રયોગથી સુગાતા મિત્રા અટક્યા નથી. તેમણે આનો વિસ્તાર કર્યો અને જેમને અંગ્રેજી બિલકુલ આવડતું

નથી અને માત્ર તમિલ ભાષા જ બોલી શકે છે એવાં ગામડાંનાં બાળકો સાથે એક અદભૂત પ્રયોગ કર્યો. આ પ્રયોગમાં પણ કમ્પ્યુટરનો ઉપયોગ કર્યો, પણ જરા જુદી રીતે. આમાં એમણે આંધ્રપ્રદેશના કાલીકુપ્પમ નામના એક ગામમાં ઝાડ સાથે કમ્પ્યુટર બાંધ્યું, જેમાં જીવવિજ્ઞાન શીખવાનો સોફ્ટવેર નાખ્યો. પણ આ સોફ્ટવેરનો ઉપયોગ માત્ર બોલીને જ કરી શકાય. આ કમ્પ્યુટરમાં કોઈ કી-બોર્ડ હતું જ નથી. આનો અર્થ એ થયો કે આ સોફ્ટવેરનો ઉપયોગ કરીને જીવ-વિજ્ઞાન શીખવા માટે બાળકોએ અંગ્રેજીમાં બોલીને સોફ્ટવેર પાસેથી કામ લેવાનું. તરત જ ગામનાં બાળકો ભેગાં થઈ ગયાં અને પૂછ્યું કે 'આ શું છે?' મિત્રા સાહેબે કહ્યું, 'આ બહુ મહત્ત્વનું છે, પણ એ શું છે એની મને કંઈ ખબર નથી. તમે જુઓ, આ બધું શું છે એ કેમ કામ કરે છે. હું તો જાઉં છું.' બે મહિના પછી એ આ બાળકોને મળવા જાય છે અને પૂછે છે, 'તમે શું જાણ્યું?' બાળકોએ કહ્યું, 'અમને કંઈ ખબર ન પડી.' મિત્રા સાહેબને નવાઈ લાગી કે બે મહિના સુધી તમે કોઈ કામ કરતાં હો અને તમને એમાં કશી જ ખબર ન પડે એવું બને? એમણે બાળકોને વળી પૂછ્યું, 'શું તમે રોજ આ કમ્પ્યુટરનો ઉપયોગ કરતાં હતાં?' બાળકોએ કહ્યું, 'હા'. એવામાં એક છોકરી બોલી, 'અમને બીજી તો કંઈ ખાસ ખબર પડી નહીં, પણ ખાલી એટલું સમજાણું કે ડીએનએના મોલેક્યુલમાં આડેધડ વૃદ્ધિ થાય એટલે કોઈ બીમારી લાગુ પડે!!' આ પ્રયોગના આંકડા પ્રમાણે બાળકોમાં જીવવિજ્ઞાનની સમજણ આ પ્રયોગ પહેલાં જે ૦% હતી તે પ્રયોગ પછી માત્ર બે મહિનામાં વધીને ૩૦% થઈ! આ વાત અશક્ય લાગે એટલી ક્રાંતિકારી છે.

આમ છતાં ૩૦% માર્ક્સ સાથે કોઈ પાસ ના ગણાય! આ બાળકોને આ પદ્ધતિએ ભણાવીને પાસ કેવી રીતે કરવાં એ મથામણ શરૂ થઈ. મિત્રા સાહેબે એક વિશેષ યોજના પણ ઘડી. એ જ ગામની એક ૨૨ વર્ષની ભણેલી છોકરીને આ બાળકો સાથે રહેવાનું કહ્યું. પણ તેને એક સૂચના આપી, 'આ બાળકોને ભણાવવાના નથી, એ લોકો કમ્પ્યુટર પર જે કરે તેને માત્ર પ્રોત્સાહિત કરવાનાં છે. એમને માત્ર એટલું જ કહેવાનું કે 'અરે વાહ! હું તમારા જેવડી હતી ત્યારે મને આવું કંઈ આવડતું નહોતું. તમે આ કેવી રીતે કર્યું!' એ છોકરીએ બે મહીના સુધી આ કર્યું અને બાળકોનો સ્કોર ૩૦%માંથી ૫૦%એ પહોંચ્યો.

આ સમગ્ર પ્રયોગમાં પ્રોત્સાહનની જે ભૂમિકા છે એ અદભૂત છે! બાળકો જાતે શીખે એ વિચારનું અમલીકરણ તેની ચરમસીમાએ છે! માનસશાસ્ત્ર (ન્યુરોલોજી) આપણને જણાવે છે કે 'ભય' મગજના શીખવાના અવયવોને શિથિલ અથવા તો બંધ કરી દે છે. આપણી પરીક્ષાઓ, શાળામાં અપાતી સજાઓ અને હોમવર્કના પ્રકારો બાળકોનાં મગજને તાળાં મારવાનાં સફળ હથિયારો છે! શિક્ષક એક બાળક પર ગુસ્સે થાય અથવા હાથ ઉગામે એટલે આખાય ક્લાસનાં બાળકોનાં મગજ એ વર્ગ પૂરતાં તો બંધ થઈ જ જાય છે. એ બાળકો માત્રને માત્ર પોતાની સાથે એવું ન બને એવું વર્તન એક રોબોટની જેમ કરવા લાગે છે. સાહેબ/મેડમને રાહત થાય છે કે હવે મારો ક્લાસરૂમ 'કંટ્રોલ' બરાબર કહેવાય!

સુગાતા મિત્રાના આવા પ્રયોગો આખી દુનિયામાં થયા અને એક સુંદર સિદ્ધાંત સામે આવ્યો –It is not making the learning happen but letting it happen! એટલે કે બાળકોને ભણાવવાનાં નથી, એ જાતે ભણતાં થાય એવું ગોઠવવાનું છે!

આ બધા પ્રયોગો બાદ કેળવણીકાર સુગાતા મિત્રાએ એક સુંદર યોજના આપી છે જે આપણે પણ આપણી શાળા-કોલેજોમાં અમલીકૃત કરી શકીએ. આ યોજના એટલે SOUL જેમાં ત્રણ બાબતો જોઈએઃ (૧) બ્રોડબેન્ડવાળું ઇન્ટરનેટ, (૨) કોલાબોરેશન – સહકાર અને (૩) પ્રોત્સાહન! SOUL કલાસરૂમમાં એક કમ્પ્યુટર પર ચાર-પાંચ વિદ્યાથીઓ બેસે. સુવિધા હોય તો પણ એક કમ્પ્યુટર પર એક બાળક ન બેસારવું કારણ કે બાળકો સમૂહમાં વધુ સારી રીતે શીખે છે. એ રૂમમાં એક મોટી સ્ક્રીન પણ પ્રોત્સાહિત કરનાર કોઈ વ્યક્તિ લાઇવ જોડાયેલ હોય. શિક્ષકે

બાળકોને જે તે વિષયનો એક બૃહદ્ પ્રશ્ન આપવાનો અને વિદ્યાર્થીઓએ ઇન્ટરનેટના માધ્યમથી એનો જવાબ શોધવાનો. આ બૃહદ્ પ્રશ્ન એવો હોવો જોઈએ કે જેમાં અનેક વિષયોનું જોડાણ થતું હોય, એનો જવાબ માત્ર માહિતીમાં ન આવતો હોય અને બાળકોએ એમાં ચર્ચા કરવી પડે. આવા પ્રશ્નો 'શા માટે' અને 'કેવી રીતે' વાળા હોવા જોઈએ. ઉદાહરણ તરીકે,

૧. નદી પર ડેમ શા માટે ન બાંધવો જોઈએ?

૨. ઇન્ટનેટ કેવી રીતે કામ કરતું હોય છે?

માની લો કે એક કલાકનો વર્ગ હોય તો શિક્ષકે સૌ પ્રથમ વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચવાના. દરેક SOUL વર્ગમાં જૂથ બદલવાનાં. વિદ્યાર્થીઓને આખા વર્ગમાં અન્ય જૂથ શું કરી રહ્યાં છે એ જોવાની છૂટ આપવાની. દરેક જૂથને અલગ પ્રશ્ન આપવાનો. આટલું કામ ૫-૭ મિનિટમાં કરવાનું. ત્યાર બાદ વિદ્યાર્થીઓ ૩૦ મિનિટ સુધી પોતાના જૂથને આપવામાં આવેલ પ્રશ્નનો જવાબ શોધે અને નોંધ તૈયાર કરે. છેલ્લે ૨૦-૨૫ મિનિટ દરેક જૂથ પોતાને જે જવાબો મળ્યા હોય તેનું પ્રેઝન્ટેશન કરે. આમાં શિક્ષકની ભૂમિકા માત્ર જે તે વિષય અને મુદ્દાને લગતા પ્રશ્નો આપવાના, જૂથ બનાવવાના અને પ્રેઝન્ટેશન સંભાળવા પૂરતી હોય છે અને સમગ્ર પ્રક્રિયામાં વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહિત કરવાના. ક્યાંય એમને શોર્ટ-કટ અથવા તૈયાર જવાબો આપવાના નથી. જ્યાં શિક્ષક ન હોય ત્યાં ઓનલાઇન શિક્ષક/મેન્ટર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે.

આ પ્રક્રિયામાં સૌથી મોટો અને શિક્ષણ માટે અનિવાર્ય પ્રશ્ન ભાષાનો આવે. કારણ કે ઇન્ટરનેટ પર માહિતી અંગ્રેજીમાં હોય છે. પણ એ તો ખૂબ સારું કેમ કે આ પદ્ધતિએ ભણતા વિદ્યાર્થીઓને ગણિત, પર્યાવરણ, વિજ્ઞાન કે અન્ય વિષય શીખતી વખતે અંગ્રેજી આપોઆપ આવડી જાય. પણ, આ SOUL પદ્ધતિમાં વિદ્યાર્થીઓમાં પ્રત્યાયન કૌશલ્ય, અનુવાદ કૌશલ્ય, ઇન્ટરનેટ પર કામની માહિતી કેમ શોધાય તેની આવડત, ચર્ચા અને પ્રેઝન્ટેશન કૌશલ્યની સહજ કેળવણી થાય છે. આ ઉપરાંત પોતે જે વિષય ભણે છે તેને અન્ય વિષય સાથે જોડતાં સરસ આવડે અને સાચા અર્થમાં મલ્ટીડીસીપ્લીનરી અભિગમ કેળવાય છે!

આમ, જ્યાં વિદ્યાર્થીઓને શીખવાની પ્રક્રિયામાં પોતે કેન્દ્રમાં રહીને પોતાને અનૂકૂળ હોય એ ગતિએ અને મિત્રો સાથે કામ કરવા લાગે ત્યારે તેમની આનંદની પરાકાષ્ઠા આવે છે એને એની કેળવણી સહજ બને છે. સુગાતા મિત્રાનો આ SOUL ખરેખર કેળવણીનો SOUL છે. અને હા, આ વાત જ્યારે એમણે ૨૦૧૩ની TED કોન્ફરન્સમાં કરી ત્યારે તેમને ઉત્તમ TED વ્યાખ્યાનનું દસ લાખ ડોલરનું ઈનામ મળ્યું! આપણે અઠવાડિયામાં એક વિષય માટે ઓછામાં ઓછી એક કલાક આ પ્રયોગ માટે ન આપી શકીએ?

વધુ વિગત માટે એમનું પુસ્તક અને www.startsole.org જુઓ!




Nobel Prize Medal

Picture Courtsey : Hinghamschools.com

## 'પ્લાસ્ટિક' મુદ્દે વપરાશ-નિકાલમાં વિવેક ચૂકાશે તો ...?

**હીરજી ભીંગરાડિયા**

krushidampati@gmail.com

---

જેવો માગો તેવો ઘાટ અને ઇચ્છો તેવો રંગ, કાગળથી પણ હળવું અને કાષ્ટથીયે કઠોર. અરે! કહોને લોઢાની ગજવેલ જેટલું કઠ્ઠણ અને કાચનેય કોરાણે રાખે એવું કામણગારું! અને કીમિયાગીરીમાં? કીમિયાગીરીમાં વાંકેવહમે વીજકોષમાં વ્હાર કરે એવું, પાછું અવાહક! 'પ્લાસ્ટિક'નો જેવો કહીએ એવો સુવર્ણકાળ ચાલી રહ્યો છે.

ધાવણા બાળકની બોટલથી શરૂ કરી રમકડાં, પારણિયું, મચ્છરદાની, સ્લેટ, પેન, પૂંઠાં, થેલા, બૂટ, કાંચકા, બંગડી, બૂટી, બટવો, પાકીટ, ઝાકીટ, ચશ્મા, ઘડિયાળ, પટ્ટા અને ચમચીથી શરૂ કરી ગળણી, ઝારા, તાવેથા, વાટકી, થાળી, ડીશ, ટમલર, બાલદી, ટબ અને ખુરશી, ટેબલ, ટીપોય, સોફાસેટ, પલંગ કે લાઇટનું વાયરિંગ-ફીટિંગ અને માત્ર બારી-બારણાં જ નહીં, આખેઆખું નટ-બોલ્ટથી ફીટ કરી ઘડીકમાં ઊભું કરી શકાય તેવાં રસોડાં, સંડાસ અને બાથરૂમ, પાણીસંગ્રહના ટાંકા શું, ગોબરગેસ પ્લાન્ટની ટાંકીઓ સહીતની સંપૂર્ણ સગવડવાળું 'પ્લાસ્ટિક આવાસ' ઘડીકમાં ઊભું કરી શકાય છે.

ટુ વ્હીલરથી માંડી રીક્ષા, જીપ, કાર, ટ્રક કે બસ સુધીના વાહનોમાં કાચ, લાઇટ, પંખા, સીટ, બૉનેટ કે હૂડ-છાપરા જ નહીં, પણ કેટલાંકનાં તો દાંતીવાળા ગિયર ચક્રો અને લેગગાર્ડ બનાવવામાં પણ પ્લાસ્ટિકે પોણીવીસ કહેવરાવ્યું નથી.

ખેતીવાડીની વાત કરીએ તો તેમાં પણ કેટકેટલી ચીજવસ્તુઓની વપરાશ અને હેરફેરમાં લાભદાઈ બની રહ્યું છે. જુઓને, પાણી વહેવરાવવાની પાઇપો તો એવી લીસી સપાટીવાળી બને કે ન પૂછો વાત! પંપને ઘર્ષણ-દાબમાં મોટી રાહત અને મજબુતાઈમાં પણ જરાય મોળી નહીં! સિમેંટની પાઇપનો સાંધો કરવો એટલે માથાનો દુઃખાવો! એને ઠરીને ઠામ થતાં વેળા વહી જાય, જ્યારે આનો તો સાંધોયે થાય સોલ્યુશનથી. ચપટી વગાડતાં જ ચોંટડૂક! દાતરડીના હાથાથી માંડી માટી ફેરવવાના તગારા, પાવડા, ખાતર ભરવાનાં કોથળા-થેલી, દવા ભરવાનાં ટીન, પાણી ખેંચવાના ફૂટવાલ્વ, સક્શન અને ડીલિવરી પાઇપો, ઊંડા દારમાં મોટર ટીંગાડી પાણી બહાર કાઢવાની કોયલ, કેબલ-વાયરના કવર, ટપક તથા સ્પિંકલર સેટના ફિલ્ટરથી માંડી ઝીણા-મોટા બધાં જ સાંધા-જોડાણ અને તમામ દાગીના, અરે ! કોદાળી, પાવડા અને ત્રિકમ જેવાં સાધનોના હાથા બનાવી આપવાનું પણ પ્લાસ્ટિકે છોડ્યું નથી.

જમીનમાં ઉતારી પાણી સંગ્રહી શકાય અને આભે ટીંગાડી ગ્રીન હાઉસ ઊભું કરી શકાય! અરે, જમીન પર પાથરી (મલ્ચિંગ કરી) ભેજને ઊડતો અટકાવી શકાય કે ખળાખળવટને ઢાંકણ કરી વરસાદથી પલળતાં બચાવી શકવાની જાડી, પાતળી, પારદર્શક કે અપારદર્શક અનેકવિધ ફિલ્મ. એના પતરાં, નર્સરી બેગ, બેડશીટ કે મધપેટી અને મધમાખીને પોતાનાં શક્તિ-સમય ન ખર્ચવાં પડે તે અર્થે તૈયાર કરેલાં અંદરનાં પૂડાં સુધ્ધાં પ્લાસ્ટિક આપી શકે છે, કહો!

શાકભાજી, ફળફળાદિ, દૂધ અને માલની હેરફેર માટેનાં મોટા મોટા કન્ટેનરો બનાવવા સુધીમાં પ્લાસ્ટિક ઊણું ઉતર્યું નથી. કહોને, લાકડું, લોખંડ, કાચ અને સિમેંટ-ચારેયનાં પાણી પ્લાસ્ટિકે ઉતારી દીધાં છે.

**સિક્કાની બીજી બાજુ :**

દુઃખ એ વાતનું છે કે પ્લાસ્ટિકના સાનિધ્ય વિનાનું

કોઈપણ ક્ષેત્ર બાકી નથી. ચોવીસ કલાકમાં પચ્ચીસ વાર એક યા બીજા રૂપમાં પ્લાસ્ટિકને ભેરુ બનાવ્યા વિના રહી શકતા નથી. એવા પ્લાસ્ટિકને ખરું કહીએ તો અંદરથી આપણે હજુ ઓળખતા જ થયા નથી. આટલું બધું ઉપયોગી દેખાતું પ્લાસ્ટિક જો તેના ઉપયોગ અને નિકાલની બાબતે મર્યાદા ચૂકાય તો જીવતા જીવની જિંદગી જોખમમાં મૂકીને બેસી નથી રહેતું પણ તેનાં પ્રાણ લીધે જ પાર કરે છે. વાપરતાં આવડે તો 'ઉત્તમ' નહીં તો કહેવાય તેવી 'નડતર' છે.

**પ્લાસ્ટિકનું રૌદ્ર સ્વરૂપ :**

તેનાં ગુણગાન ભલે બે મોઢે ગાઈએ પણ એનો બરાબરનો પરિચય નહીં પામીએ તો એનેય ખબર નહીં રહે કે નહીં રહે આપણને — અને નુકશાનીની ઊંડી ગર્તામાં એવા ધકેલાઈ જઈશું કે તેમાંથી બહાર નીકળવા કોઈને સાદ પાડવાનીયે સોં નહીં રહે!

અજાણ્યું અને આંધળું- બેય બરાબર! એ કોણ છે એની ખરી ખબર ન હોય ત્યાં સુધી કેમ ખબર પડે કે તેને કેવું કામ સોંપાય ને કેવું ન સોંપાય? જેમ લોખંડનો કઠ્ઠણતાનો એક વિશેષ ગુણ છે તેમ તેની બીજાને કઠવાની કે ધ્યાન ન રહેતો કાટ લાગી જવાની મર્યાદા પણ છે જ. લાકડામાં જેમ તરવાની શક્તિ છે તેમ સળી જવાની કે સળગી જવાની પૂરી ભીતિ પણ સાથોસાથ રહેલી જ છે. તેવું જ પ્લાસ્ટિકમાં પણ છે જ!.

આપણને બરાબરની ખબર છે, લોખંડ સાથે માથું ન ભટકાડાય. ભટકાડીએ તો વાગે અને લોહી નીકળે! વીજળીનું કામ બહુ બળુકું, પણ તે કામ હાથના સીધા સ્પર્શથી નહીં, તેની સ્વીચ દ્વારા જ લેવાય. સિમેંટનો લસલસતો માલ બનાવી દીવાલે પ્લાસ્ટર કરાય, તેમાંથી બે-ચાર લોંદા આઇસ્ક્રીમની જેમ આરોગી ન જવાય ખરું ને? આવાં કામો અજાણતાં પણ આપણે કરતાં નથી.

**લાલ લીટે લખી લઈએ :**

કે પ્લાસ્ટિક એ કુદરતી વસ્તુ નથી. ધરતી પર સજીવ સ્વરૂપે જન્મેલાં કે વિકસેલાં વનસ્પતિ કે બીજા કોઈ જીવ કે જીવનાં અંગ—ઉપાંગમાંથી બનતો પદાર્થ નથી. પોલિએસ્ટર કે નાયલૉન જેવા કૃત્રિમ રેસાંઓના ઉપયોગ થકી તૈયાર થતાં આ પદાર્થની વિશેષતા કહો કે નબળાઈ ગણો તે એ છે કે આ પ્લાસ્ટિક વપરાશ થયા પછી કચરા સ્વરૂપે જમીનમાં ભળી જઈ, કોઈ જીવનો તે ખોરાક બની શકતું નથી. તેથી તે કદી નાશ પામતું નથી.

**હાથમાં પ્લાસ્ટિકની થેલી-જાણે ફેશન બની ગઈ! :**

ખાસ તો પ્લાસ્ટિકનો અભાવો લાવવાનું કામ કર્યું છે-તેમાંથી બનતાં પાતળાં કાગળો થકી બનતાં માવા-ગુટકાના ચોખંડા ટુકડા અને અનેક ચીજો ભરી શકાય તેવા નાનાં-મોટાં થેલી-ઝબલાંઓએ. બજારોમાં જ્યાં અને ત્યાં ઉપયોગ પૂરો થઈ ગયો? ફેંકી દો, ગમે ત્યાં! માવા, ગુટકા, શાકભાજી, ખાંડ, કરિયાણાની ચીજ વસ્તુઓ ભરવા આજે પ્લાસ્ટિકનાં થેલી-ઝબલાં જ વપરાય છે. કાપડના બે પીસ લીધા હોય, ગોળનો ગાંગડો લીધો હોય, લોખંડના નટ-બોલ્ટ લીધા હોય કે પાશેર પાણી લીધું હોય, પેકિંગ બધું પ્લાસ્ટિકમાં જ! હાથમાં પ્લાસ્ટિકની થેલી હોવી - એ જાણે ફેશન બની ગઈ છે!

**હકીકત આમ બને છે :**

એમાંયે હવે તો મરચાં, મસાલા તો શું- અથાણાં, મેવા, મિઠાઈ, ફરસાણ, શાકભાજી, ફળફળાદિ; અરે! તેલ, ઘી, શીખંડ, તૈયાર શાક-ચટણી, રસ બધું પ્લાસ્ટિકમાં જ! ચીજ-વસ્તુઓ થેલીમાંથી કાઢી લીધા પછી, અંદરની સપાટીએ તો તો તે ચોટેલું રહેવાનું જ! અને ક્યારેક એવી થેલીમાં શાકભાજીના છાલા, છોતરાં કે જમ્યાં પછીનો એંઠવાડ ભર્યા પછી ગમે ત્યાં ફેંકાયા પછી રખડતાં માલ-ઢોરની નજરે ચડવાનાં. ભૂખ તો બહુ ભુંડી છે ભાઈ! એ બધાં અંદરનું ખાવાના લોભે આખેઆખા કોથળી-ઝબલાં કેટલીય ગાયો, ભેંશો અને બકરાં (કૂતરાં કે ભુંડડાં ક્યારેય નહીં હો!) જેવા પાલતું પ્રાણીઓ ખાઈ જતાં હોય છે.

ભગવાન બહુ દયાળુ છે. ગાય-ભેંશ જેવાં ઢોરના પેટમાં કુદરતે એવી કરામત કરેલી હોય છે કે તેના પેટમાં કુલ ચાર વિભાગ પાડ્યા છે. જેમાં ત્રીજો વિભાગ છે ફીલ્ટરેશન માટેનો. એમાં એવી ગળણી ગોઠવેલી હોય છે એટલે ખીલી, કાંકરા, ચામડાં કે પ્લાસ્ટિકના અવશેષો તેના

પેટના ચોથા વિભાગમાં પ્રવેશી નુકશાન ન કરી શકે. એટલે આવું બધું પશુના ત્રીજા પેટમાં જમા થતું રહે છે.

ગાયના પેટમાંથી ૪૦-૫૦ કિલો જેટલો પ્લાસ્ટિકનો જથ્થો નીકળે તે વાત કંઈ માન્યામાં આવે ખરી? હા, માનવું પડે એવું છે. એકવાર ફૂલછાબના અગ્રલેખમાં વાંચેલું કે "ભૂજમાં સુપાર્શ્વ જૈન સેવા મંડળના કાર્યકરોએ ગાયના પેટનું ઑપરેશન કરી ૫૨ કિલો પ્લાસ્ટિક બહાર કાઢેલું." આજે ચારાની વધતી જતી મોંઘાઈના હિસાબે કેટલાય માલ-ઢોર શહેરોમાં કે ગામડાંઓમાં રખડી-ભીખી પેટ ભરતાં હોય છે. તે બધાં આવા પ્લાસ્ટિક કાગળો હોંશે હોંશે ખાઈ જતાં હોય છે.

**હજુ વધારે નુકશાન :**

આવા ઢોરાંની નજરે ન ચડેલો કચરો શહેરી કચરા-પુંજાના ખાતર સાથે ખેડૂતોના ખેતરોમાં જાય છે. પ્લાસ્ટિક તો ત્યાંયે સડતું નથી. ઉલ્ટાનું જ્યાં હોય ત્યાં છોડ-મૂળને હવા લેવામાં કે મૂળને મળતું પાણી રોકવાની આડશ બની રહે છે. અને તેના હિસાબે જમીનજન્ય ઝીણા જીવો મૂંઝારો અનુભવે છે. તેને કોઈ જીવાત—ઉધઈ સુધ્ધાં 'અખાદ્ય' ગણી ખાતી નથી. સળગાવીએ તો તેનો ધૂમાડો પણ હોય ડાયોક્સીન વાયુ વાળો! એટલો ખરાબ હોય કે હવાને પ્રદૂષિત કર્યા વિના છોડતો નથી!

અરે! ખેતરોમાંથી-વરસાદ દ્વારા, નદીઓ દ્વારા દરિયામાં જાય તો ત્યાં પણ કેટલાય જળના જીવો હોમાઈને મરણને શરણ થતાં હોય છે.

એટલે આપણને વિવેકથી વાપરતા તો ન આવડે પણ તેનો નિકાલ કરતાં- કહોને ફેંકતાંયે નથી આવડતું! જ્યાં-ત્યાં આવો કચરો ન નાખીએ કે ક્યારેક આવી થેલીમાં શાકભાજીના છોતરાં, છાલાં, કે તેલ-મલાઈ-છાશ, દૂધ, શીખંડ, ઘી કે ફરસાણ, મેવા-મીઠાઈની એંઠ ભરેલી થેલીઓ રખડતી ન કરીએ. અરે! શાકભાજી કે ખાદ્યચીજો ખરીદવા કાપડની થેલી સાથે લઈ જવી તેમાં શરમ શાની ભાઈ ? ફૂલછાબની બૂધપૂર્તિ ના લેખક શ્રી નરેન્દ્ર ભરાડ કહે છે તેમ "છાશ લેવા જવું અને દોણી સંતાડવી?" અરે, શાક લેવા જવું ને થેલી સંતાડવી? આ તે કોઈ રીત છે ભલા!

આવી થેલીઓ, ઝબલાં, કાગળના ટુકડા ક્યારેય રખડતાં ન મેલીએ. સરકાર તો કાયદા કરી જાણે! પળાવી થોડા જાણે? પાળવાના તો આપણે પ્રજાજનોએ જ હોયને! "પ્લાસ્ટિક" એ તો શક્તિ છે ભાઈ! ઉપયોગ કરી જાણીએ તો 'હિતકારી' અને નહીં તો 'વિનાશકારી'! બન્ને બનતાં એને આવડે છે. કેવું બનાવવું તેનો નિર્ણય આપણે જ કરીએ!

---------------------------

પંચવટીબાગ, માલપરા. જિ.ભાવનગર
મો. ૯૩૨૭૫ ૭૨૨૯૭





Nobel Prize in Economics 2020
Paul R. Milgrom and Robert B. Wilson

## ૦૫. અભિવ્યક્તિ

**કિંચિત કહું પ્રકાશપર્વે..**

**મહેન્દ્ર ચોટલિયા**
mahendra.chotalia@gmail.com

-----------------------------------------------------

મારા દીવાને જીવતો રાખે અઢી અક્ષરનું ઘી
એની ઝરમર જ્યોતથી જરાય તું ના બી.

ક્યારેક બનવું ફૂલ-પાંદડી ક્યારેક થા પંખી
આનંદવાચક અનુભૂતિને કાં પા નહીં તો પી.

રસ્તા, મંઝિલ, દિશાને થાય ગણતરી છૂ
જાદુઈ એક ઝબકારમાં હો સકતા કુછ ભી.

યાત્રા કરીશું અહાઅહો-ની સમજ રાખી સાદી
ઝાલી રાખ તું કશું ના, આ નહીં કે ઈ.

છોડી સઘળી ઓળખ એવી ક્ષણમાં આવ
હોય કેવળ અજવાળું ને- નાઈધર યુ નોર મી.

●

**મહેર કરી મારા રામે!**

**વિશાલ જોશી 'સ્નેહ'**
vijani.lok@gmail.com

-----------------------------------------------------

જૂના વરસમાં પીધો પિયાલો નવા વરસના નામે.
મહેર કરી મારા રામે!

પળ બે પળનાં જળની ભીતર નેહ નીતરતાં અમે.
ઊમટે અમીરસ રોમરોમમાં અંતર અવિરત ઝમે.

જૂનું નવું બધુંય સમરસ સમય સહેલી સામે.
મહેર કરી મારા રામે !

ભીંત સજીવન થઈને સહસા ઊંડા તળને તાગે.
એક અહલ્યા સોળ વરસની આળસ મરડી જાગે.

યુગયુગ અંતરપળમાં વીંધી જાત ઝળહળ સામે.
મહેર કરી મારા રામે

## ડ્રાઈવિંગ હેલ્લારો...

**અવનિ દવે રાવલ**
avaniraval111@gmail.com

તારીખ હતી ૫, ઓગસ્ટ ૧૮૮૮. ઓછામાં ઓછા અવાજ સાથે જગતમાં થયેલી એક ક્રાંતિ! જર્મનીના રસ્તા પર ૩૯ વર્ષની બર્થાબેન્ઝ નામની પરિણીત મહિલાએ દુનિયામાં સૌ પ્રથમ મોટર ગાડી ચલાવી! આ ઘટના એટલા માટે પણ ખૂબ જ મહત્વની ગણાય, કેમ કે પરિવર્તનનાં પૈડાં પર એક મહિલાની સવારી થઈ! સાઉદી અરેબિયામાં 'વીમેન ટુ ડ્રાઇવ' ચળવળ સફળ થઈ અને ૨૦૧૭માં દુબઈની મહિલાઓને પણ ડ્રાઇવિંગ અધિકાર મળ્યો, જે જૂન ૨૦૧૮માં અમલમાં પણ મૂકાયો. વાત છે મહિલાઓનાં ડ્રાઇવિંગની—ગતિની—ઉત્કર્ષની!

આ વર્ષે આ કોરોનાએ આખી દુનિયાના લોકોને અકળાવી મૂક્યા છે. ભય, કંટાળો અને નવરાશ-ફુરસદના સમયને લોકોએ પોતપોતાની આવડતો, રસ, રુચિ, જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પસાર કરવાના પ્રયત્નો કર્યા. સૌ કોઈ માટે ધીરજ અને માનસિક- શારીરિક સ્વાસ્થ્ય જાળવવું પડકારરૂપ બન્યું છે.

માર્ચ મહિનાના અંત ભાગમાં શરૂ થનારી વાર્ષિક પરીક્ષાઓ પાછી ઠેલાવવામાં આવી એટલે હું અને મારી દીકરી સુરજા એક અઠવાડિયા માટે લોકભારતી આવ્યાં. પરંતુ પછી લોકડાઉન શરૂ થયાં... એક દિવસ, એક અઠવાડિયું, એક મહિનો... ક્રમશઃ મહામારી વધતી ગઈ. લોકભારતી સંસ્થા રહેણાંક વિસ્તારમાં ચોખ્ખાં હવા, પાણી, દૂધ, સાથે પ્રમાણમાં સૌ સુરક્ષિત સલામત હતાં, અમે પણ રોકાયાં. બાળકો અને મોટેરાં હરી-ફરી- રમી શકતાં. બધા પોતપોતાની રીતે સમય પસાર કરવા લાગ્યા.

એપ્રિલ મહિનામાં એક વાત વહેતી થઈ કે ચાલો મોટર ડ્રાઇવિંગ શીખીએ, ખાસ બહેનો. થોડી ચર્ચા-વિચારણાઓ, અજંપા વચ્ચે બહેનો-દીકરીઓને જોડાવાની ઇચ્છા થઈ ગઈ. લગભગ વીસેક બહેનો જોડાઈ. રંઘોળાની ભોજ મોટર ડ્રાઇવિંગ સ્કુલમાંથી વેગન-આર ગાડી અને બે તાલીમ આપનાર ભાઈઓ સાથે બધું નક્કી કરવામાં આવ્યું. લોકડાઉન સમયગાળામાં સેનીટાઇઝર અને માસ્કનો બહોળો ઉપયોગ કરવાનો હતો અને લોકભારતીના મુખ્ય પ્રવેશદ્વાર પર તો સેનીટાઇઝર ચેમ્બર પણ કાર્યરત થઈ ચૂકી હતી.

લોકભારતીના રિંગ રોડ પર ધમણની જેમ સવારે આઠ વાગ્યાથી સાંજે અંધારું થાય ત્યાં સુધી ચાર પૈડાંની ગાડી દોડવા લાગે. ગાડીમાં શીખનાર અને બહાર પરિસરમાં ફરતાં રમતાં સૌ કોઈ થોડા સર્તક રહેતા. ભરેલી ફીની વસૂલાતમાં કચાશ ન રહી જાય એ માટે દરેક બહેનો બહુ તકેદારી રાખતી!! ગાડીમાં દુપટ્ટાની બુકાની બાંધીને બહેનો પોતાને સુરક્ષિત રાખતી, બહાર ગાડી ધૂળની ડમરી ઉડાડતી હોય. થોડાં દિવસ પછી ગાડીની હાંકણી અને સમય પરથી સૌ કહેતાં કે અત્યારે ગાડી કોણ ચલાવી રહ્યું છે. સમગ્ર પરિસરમાં દરકે લોકો આ જ બાબતે ચર્ચાઓ-કિસ્સાઓ બોલતા જણાતા. બહેનોનાં મોઢે ક્લચ, બ્રેક, સ્ટિયરિંગ, સાઇડ મિરરની વાતો જ સંભળાતી. લોકડાઉનને કારણે સંસ્થાના પરિસરની બહાર આટો મારવા, તાલીમ લેવા નીકળી શકાતું નહીં.

લોકભારતીના 'રિંગ રોડ' પર બહેનો મોટર ચલાવતાં શીખતાં હતાં, ત્યારે ભાઈઓની બેઠક-મંડળીમાં તો કોઈક બોલે પણ ખરું... 'આ બાયુંને મોટર શીખીને ક્યાં જાવું હશે?' પરાપૂર્વથી ચાલી આવતી પુરુષપ્રધાન માનસિકતા તો બધે સરખી હોં, ભણેલાં હોય કે અભણ...! સમાજમાં આ બાબતે હજુ બહુ ઝાઝો ફેર અનુભવાતો નથી જ! આપણું ફર્નિચર, ખાણી-પીણી, પહેરવેશ, ઉત્સવોની ઉજવણી, લગ્ન સમારંભો, ધાર્મિક મેળાવડા બધામાં આમૂલ પરિવર્તન... પરંતુ આવી માનસિકતા બદલાવાની તો બહેનો એ બહુ રાહ જોવી પડશે હો!

થોડાં દિવસ સમસુથરુ ચાલ્યું. વળી, એક જુવાળ ઊભો થયો. સોશ્યિલ ડીસ્ટન્સિંગ જાળવવા માટે ભાર મુકાઈ રહ્યો છે, ત્યારે ડ્રાઇવિંગ શીખવાનું બંધ કરવું જોઈએ, બહારથી કોઈ સંસ્થામાં ન આવવું જોઈએ. થોડી ચર્ચાઓ અને મનદુઃખ થયાં. ડ્રાઇવિંગ શીખવાના પ્રોજેકટને થોડો વિરામ અપાયો. અધ્યાહાર પરિસ્થિતિ નિર્માણ થઈ. બે-ત્રણ બહેનોને બાદ કરતાં બધાનાં ઘરે કાર, એટલે સૌએ વ્યક્તિગત રીતે ઘરના સભ્યો સાથે શીખવાનું શરૂ રાખ્યું. ગાડી રિવર્સ લેવાની અને લાઇસન્સની ટ્રેનિંગ બાકી રખાઈ.

એક વાર એક વડીલ મિત્ર ભાભીએ કહ્યું, ‘ચાલ, અવનિ આંટો મરાવું'. અમે તો ઊપડ્યાં. મુખ્ય કાર્યાલય પાસેથી અંદરના પરિસરમાંથી પસાર થઈ મુખ્ય રસ્તા પર વળાંક લેતાં હતાં. થોડો ઢાળ અને વધુ આંટો મારવા પાછા ફરવું હતું. મુખ્ય રસ્તા પર બ્લોક અને ડિવાઇડર થઈ ગયાં હોવાથી થોડી તકેદારી જરૂરી બને. મેં કહ્યું, ‘વળાંક લેતાં એક વાર થોડું રીવર્સ કરીએ.' મને કહે, ‘આપડને રિવર્સ લેતાં ન આવડે, આપડે તો આગળ જ ચલાવીએ!' ઓ.. તારી!! સલામ એના આત્મવિશ્વાસ અને નિર્ણયશક્તિને. આમ પણ એ મોજે મોજ અને રોજે રોજના સિદ્ધાંતમાં માનનારાં. કોઈ વળી ગાડી ચલાવતું નીકળે, આપણને સ્મિત ન આપી શકે, એનાં ચહેરા પર ડર અને ગર્વની મિશ્ર લાગણીના ભાવો પ્રગટ થતા હોય. નાની ઉંમરની બહેનો-દીકરીઓ ઘણી ઝડપથી શીખી ગઈ. જ્યારે કોઈ ખૂબ ડરતું રહ્યું... ક્લચ-બ્રેક છોડતાં થથરી જતું દેખાય. કોઈ ટટ્ટાર બેઠું હોય, કોઈ ફ્રન્ટ મિરરમાંથી માંડ દેખાતું હોય.

લોકભારતીના પરિવારભાવને ઉજાગર કરતી એક ઘટના બની. આદરણીય શ્રી હસમુખભાઈ દેવમુરારિ કાર ડ્રાઇવિંગના ભારે શોખીન અને નિપુણ. તેમને થયું ડ્રાઇવિંગ શીખતી બહેનો સાથે થોડી ચર્ચા કરવી અને માર્ગદર્શન આપવું. એક દિવસ રાત્રે જમ્યા પછી સૌ સ્મૃતિભવનમાં ભેગાં થયાં. શ્રી હસમુખભાઈએ બધી બહેનોને થોડા પ્રશ્નો પૂછ્યા, ગાડીનું મિકેનિઝમ સમજાવ્યું, ટ્રાફિકના નિયમો સમજાવ્યા, આત્મવિશ્વાસ કેવી રીતે કેળવવો અને ખાસ ગાડી ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાના નીતિમત્તા સમજાવ્યા. બહેનોને ખૂબ સરસ માહિતી પ્રાપ્ત થઈ અને બહુ જ ગમ્યું.

હું પણ એક-બે વાર કાર ડ્રાઈવીંગ શીખેલી, પણ આત્મવિશ્વાસ ઓછો પડતો. બધાની વાદેવાદે પ્રેક્ટિસ શરૂ કરી અને આત્મવિશ્વાસ વધ્યો. મજાથી ગાડી ફેરવવા લાગી. સંસ્થામાં જેની સાથે વધુ ઘરોબો હોય તેની ગાડી થોડા દિવસ ફેરવી. પછી મોજીલા શિક્ષણમાં કામ કરતા ભાઈ સાજીદે કહ્યું, ‘તમે બોલેરો ગાડી ચલાવવાની ટ્રાય કરો.' થોડી પ્રેક્ટિસ કરીને બોલેરો ચલાવતાં ફાવી ગઈ. મારા માટે માન્યામાં ન આવે એવું થયું. ફુરસદના સમયની શાંતિ અને સ્વસ્થતા કામે આવ્યાં, એક લક્ષ્ય પ્રાપ્ત કરવા મથતા સમૂહના માહોલનો પણ ખૂબ લાભ થયો. સાંઢીડા રોડ પર મમ્મીને લઈ આંટો મારવા નીકળતી. મમ્મી ડરતી હોવાથી અધવચ્ચેથી પાછા વળવાનું થયું. થોડી વ્યવસ્થિત જગ્યા મળી કે જ્યાંથી બોલેરોનો યુ-ટર્ન લઈ શકાય. બધું આવડતું પણ ઇન્ડીકેટર આપવાનું ભુલાઈ ગયું, પાછળ આવતા એક ગાડી ચાલક મારા પર ખિજાયા. પણ આવી બધી ભૂલો અને પરાક્રમો કરતાં અમે સૌ આગળ ધપ્યાં.

ઘણી બહેનો વાતો કરતી કે પ્રિય પતિદેવ કે ભાઈ-દીકરો ગાડી ચલાવવાનું શીખવાડે તો ખરા, પરંતુ ખૂબ ખીજાવા લાગે, અયોગ્ય શબ્દો અને ગુસ્સો પણ કરે, પછી સ્વમાનના ભોગે એ શીખવાનું મન ન થાય. એના કરતાં ફી ભરીને મોટર ડ્રાઇવિંગ વ્યવસ્થિત રીતે શીખાયું. જવાબદારીપૂર્વક આગેવાની લેનાર માનનીય શ્રી ભાવનાબહેન પાઠકે બફર બનીને ઘણા હડસેલા સહન કર્યા અને બધુ પાર પાડ્યું.

અનલોક-વન થયા પછી ફરી તાલીમ શરૂ થઈ. સૌએ લર્નિંગ લાયસન્સ લઈ લીધું હતું. સૌ ગાડી રીવર્સ લેતાં શીખવા માંડ્યા. કોઈ કોરોના સમયે વતનમાં ગયાં હોય તેવાં બહેનો પણ આવીને કાર ડ્રાઇવિંગ ફટાફટ શીખી ગયાં. ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર માટે લાયસન્સ લેવાની તડામાર તૈયારીઓ શરૂ થઈ. દયાળ સરોવર પાસે જૂની પ્રાથમિક શાળા સામેનું મેદાન જાણે આર.ટી.ઓ. ક્ષેત્રમાં ફેરવાઈ ગયું હોય એવું લાગતું. એક-બે કાર અને બે -ત્રણ સ્કૂટર સતત ફરતાં રહેતાં. જુલાઈ ૨૧ તારીખે બધી બહેનો એક સાથે ભાવનગર આર.ટી.ઓ. લાયસન્સ માટે ગયેલ, પરંતુ

બે-ત્રણ બહેનોને બાદ કરતાં બધાં નિષ્ફળ રહ્યાં. પણ સૌએ હસાહસી મજા-મસ્તી કરતાં નિષ્ફળતા પણ પચાવી લીધી. ફરીથી બધાંએ ફોર્મ ભર્યાં. આ વખતે એક સાથે ન જતાં વારાફરતી જઈને પરીક્ષા પાસ કરી. સપ્ટેમ્બર મહિના સુધીમાં બધાં બહેનોએ લાયસન્સ મેળવી લીધાં.

રોગપ્રતિકારક શક્તિ વધારવા ડોપામાઈન અંતઃસ્રાવનો સ્રાવ થવો જરૂરી હોય છે. સ્વમાન, આત્મવિશ્વાસ, ગર્વ, ખુશીની લાગણીઓથી ભરપૂર આ પ્રકલ્પ દરમિયાન કોઈને કશી શારીરિક પીડા થયાના સમાચાર નથી.

લોકભારતીમાં જાણે શાંતિ છવાઈ ગઈ. ગાડીઓ ફરતી બંધ થઈ ગઈ વાતોના વિષય બદલાઈ ગયા. એ પછી તો ફરતો ફરતો દીપડો લોકભારતી અને તેની આસપાસનાં ખેતરોમાં આવી ચડ્યો, સૌને નવો વિષય મળ્યો...!

સમગ્ર ઘટના ક્રમ દરમિયાન કોઈવાર 'હેલ્લારો' તો ક્યારેક આદરણીય શ્રી ડૉ. મહેન્દ્રસિંહજી પરમારની 'પોલિટેક્નિક' તો પોલિટેક્નિકની ઘટનાઓ મને યાદ આવી જતી. પરંતુ અહીં બધી બહેનોનાં ઘરમાંથી બહુ સધિયારો પ્રાપ્ત થયો હતો.

પૂજ્ય રામદાદાએ સૌને અભિનંદન પાઠવવા તેમને ઘરે બોલાવી સરસ નાસ્તો કરાવ્યો. મારા પપ્પા આ સમયગાળામાં લોકભારતીમાં તળાવો અને રમતનાં મેદાનને વ્યવસ્થિત કરાવતાં, જેસીબીનો બહોળો ઉપયોગ કરવામાં આવતો, ક્યારેક જેસીબી અને ટ્રેક્ટર માટેના ડ્રાઈવર ગુલ્લી મારી જાય ત્યારે પપ્પા કહેતાં બહેનો જેસીબી અને ટ્રેક્ટર ચલાવી લે તો સારું!!

આમ, આપણે ત્યાં ૧૮ વર્ષથી લઈને ૫૮ વર્ષની કાર્યકરની પત્નીઓ અને દીકરીઓ એકબીજાંને પાનો ચડાવતી, હિંમત આપતી ફોર-વ્હીલ ચલાવતાં શીખી ગઈ! પોતાનું દૃઢ મનોબળ, આત્મવિશ્વાસ, લગન, અથાગ પરિશ્રમ અને સહિયારો પુરુષાર્થ અહીં ઉજાગર થયાં હતાં જાણે!

આજે 'રિંગ રોડ' પર સાંજે બહેનો ગર્વ અને ગૌરવભેર મોટર ચલાવીને નીકળે અને સાંજે વાગતાં ગીતોમાં 'હેલ્લારો' ફિલ્મનું ગીત...

'વાગ્યો રે ઢોલ ભાઈ, વાગ્યો રે ઢોલ મારા...' સંભળાય ત્યારે અમે સૌ બહેનો તો સાથે મળીને ગાઈ ઉઠીએ કે 'વાગ્યો રે હોર્ન ભાઈ, વાગ્યો રે હોર્ન, મારી રૂડી લોકભારતીમાં વાગ્યો રે હોર્ન...'



Nobel Prize in Literature 2020
Louise Glück

## ‘ગીતકવિ વિનોદ જોશી’

રાણા બાવળિયા
ranabavaliya37@gmail.com

---

ગુજરાતી સાહિત્યમાં ગીત સ્વરૂપ ખૂબ જૂનું છે. મધ્યકાળમાં એનાં જુદાં જુદાં સ્વરૂપમાં ખેડાયેલું જોવા મળે છે, જેમ કે ભજન, ગરબી, દુહા, પ્રભાતિયાં, પદ વગેરે. પણ ગીતને ‘ગીત’ સંજ્ઞા ઘણી મોડી મળી છે. ગીત સંજ્ઞા મળી તે પૂર્વે ખૂબ ગીતો લખાયાં છે, કે રચાયાં છે. પ્રાચીન સમયમાં મુખપરંપરામાં ઘણાં ગીતો ઊગીને આથમી ગયાં છે. ગુજરાતી સાહિત્યનું ગીત સ્વરૂપ બીજાં સ્વરૂપોથી અલગ છે, ગીતો ખૂબ ગવાય છે. ભાષાવિહોણો માણસ વીરતાભર્યા પ્રસંગે હર્ષોલ્લાસથી નાચી ઊઠ્યો હશે અથવા કોઈ ભયજનક ઘટના કે દશ્યોથી ચીસો પાડી ઊઠ્યો હશે. આશા-નિરાશા, સુખ-દુઃખ કે પ્રેમની લાગણીના ઉત્કટ આવેગમાં પ્રત્યુદ્ગાર કાઢ્યા તેમાંથી ગીતનો ધ્વનિ નીકળ્યો હશે. અહીં ગીતના સ્વરૂપ વિશેની થોડી ચર્ચા નીચે મુજબ છે.

‘ગીત, કવિતા અને સંગીતના સહિયારા સીમાડા ઉપર ઊગતો છોડ છે. ગીત એ માત્ર નાજુક લલિત હળવી ઊર્મિલ રચના છે.’ -સુન્દરમ્

‘ઉત્કટ ભાવોદ્વેગની લયપૂર્ણ ગાનાભિવ્યક્તિ એટલે ગીત.’ - લાભશંકર પુરોહિત

‘ગીત એ શબ્દ અને કલ્પન દ્વારા મુક્ત અને લયાત્મક અભિવ્યક્તિ માટે મથતું કાવ્યતત્વ.’ - રમેશ પારેખ

‘ગીતને આકાર સાથે નહીં અનુભૂતિ સાથે નાતો છે.’ - ડૉ. વિનોદ જોશી

અહીં કરેલી વિવિધ વ્યાખ્યાઓ ગીતના કોઈ એક પાસાને રજૂ કરે છે. પરંતુ સંપૂર્ણ રીતે ગીતની વ્યાખ્યાઈત ન કરી શકાય પણ ગીતની થોડીક લાક્ષાણિક્તાઓ નજરે ચડે છે જે આ પ્રમાણે છે :

- સંગીતનું આંતરિક રીતે પ્રયોજન
- ઉત્કટ ભાવોર્મિનું દ્વિકલથી અષ્ટકલ માત્રાઓમાં લયાવર્તન અને પ્રાસની ઉચિત ગોઠવણી.
- એક જ ભાવને કેન્દ્રમાં રાખવાનો હોય છે.
- એકલક્ષિતા : પ્રત્યેક ધ્રુવપંક્તિ સાથે અંતરના અનુસંધાનો.
- પંક્તિનું લાઘવરૂપ
- શુષ્ક વિચાર–ચિંતનનું ઊર્મિમાં વિગલન.
- લય, રાગ, ઢાળનું વૈવિધ્ય : વિશિષ્ટ નિરૂપણ રીતિ.
- પ્રતીક, કલ્પન, અલંકારની યોજનાનો સ્વાભાવિક ઉપયોગ.
- લાલિત્ય, સરળતાને કારણે બંધાતી ભાવાત્મક આકૃતિ.

આધુનિક ગુજરાતી સાહિત્યમાં જેમનું નામ ખૂબ જ સન્માનપૂર્વક લેવામાં આવે છે એવા કવિ એટલે વિનોદ જોશી. કવિની આગવી મુદ્રા ગીતકવિ તરીકેની છે. કવિત્વ સરાણે ચડાવીને કવિએ લોકભાવો–લોકલયો– લોકભાષાને એક સાથે સંયોજીને લાલિત્યપૂર્ણ ગીતકાવ્યો આપ્યાં છે. નાયિકાની વિવિધ ભાવમુદ્રા ઉપસાવવામાં કવિ સફળ રહ્યા છે. ‘ઝાલર વાગે જૂઠડી’માંથી નાયિકાકેન્દ્રી ઘણાં ગીતો મળે છે. આ નાયિકા યુવાનીમાં પ્રવેશતી યુવતી છે. કોઈ નાયિકા કુંવારી છે, જે પતિ અંગેના ઘણાં સપનાં લઈને બેઠી છે. તાજી પરણીને સાસરે ગયેલી કન્યા, વિરહિણી, પ્રોષિતભર્તૃકા વગેરે નાયિકા જોવા મળે છે. નાયિકા અહીં ગોપકન્યા છે. પણ ગોપજીવન પુરતી મર્યાદિત ન રહેતાં સમગ્ર નારી ચેતનાને વાચા આપી છે. મિલન ઝંખતી વિરહિણીના ભાવવર્તુળો જોવા મળે છે. પ્રણયનું નાજુક સંવેદન કવિએ ગીતોમાં વ્યક્ત કર્યું છે. મોટાં ભાગનાં ગીતો નારીનાં મુખે મુકાયેલાં છે. કલ્પનાઓમાં સોરઠી ગોપજીવન, ગ્રામજીવનનો પરિવેશ અભિવ્યક્ત થયો છે. તળપદ લોકબોલી, લોકતત્ત્વોનો કાવ્યપૂર્ણ વિનિયોગ ગીતોમાં થયો

છે. ઘણાં ગીતોનો લય લોકગીતોમાંથી સાંપડયો છે. અથવા તો લોકગીતને મળતો આવે છે. તળપદ કાઠિયાવાડી શબ્દો કાવ્યમાં પ્રયોજીને ઉત્તમ રચનાઓ આપી છે. અહીં ગીતોમાં યુવાન નાયિકાના મનોભાવ સવિશેષ આલેખાયા છે.

કવિના ગીતોમાં પ્રયોજાતી કલ્પનાઓમાં સોરઠી ગોપજીવન—ગ્રામજીવનનો પરિવેશ અને પરિવેશને સચોટ રીતે વ્યક્ત કરવાં તળપદા—લોકબોલીના શબ્દો ખપમાં લીધા છે. આ ગીતમાં આવતી નાયિકા સોરઠી ગામડામાં વસે છે. જુદાં જુદાં પ્રતીકો દ્વારા રાગાવેગના સંકેતો કવિએ પ્રયોજ્યાં છે. ગ્રામપરિવેશની સાથે ગીતોમાં લગ્ન—સંવનન—વિરહ—સંયોગને સૂચવતી કલ્પનાઓ ધ્યાન ખેંચે છે. મીંઢળ, નાડાછડી, માંડવો, કરેણ, આંગણ, કેળ, તોરણ, પાંપણ, કેસરિયા, પરદેશી, કૂવાકાંઠો, વહુવારુ, ગોરાંદે, સૈયર, સાસુ, પાનેતર, મોતી ટાંક્યાં, આસોપાલવ, આંબલો, અત્તરની શીશી, શ્રીફળ, વેલડું, મૈયર, રમણદીવો, મશરૂનાં ચીર, જોબન, કેડ્ય પાતળી, પરણ્યો, ઊભો વાંસ, સેંથી, નાવલો, કોલ, હૈયા-ડાબલી, સોહાગનાં સિંદુર, ઝાંઝર, દામણી, અંજળ, વ્હાલમજી, કંકોતરી, લવિંગડીનું પાન, સોપારીનો કટકો, અલ્લડ, સાથિયા, ઝરૂખડાં, ઉજાગરા, શેરી, ઓસરી, નીંદરના ચોર, ટહુકો, તોફાન, શણગાર, તંબોળી પાન, અણસાર, રૂમઝૂમ, આંસુ, લાપસી, કુલેર વગેરે જેવાં કૈં કેટલાય શબ્દો દ્વારા મુગ્ધા-નવોઢા—વિરહી યૌવનનાં મનોભાવોને વ્યક્ત કરી રહે છે.

કવિએ 'ઝાલર વાગે જૂઠડી' સંગ્રહમાં પ્રણય, પ્રકૃતિ વિષયક ગીતો લખ્યાં છે. અને એમાંથી અહીં પ્રણયગીતોની વાત કરી છે, જેમાં નારી-ભાવ સવિશેષ ગવાયો છે. કવિનાં ગીતો વિશે વાત કરીએ ત્યારે રતિરાગનું આલેખન સહેજે આપણું ધ્યાન દોરે છે. શૃંગારને ગીતકવિતામાં ઠાંસી ઠાંસીને ભર્યો છે. ઊર્મિગીત સ્વાભાવિક જ રંગદર્શિતાવાળું હોય છે. કવિ સ્વસ્થ રીતે રતિરાગનું આલેખન કરે છે.

કવિ 'ઝાલર વાગે જૂઠડી' કાવ્યગ્રંથની પહેલી જ કવિતામાં 'ગોરાંદે' (નાયિકા)ને ઉંબરે ઊભાં રાખીને નોખી નોખી ભાવમુદ્રાઓ ઊભી કરે છે. 'ઝાલર વાગે જૂઠડી' જેવી ધ્રુવપંક્તિમાં 'આણીપા' અને 'ઓલીકોર' શબ્દ દ્વારા નવું ભાવવિશ્વ ધીરે ધીરે શિખર સુધી લઈ જાય છે. એ આખું ગીત અહીં જોઈએ.

ઊભાં ગોરાંદે અધવચ ઊંબરે,
જોતાં આણીપા જોતાં ઓલીકોર, ઝાલર વાગે જૂઠડી,
ઝાંખી બળે રે શગદીવડી,
ઘેરી ઊભાં અંધારાં ઘનઘોર, ઝાલર વાગે જૂઠડી-'ઝાલર વાગે જૂઠડી. પૃષ્ઠ-૧૩

નાયિકા પતિની રાહમાંને રાહમાં આંસુના પૂરમાં તણાઈ જાય છે. જાણે! અહીં લોકહૃદયનો ભાવ, લોકભાષા અને લોકગીતનો લય બરાબર પ્રયોજાયાં છે. સરળ દેખાતી રચનામાં ભાવોનું ઊંડાણ જોવા મળે છે. નાયિકા પિયુની રાહ જોતી બતાવી છે. બને છે એવું કે પતિ આવતો નથી. આખુંય ગીત એક પ્રકારની મુગ્ધતા ઊભી કરે છે અને એને ડૂમો ભરાય જાય છે અને એવી સ્થિતિમાં ભાવકને મૂકી દે છે.

કવિ વિનોદ જોશીએ ગીતકવિતામાં નવોઢા (નાયિકા)ને જુદી જુદી રીતે પ્રયોજી છે. પિયરમાં પોતાના દાદાનાં હેત, બાળપણથી લઈને લગ્ન થયાં ત્યાં સુધીનો સમય, પિયરનું વાત્સલ્ય બધું મળ્યું છે, પણ જ્યારે તેનાં લગન થાય છે ત્યારે સાસરે ગયાં પછી પોતાની સ્વતંત્રતા વગેરે ઉપર પડદો પડી ગયો હોય એવું અનુભવે છે. આ બધું કોઈએ છીનવીને પટારામાં મૂકી દીધું, તો આ નવોઢા સાસુ (બાઈજી) પાસે કૂંચી માંગે છે, આ ગીતમાં છે. સાસુને સંબોધીને એ વાત કરે છે.

'કૂંચી આપો, બાઈજી!' આ ગીતમાં પતિગૃહે આવેલી કન્યા ઘરમાં પગ મૂકતાં જે અનુભવી રહી છે એ વાત આ ગીતમાં કવિએ બહુ સરળ ભાષામાં મૂકી આપી છે. નવોઢા સાસરે આવી છે અને પોતાનો સાયબો છે જેની સાથે રિસામણાં, મનામણાં થયાં કરે છે. કોઈ દિવસ એ રિસાયો છે અને આ વાત નાયિકા સખીને સંબોધીને એ કરે છે. આ ગીત 'સખી! મારો સાયબો'માં નિરૂપણ કર્યું છે. આ ગીતમાં કવિએ સૌરાષ્ટ્રનો તળપદ સંસ્કાર ઝીલ્યો છે. રિસામણાં—મનામણાંનું એક ચિત્ર કવિએ સરસ રીતે મૂક્યું છે. લય સાથે ભાવનું આકલન કવિએ કર્યું છે. કાવ્યમાં આવતા શબ્દો સખી, ફળિયું, ઢોલિયો, ફાનસ, રજાઈ, ધબકાર, સાથિયો, ઝાંઝર, ઓઢણી વગેરે કાવ્યમય બની જાય છે. કવિ વિનોદ

જોશીની કવિતામાં આવતો ગ્રામપરિવેશ પૂરોગામીઓ કરતાં કે સમકાલીન કરતાં વિશેષ રીતે પ્રયોજાય છે અને એક જૂદું ચિત્ર ઊભું કરે છે. કવિ એ ગીતોમાં એવાં નાયક-નાયિકાને લાવ્યા છે જેમણે હજી દાંપત્યજીવનની શરૂઆત કરી છે. કવિએ નવોઢાને વિરહી બનાવીને ભાવસંપન્ન ગીતો લખ્યાં છે. લીલાં સુખ પામવાની ઝંખના સેવતી નાયિકા વિરહી બને છે. ત્યારે રાત નીકળતી નથી એવી વાત ગીતમાં કલાત્મક રીતે આલેખાઈ છે. એવું જ એક ગીત છે.

ને સાયબો આવ્યો નંઈ!''
દિ' આખ્ખો સાવરણે ફળિયું વાળ્યું, સખી!
સળિયું ભાંગીને રાત કાઢી,
ને સાયબો આવ્યો નંઈ!

-નવનીત સમર્પણ (૨૪/૦૩/૯૩)

પતિ મિલનને ઝખંતી નાયિકાના મનોભાવો આ ગીતમાં સૂક્ષ્મ રીતે મૂકી આપ્યાં છે. ગીતમાં સળિયું ભાંગીને, પાંપણ લૂછીને, પાંગત છોડીને, રાત કાઢી જેવા શબ્દપ્રયોગથી પતિ મિલનની ઝંખના અને વિરહની વેદના વ્યક્ત થઈ છે. અહીં 'રાત કાઢી' એ પણ શબ્દ પ્રયોગ વિશેષ સંદર્ભમાં મૂક્યો છે. આ શબ્દ પ્રયોગ ભાવ વ્યક્ત કરવા માટે ભાવને પોષક એવાં શબ્દો કવિએ મૂક્યાં છે. ભાવને અનુકૂળ એવી ભાષા કવિએ ખપમાં લીધી છે.

કાવ્યમાં એક એવી નાયિકા પ્રકૃતિનાં તત્ત્વો સાથે વાત કરતી કવિએ અહીં મૂકી છે. નાયિકા ઘરની બહાર જતી હોય છે. ત્યારે પાંદડું એને ઊભી રાખે છે અને આખું ગીત ખૂબ કલાત્મક રીતે આવે છે તે જોઈએ.

લે!
પાંદડાએ, લે! મને ઊભી રાખી,
પછી અમથી પછી તમથી પછી
સાચુકલી વાત કરી આખી...

—નવનીત સમર્પણ (૦૫/૦૪/૯૬)

કવિ વિનોદ જોશી ઘણો સમય ગામડાંમાં રહ્યા છે, અને નગરમાં રહ્યા છે એટલે એક તરફ ગામડાનું જીવન અને બીજી તરફ આ નગરજીવન બંનેનું સાયુજ્ય આ એક ગીતમાં જોવા મળે છે. 'મારો સાયબો' ગીતમાં અહીં બંને સંસ્કૃતિઓનો ખૂબ જ ઉત્તમ સંયોગ થયેલો જોવા મળે છે. નાયિકાના મુખે આખી રચના આવે છે.

મુંબઈ સમાચાર વાંચે મારો સાયબો,
હું મૂઈ વાસીદાં વાળતી જઉં ...
અત્તરનાં પૂમડાં નાખે મારો સાયબો,
હું મૂઈ આંધણ ઉકાળતી જઉં ...

—કવિતા -જૂન-૯૬

આ ગીતમાં કવિએ 'હું મૂઈ' શબ્દ દ્વારા ગીતના સમગ્ર ભાવજગતને પોષણ આપ્યું છે. લોકલયથી ગીતના ભાવજગતને ગતિ મળે છે. અને એવા વિરહનું સંવેદન નાયિકાના મુખે કવિએ મૂક્યું છે.

ગીત રચનામાં ગામડાનાં તળનાં યુવાન હૈયાને પ્રમાણ્યાં છે. એ નારીભાવ કવિની સર્જકતા સાથે જોડાય છે ત્યારે કવિજીવ એને ગાતાં થાક્યો નથી.

પલળી પલળીને અમે પોચાં થિયાં
હવે ક્યારે બોલાવશો?
ઉંબરમાં સૂનમૂન બેઠો ઉજાગરો,
ને શમણાનો દેશ ગયો ડૂબી,
આથમતી રાત હજી આથમતી જાય,
નથી અંધારે ઉકલતી ખૂબી.''

-ઝાલર વાગે જૂઠડી, પૃષ્ઠ-૮૩

અહીં આવતાં કલ્પનો કાવ્યગત છે. કવિની ભાષા તળપદી છે. લય સોરઠી છે. ગામઠી છે. લોકલય કવિએ ખૂબ જ ખપમાં લીધો છે. લોકગીતોનો ઢાળ કવિને સાહજિક રીતે મળ્યો છે. પૂરકો દ્વારા ગીતને નોખો આકાર મળ્યો છે. વિનોદ જોશીએ ગીતકવિતામાં રતિરાગનું આલેખન વિશેષ કર્યું છે. પણ સંયમની સીમા ક્યાંય વળોટી નથી. ભાવને વધારે તીવ્ર બનાવવા માટે શૃંગારરસ આલેખવામાં આવ્યો છે. ગીતકવિતાની આ પરંપરા જાળવીને કવિએ પોતાની આગવી છાપ ઊભી કરી છે. ભાષા, લય, પ્રતીક, કલ્પન, ગીતનો આકાર એ કવિના પોતીકાં છે. તેમણે ઉમાશંકર, સુન્દરમ્, પ્રહ્લાદ પારેખ, રાજેન્દ્ર શાહ, અનિલ જોશી, મકરંદ દવે, હરીન્દ્ર દવે, રમેશ પારેખ જેવા કવિઓથી અલગ ભાત ઉપસાવી છે. ચીલા-ચાલુ પ્રેમ-પ્રતીકોથી અલગ પ્રતીકો લઈને ગીતો લખ્યાં છે. ગામડાંની નાજુક વયની નાયિકાનું અહીં સવિશેષ પ્રતિનિધિત્વ જોવા મળે છે.

કવિતામાં પોતીકો અવાજ ગુંજતો કર્યો છે. જેમાં કવિની આગવી પ્રતિભા જોઈ શકાય છે. એ રીતે ગામડાંના તળનાં નર-નારીને કવિએ પ્રમાણ્યાં છે.

**સંદર્ભગ્રંથ:**


(૧) 'ગુજરાતી ગીત સ્વરૂપ', લેખક : ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્રથમ આવૃત્તિ જુલાઈ, ૨૦૦૨

(૨) 'ગુજરાતી સાહિત્ય વિવેચન શ્રેણી-૭ સુંદરમ', લેખક : શિરીષ પંચાલ, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૫

(૩) 'ગુજરાતી ગીત : કેટલોક પુનર્વિચાર' (લેખ), લેખક : વિનોદ જોશી

(૪) 'ગુજરાતી ગીત-સ્વરૂપ વિચાર અને ગીત કવિ સુન્દરમ્', લેખક : ડૉ. રાજેશ હ. ત્રિવેદી, પ્રથમ આવૃત્તિ- ઓગસ્ટ, ૨૦૦૯

(૫) 'ઝાલર વાગે જૂઠડી' (કાવ્યગ્રંથ), કવિ વિનોદ જોશી, ચતુર્થ આવૃત્તિ - ૨૦૧૫

(૬) 'પ્રત્યુદ્ગાર' – (વિવેચન લેખોનો સંગ્રહ, લેખક : ભાનુપ્રસાદ પંડ્યા, ચતુર્થ આવૃત્તિ - ૨૦૧૫

(૭) 'ફલશ્રુતિ' –'ગીત રસકીય કોટિ' , 'ગીતમાં લય વિધાન', લેખક : લાભશંકર પુરોહિત


●---------●●●--------●●●---------●


એલ.આર. વળીયા આર્ટસ કોલેજ, વિદ્યાનગર, ભાવનગર


---



Nobel Prize in Physics 2020
Roger Penrose, Reinhard Genzel and Andrea Ghez

## શક્તિસિંહ પરમાર – સાગમટું સરનામું !

રામ મોરી
rammori3@gmail.com

શક્તિસિંહ પરમાર. આમ તો આ નામ મારા પાંચ ગામમાં પૂછાય એવા કરિયાવરના ચાકળામાં વચ્ચે મોરલો બનીને ટહુકા કરે. એના ઊંચેરા આભને ઢાંકે એવા પીંછામાં આભલા ટાંકું એટલા ઓછા પડે રે લોલ !

વાર્તાકાર, નાટ્યકાર, ભાવાનુવાદક, નાટ્યદિગ્દર્શક, ચિત્રકાર, કોશ્ચ્યુમ ડિઝાઈનર, આર્ટ ડિરેક્ટર, ફોટોગ્રાફર, સંશોધક અને આ બધાથી એક વેંત ઉપર એ માસ્તર...પ્રાધ્યાપક ! છેલ્લાં નવ વર્ષના અમારા ઘેરદાર ઘાઘરા પર ભરાયેલા રાણી કલરના ઘાટ્ટા બાવળિયા ભરત જેવી મિત્રતા પછી હું એટલું સમજ્યો છું કે શક્તિસિંહ પરમારનું પ્રિય કામ છે સતત પ્રવૃત્તિશીલ રહેવું, સતત કંઈકને કંઈ શીખતા રહેવું અને એથી વિશેષ બધું વહેંચતા રહેવું! અહીં મારે સભાનપણે મારી અને શક્તિસિંહ પરમારની વાતો નથી કરવાની; મારે માત્ર શક્તિસિંહ પરમારની, એમાંય સર્જક શક્તિસિંહ પરમારની વાત કરવાની છે. ‘અમારી’ વાત કર્યા વગર ખાલી ‘એની’ જ વાત કરવાની રીત જરીક અઘરી છે કેમ કે અમારી વાતો કહેવાનો લોભ અરધી રાત્રે રસોડામાં બેસીને દૂધની તર ખાવા જેટલો લલચામણો છે, મારે મન. આ એક એવો સર્જક છે જે તમને ભાગ્યે જ એકલો જોવા મળશે કેમ કે પોતાના વિદ્યાર્થીઓથી નિશદિન ઘેરાયેલો હોય છે.

મૂળે તો આઠમી જાન્યુઆરી ૧૯૮૪ના રોજ ભાવનગરમાં જન્મેલા આ સર્જક સાહિત્ય ક્ષેત્રે ગુજરાતી ભાષાનું લીલુંછમ નામ છે. આ ‘સાહિત્ય’માં મેં કહ્યું એ બધું આવી ગયું, હોં ! ભાવનગર બસ ડેપો પાસેની ચાલીમાં એમનું નાનકડું ઘર. એ ઘરમાં ચાર બહેનો, બે ભાઈ અને બા આટલાં જણ સાચવીને બેસેલું સરનામું, જેની જમણી બાજુ ગાય વાગોળે અને ડાબી બાજુ હનુમાનજીનું દેરું બેઠું અને ફળિયામાં એક ઢબૂકતી સોપારી જેવી લ્યૂના જેને શક્તિસિંહ પરમાર બહુ હેતથી ‘બકરી’ કહીને બોલાવતા. બેઠી દડીની આ ચાલીના વાદળી દૂધિયા રંગની ઝાંપલીવાળા ઘરમાં મોટી કળશીના બાજરા જેટલી વસ્તારી. શક્તિસિંહ પરમારના બાપુજી રતનસિંહ તો શક્તિસિંહ બહુ નાના હતા એ વખતે જ ભગવાનના ઘરે સિધાવેલા. અહીં ઘર નાનું ને માણસો ઝાઝા. પેલું વાર્તામાં વાંચ્યુ હોય કે ‘‘ભાઈ ઈ તો મોટા મનવાળી રાજપૂતાણી, તે બાઈ એણે પેટે પાટા બાંધીને પરજા ભણાવી ગણાવી ને પરણાવી. વારસમાં અને કરિયાવરમાં પોતાના છૈયાંછોરાંને સ્વામિભાન દોથા મોઢે દઈ દીધું. માગવું તો એને મરવા જેવું લાગે!’’ વાર્તા સિવાય પણ એવી રાજપૂતાણીને જોવી હોય તો શક્તિસિંહ પરમારના બા અન્નાબા, એ મળવા જોગ સરનામું. આ સંસ્કાર વારસાની જ દેન હશે કે કોલેજ કરતી વખતે શક્તિસિંહ પરમાર દિવસ આખો કોલેજમાં હોય અને રાત આખી હીરા ઘસવા જાય. જાણે કે જાતમહેનતે પછેડીના ચાર છેડા ભેગા કર્યે જ છૂટકો હોય. બહેનો તો ઉગણચરકલડી તે પરણી પરણીને સાસરિયે ગોઠવાઈ, પણ આ ઘરમાં રૂપાળી વસ્તારી તો એટલીને એટલી કેમ કે આ શક્તિસિંહ પરમારનું ઘર. તે છેક ૨૦૧૫-૧૬ સુધી મેં એ ઘરને એ અવસ્થામાં જ જોયું કે એક નાની ઓશરી, એક ઓરડો ને પીપરના છાંયે ઢંકાયેલા સાંકડા ફળિયામાં જ્યારે પણ જઈએ માણસો ભરેલા ને ભરેલા જ હોય....નાટકવાળા બારગામની પરજાના મોઢે અખંડ રામધૂનની જેમ.

‘શક્તિભાઈ...સગતીભાઈ... શકતીભાઈ... ભાઈ...’ ચાલ્યા જ કરે, ચાલ્યા જ કરે! અને વળી, મઝ્ઝાની વાત કે તોય બધા સમાય જાય, પગ પહોળા કરીને બધ્ધા નિરાંતે બેસવાવાળા અને કોઈ તરત કેમ છો કેમ નહીં કરીને

હાલતા થવાવાળા નહીં... પાથરીને પાથરણા થવાવાળા, ને તોય સંકડાશ પડે નહીં તે પડે જ નહીં! મને થાય કે મારી બાઈ, આ લીલા તો મને ક્યારેય નો સમજાણી. ટૂંકી આવકવાળા એ ઘરમાં હરખની સાહ્યબી ક્યારેય પાંખી નથી પડી, એના અનેક સાક્ષી છે.

ભાવનગરના રાજ પરિવાર ટ્રસ્ટની નિશાળમાં શક્તિસિંહ પરમારનું પ્રાથમિક શિક્ષણ. માધ્યમિક અભ્યાસ એમ.કે. જમોડ હાઈસ્કુલમાં. બી.કોમ. એમ.જે. કોલેજ ઓફ કોમર્સ ખાતે અને બેચલર ઇન આર્ટ્સ ગુજરાતી વિષય સાથે શામળદાસ આર્ટ્સ કોલેજમાં. એ પછી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સીટીના ગુજરાતી ડિપાર્ટમેન્ટમાં એમણે એમ.એ.નો અભ્યાસ પૂર્ણ કર્યો. એમ.ફિલ, નેટ, સ્લેટ, જે.આર.એફ., Ph.d. અને GPSC આ બધું ગુજરાતી ભાષા સાહિત્ય ભવન ભાવનગરમાં જ પૂર્ણ કર્યું. ગુજરાતી ભાષાના વાર્તાકાર, નિબંધકાર અને વ્હાલા પ્રાધ્યાપક ડૉ. મહેન્દ્રસિંહજી પરમારના માર્ગદર્શન હેઠળ શક્તિસિંહ પરમારે 'ગુજરાતી નાટકોના રંગસંકેતોનો સમગ્રલક્ષી અભ્યાસ' વિષય પર મહાનિબંધ કર્યો અને તેઓ ડૉ. શક્તિસિંહ પરમાર બન્યા.

સ્કૂલ ટાઈમથી જ એમને નાટકો પ્રત્યે અપાર પ્રેમ. ભાવનગરના યુથ ફેસ્ટિવલે શક્તિસિંહ પરમારને જાણે કે નિયમિત ઇંજન આપ્યું. વર્ષો સુધી ભાવનગરમાં એવી છાપ કે શક્તિસિંહ પરમાર જે નાટક લઈને આવે એ બધ્ધાથી જુદું હોવાનું અને એ આજે પણ હોય જ. રંગો અને ઉત્સવો સાથે પરંપરાગત વણાયેલું જીવન શક્તિસિંહ પરમારના નાટકોમાં ઊડી ને આંખે વળગે. રખેને કોઈ એવું સમજી લે કે તાળીઓ પડે એવા સંવાદો અને રંગબેરંગી કપડાની ઝાકઝમાળ શક્તિસિંહ પરમારની હથરોટી છે, એ બધું ખેંચી લ્યો અને એ કરામત કરે તો હાચા ગણીએ. શક્તિસિંહ પરમાર પાસે જાણ્યે અજાણ્યે આનોય જવાબ હતો. નાટકોમાં 'માઈમ' એક બહુ ઓછો પોપ્પુલર પણ ખૂબ અઘરો પ્રકાર. ન રંગ, ન ઝાકઝમાળ, કરો હવે જે કરવું હોય એ. આ લખતી વખતે મને એ કહેતાં બહુ આનંદ થાય છે કે નેશનલ લેવલ સુધી ભાવનગર યુનિર્વસિટીની માઈમ વારંવાર વિજેતા બનીને પોંખાતી રહી છે એનો સંપૂર્ણ યશ એ માઈમના કર્તાહર્તા શક્તિસિંહ પરમારને જ જાય છે. ગુજરાતી ભવનની દીવાલો અને પગથિયાં પર ચિત્રો દોરવાનાં હોય, ઘરની દીવાલો અને બારસાખ પર ગણેશ ચીતરવાના હોય કે સરકારી કોલેજમાં પરંપરાગત ગુજરાતી ભરતગુંથણની ભાતનું ચીતરામણ કરવાનું હોય, તો શક્તિસિંહ પરમાર એવા મશગૂલ હોય. રાજકોટના કોટડા સાંગાણી કોલેજના એના સ્ટાફમિત્રો મને કહેતા કે, 'શક્તિભાઈ કોઈ દિવસ નવરા નો હોય. તમે એની પાસે જાઓ ત્યારે એના હાથમાં કોઈકને કોઈક રસપ્રદ પ્રવૃત્તિ હોય જ!' આ બધામાંય તે પોતાના નાટક માટે જ્યારે કોશ્ચ્યુમ્સ કરવાના હોય અને ભાવનગરના તળાવ એરિયાની જૂની જૂની દુકાન અને લારીઓમાં ખાખાંખોળાં કરીને લિમિટેડ બજેટમાંય સંજય લીલા ભણસાલીનું 'દેવદાસ' ઊભું કરવાનું હોય તો એ શક્તિસિંહ પરમાર કરી શકે એવી એની કોઠાસૂઝ. દરેક કામ એટલા પેશનથી કરે કે આપણને થાય કે આ કામની આગળ-પાછળ જાણે એને બીજું કોઈ કામ જ નથી. એના નાટકની દરેક ઝીણામાં ઝીણી પ્રોપર્ટી વિશે એને રજેરજની માહિતી હોય. માથાની પીનથી માંડીને સ્ટેજ પર દેખાતો લાકડાનો પુલ, પાણીમાં તરતી હોડી હોય કે નાયિકાના માથામાં નાનકડું ફૂલપ શક્તિસિંહને બધી જ ખબર હોય કે કેટલું ઓડિયન્સમાં નોટિસ થશે ને કેટલું નહીં. એના નાટકોમાં દર્શકોને સૂપડાથી માંડીને ઝૂપડું બધું લાર્જર ધેન લાઈફ ફીલ સફળ રીતે આપી શકે છે, કેમ કે એના પાયામાં શક્તિસિંહ પરમારનું વિઝન છે. હા, એનું કામ પ્રત્યેનું એ સમર્પણ જ છે કે એની સાથે કામ કરનારા દરેક છોકરા-છોકરીઓ અભિભૂત થાય કે પ્રોજેક્ટ પૂરો થયા કેડે ભાવવિભોર હોય. વરસ વધતા જાય એમ શક્તિસિંહ પરમારના દીકરા દીકરીઓ વધતાં જ જાય.... વધતાં જ જાય. મને થાય આણે તો ગાંધારીનેય કોમ્પિટિશન આપી છે, પણ એક આશ્વાસન કરતાં વિશ્વાસ એ ખરો કે શક્તિસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ 'નાટક'નો શબ્દ ઘૂંટતા આ દીકરા દીકરીઓ જીવનમાં 'મહાભારત' ક્યારેય નહીં રમે! અરે પણ નાટક પહેલાંના 'નાટક' અને નાટક પછીના 'નાટક'... આ બધું એ જે રીતે સંભાળે એ જોઈને નવાઈ લાગે કે આ માણસ આટલી ઊર્જા ક્યાંથી વીણી લાવે છે!

વાર્તાકાર શક્તિસિંહ પરમારનો મને પહેલો પરિચય ૨૦૧૨માં થયો હતો. એની વાર્તા 'માંજરી આંખ્યું' વાંચીને હું તો ઓળઘોળ. એ પછીની એની 'ખટાશ વિહોણી આંબલી' વાર્તા વાંચી. એ પછી લખાયેલી 'છૂટકો' , 'ઓઘરાળા' અને 'જમાના પરમાણે' જેવી અમુક વાર્તાઓના સર્જનમાં તો હું સાક્ષી રહ્યો છું. વાર્તાકાર શક્તિસિંહ પરમારની જોડ્ય જડે એવી નથી. અહીં નાટ્યકાર શક્તિસિંહ પરમારનું આર્ટવર્ક અને ડિટેઇલિંગ વાર્તામાં ઊડીને આંખે વળગે. 'એ બસ બહુ લખતો નથી!' અનેક લોકોની શક્તિસિંહ પરમાર માટેની ફરિયાદ છે અને કદાચ કાયમ રહેશે. આટલાં વર્ષો પછી પણ એની પાસે એણે લખેલી દસ વાર્તાઓય નથી. વાર્તા લેખન બાબતે એ બહુ સંતોષી છે. કદાચ, કોઈ ઉતાવળ નથી કે ક્યાંય એને પહોંચવું નથી. મોટા મોટા વાર્તાકારો, વિવેચકો અને સંપાદકોએ શક્તિસિંહ પરમારની વાર્તાકળાને પોંખી છે અને એના ગાઢ પ્રેમમાં છે!

સર્જક શક્તિસિંહ પરમારની વાતો અને મારા એની સાથેના અનુભવો એક સ્વતંત્ર લેખ કરતાં પુસ્તક છે. આજે હું જે કંઈ છું એમાં એનો બહુ મોટો ફાળો અને યોગદાન છે એટલે ઋણસ્વીકારની આવી એક પણ ક્ષણ હું ચૂકીશ નહીં. ફિલ્મો જોવાની, મૂલવવાની અને સમજવાની એક 'પોતીકી' આંખ એણે મને આપી છે. મને મારા જ મલકની ઓળખાણ નવી રીતે એમણે ચીંધી આપી એ પછી જ 'મહોતું'ની વાર્તાઓ મારી કૂખે જન્મી છે. સર્જકની ચેતનાને વંદન હજો!



Nobel Prize in Physiology or Medicine 2020
Drs. Harvey J. Alter, Michael Houghton અને Charles M. Rice

## ૦૮. સંભારણાં

**શુચિર્દક્ષી દર્શક**
**નટવર ગાંધી**

---

(લેખકની આગામી આત્મકથા "કર્મન કી ગતિ ન્યારી" નું એક પ્રકરણ)

ડાયસ્પોરા સાહિત્યિક પ્રવૃત્તિઓ

૧૯૭૭માં દેશમાંથી કવિશ્રી સુરેશ દલાલ અમેરિકાની મુલાકાતે આવેલા. એમણે સૂચન કર્યું કે અહીંના સાહિત્યરસિકોએ વારંવાર મળવું જોઈએ અને સાહિત્યિક પ્રવૃત્તિઓ જાળવી રાખવી જોઈએ. એ સૂચનને ખ્યાલમાં રાખી અમે થોડા સાહિત્ય-રસિક મિત્રોએ 'ગુજરાતી લિટરરી અકાદમી ઓફ નોર્થ અમેરિકા' નામે એક સાહિત્યિક સંસ્થા સ્થાપી.

આ અકાદમીના આશ્રયે દર બે વરસે જુદાં જુદાં શહેરોમાં ગુજરાતી સાહિત્યનું સંમેલન યોજાય છે. આ સંમેલનમાં દેશમાંથી જાણીતા કવિ, લેખકોને અમેરિકામાં બોલાવાય છે અને અમેરિકાનાં મોટાં શહેરોમાં એમની બેઠકો યોજાય છે. આ રીતે અકાદમીના આશ્રયે મનુભાઈ પંચોળી 'દર્શક', ઉમાશંકર જોશી, હરીન્દ્ર દવે, નિરંજન ભગત, ભોળાભાઈ પટેલ, ધીરુભાઈ પરીખ જેવા ખ્યાતનામ સાહિત્યકારો અમેરિકામાં આવી ગયા છે. સુરેશ દલાલ, રઘુવીર ચૌધરી, બકુલ ત્રિપાઠી, સિતાંશુ યશશ્ચન્દ્ર, બળવંતરાય જાની જેવા જાણીતા સાહિત્યકારો પોતાની મેળે અથવા એમનાં સગાંવહાલાં કે મિત્રોના આંમત્રણને માન આપી એકથી વધુ વાર અમેરિકા આવી ગયા છે. આમાંના ઘણા લેખકોના યજમાન થવાનો લાભ અમને મળ્યો છે.

અકાદમી તેમ જ બીજી સંસ્થાઓને આશ્રયે જુદાં જુદાં શહેરોમાં સાહિત્યિક પ્રવૃત્તિઓ થતી રહે છે. એક ફિલાડેલ્ફિયામાંથી જે બે ગુજરાતી સામયિકો-કિશોર દેસાઈ સંપાદિત 'ગુર્જરી' અને બાબુ સુથાર સંપાદિત 'સંધી' નીકળે છે, જેમાં 'ગુર્જરી' તો છેલ્લા પચ્ચીસથી પણ વધુ વરસથી નીકળે છે ! અને એમાંય તે 'સંધી' જેવું ઉચ્ચ કક્ષાનું મેગેઝિન આધુનિક ગુજરાતી સાહિત્યમાં મળવું મુશ્કેલ છે. અહીંનું પહેલું ગુજરાતી ડિજિટલ મેગેઝિન 'કેસૂડાં' પણ ફિલાડેલ્ફિયામાંથી નીકળેલું. ગુજરાતીઓની પ્રમાણમાં ઝાઝી સંખ્યા હોવાને કારણે 'ચલો ગુજરાત' કે 'ગ્લોરિયસ ગુજરાત' જેવા મેળા ભરાય ત્યારે એના આશ્રયે કવિસંમેલન અને મુશાયરા જરૂર યોજાય અને દેશમાંથી લોકપ્રિય કવિઓ અને ગઝલકારોને લોકો હજારોની સંખ્યામાં સાંભળે.

પહેલો પરિચય

દેશમાંથી અકાદમીના આશ્રયે અમેરિકા આવેલા સાહિત્યકારોમાં મનુભાઈ પંચોળી 'દર્શક'નું મહત્ત્વ મને વિશેષ હતું. એમની લોકપ્રિય નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી' હું કોલેજમાં ભણેલો એ નવલકથાનાં પાત્રોનું સત્યકામ, રોહિણી, અચ્યુત વગેરેનું મારા કિશોર મનને ઘેલું લાગેલું. ખાસ કરીને અચ્યુત અને સત્યકામનાં યુરોપનાં પરાક્રમો વાંચીને મને પરદેશ જવાની પ્રેરણા મળેલી. થયું કે આવું આપણને કરવા મળે તો કેવું ! પછી ખબર પડી કે દર્શક પોતે તો માંડ પાંચ ચોપડી ભણેલા હતા ! યુરોપ અને હિંદના ઇતિહાસનો એમનો અભ્યાસ તો જાતકમાઈનો હતો. જેમણે હાઈસ્કૂલ પણ પૂરી કરી નથી અને જેમની પાસે કૉલેજની કોઈ ડિગ્રી નથી, અને છતાં જે ગુજરાતના એક ગામડામાં બેસીને યુરોપનાં વિશ્વયુદ્ધો અને વિચારધારાઓનો અભ્યાસ કરે અને એનાં વિશે પુસ્તકો લખે, એમનો ચેતોવિસ્તાર કેવો વિશાળ હશે, એનું મને વારંવાર આશ્ચર્ય થતું. 'દર્શક' નાનાભાઈ ભટ્ટ અને સ્વામી આનંદના શિષ્ય હતા. નાનાભાઈ આગળ એ ઉપનિષદ ભણ્યા. અને પછી તેમની સાથે જ રહી લોકભારતી જેવી વિદ્યાપીઠ ચલાવી. આઝાદીની લડાઈમાં નાની ઉંમરે જોડાઈને જેલમાં જઈ આવેલા. એમનો ગાંધીવાદ પોથીમાંનાં રીંગણાંનો નહીં, પણ રગેરગમાં ઊતરેલો હતો.

એક વાર એ મુંબઈ આવેલા ત્યારે ભારતીય વિદ્યાભવનના ગીતા મંદિરમાં એમનું પ્રવચન યોજાયેલું. ત્યાં મેં એમને પહેલીવાર જોયા. ખાદીની ચોળાયેલી કફની અને ધોતિયાનો એમનો સાદો પહેરવેશ, માથે ઊડતા ધોળા વાળ અને ખરજવાને ખંજવાળતાં ખંજવાળતાં પ્રવચન કરતા મેં એમને જોયા. એ શું બોલ્યા તે આજે મને યાદ નથી, પણ તેમની જે છબી મારા મનમાં પડી તે હજી પણ તાદશ છે. પ્રવચન પ્રત્યે મારે એમની પાસે જઈને કહેવું હતું કે હું તમારી નવલકથા ભણ્યો છું અને મને એ ખૂબ ગમી છે. પણ એમની આજુબાજુ એટલા બધા સાહિત્યકારો ઘેરાઈને ઊભા હતા કે મારી નજીક જવાની હિંમત ન ચાલી. ત્યારે મને કલ્પના પણ ન હતી કે ભવિષ્યમાં હું એમનો યજમાન બનીશ.

અમે મિત્રોએ જ્યારે અમેરિકાની ગુજરાતી સાહિત્યની અકાદમી સ્થાપી ત્યારે એના પહેલા લેખક મહેમાન તરીકે ‘દર્શક’ને બોલાવ્યા. એમને દેશમાં જઈને આમંત્રણ આપવાનું સદ્ભાગ્ય મને મળ્યું. એ નિમિત્તે હું પહેલી જ વાર સણોસરા ગયો અને અમારો સંબંધ બંધાયો. પછી તો જ્યારે જ્યારે હું દેશમાં જાઉં ત્યારે એમને મળવા સણોસરા જાઉં, અને એ પણ અમેરિકા આવે ત્યારે અઠવાડિયું-દસ દિવસ જરૂર અમારે ત્યાં વોશિંગ્ટન આવે. જ્યારે જ્યારે એમને મળવાનું થાય ત્યારે દેશ-વિદેશના રાજકારણની, અલકમલકની વાતો થાય. એ વાતચીતોમાં એમનું નવું નવું જાણવાનું કુતૂહલ પ્રગટ થતું. આ વાતચીતોમાં એમની ગાંધીભક્તિ, નાનાભાઈ અને સ્વામી આનંદ પ્રત્યેનો આદર, ટૉલ્સ્ટોય, લિંકન જેવા મહાનુભાવો માટે એમનું અપાર માન, લોકસેવા કરવાની એમની તીવ્ર ઝંખના વગેરે દેખાઈ આવે.

દેશથી આવતા કેટલાક લેખક મુલાકાતીઓ અહીંયા યેનકેન પ્રકારેણ કેમ પૈસા બનાવી શકાય, શોપિંગ કરવામાં રસ ધરાવે, ત્યારે ‘દર્શક’ને તો અમેરિકાનાં અગત્યનાં ઐતિહાસિક સ્થાનો જોવાનો અને અહીંના વિચારકોને મળવામાં રસ. આવીને કહે કે આપણે ગેટીસબર્ગ જઈએ. અમેરિકાની ભીષણ સિવિલ વૉરની મોટી લડાઈ ત્યાં થયેલી અને ત્યાં જ પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકને એમનું બહુ ટૂંકું પણ વિશ્વવિખ્યાત પ્રવચન આપેલું. ગેટીસબર્ગ વોશિંગ્ટનથી લગભગ સોએક માઈલ દૂર. એક સવારે ‘દર્શક’ સાથે અમારો કાફલો ઉપડ્યો. જે જગ્યાએ લિંકને એમનું પ્રવચન આપેલું ત્યાં ગયેલા. ‘દર્શક’ ભાવવિભોર થઈ ગયા. મને કહે, તમે થોડીવાર માટે લિંકન બની જાવ. એનું પ્રવચન બોલો. મારે એ ટેપ કરવું છે, અને પાછા જઈને મારા વિદ્યાર્થીઓને સંભળાવવું છે ! એ સમયે એ અમેરિકન સિવિલ વૉરનો અભ્યાસ કરતા હતા. એની ફલશ્રુતિરૂપ એ વિષયની એક નવલકથા પણ એમણે આપી.

‘દર્શક’ની બાબતમાં ‘What you see is what you get !’ પોતે જે માને છે, તે કશું છુપાવ્યા વગર, કોઈ રમત રમ્યા વગર સ્પષ્ટ કહી દે. ‘વૉઈસ ઓફ અમેરિકા’ માં મેં જે ઈન્ટરવ્યૂ ગોઠવ્યો હતો તે એમણે સહેલાઈથી આપ્યો. ‘દર્શક’ના રસના વિષયો વિવિધ. ભલે ગાંધીવાદી ખરા, પણ એ બાબતનું કોઈ વેદિયાપણું નહીં. મને કહે, ‘હું તો જબરો રોમેન્ટિક છું હો ! ચોપાટ રમવા બેસું તો આખી રાત નીકળી જાય.’ ચા અને આઈસક્રીમનો મોટો શોખ. એક વાર કહે, ‘જાવ, મકાઈ લઈ આવો. શેકીએ અને ખાઈએ !’ મોટા લેખક છે એવું ભૂસું મનમાં રાખે નહીં. સાંજના એક દિવસ હું ઓફિસેથી ઘરે પાછો આવ્યો, તો જોયું તો એ મારી પત્ની નલિની સાથે શાક સમારતા બેઠા અલકમલક વાતો કરતા હતા !

‘મને માણસમાં રસ છે.’

જાણે કે અમેરિકાની એકેએક મુલાકાતમાં જેટલું જાણવા મળે તેટલું જાણી લેવું, એવું એમનું માનવું. એક વાર હું એમને અહીંના વિખ્યાત એકલવીર પત્રકાર આઈ. એફ. સ્ટોનને મળવા લઈ ગયેલો. સ્ટોને સૉક્રેટિસ ઉપર પુસ્તક લખેલું. ‘દર્શક’ પોતે ત્યારે સૉક્રેટિસના જીવન પર નવલકથા લખી રહ્યા હતા. સ્ટોન સાથે એક બ્રેકફાસ્ટમાં એમણે સૉક્રેટિસ વિશે ઘણી વાતો કરી. અંતે સ્ટોનને કહે કે ઉંમરમાં તમે મારાથી મોટા છો તો મને આશીર્વાદ આપો ! એક મુલાકાતમાં ક્રિશ્ચિયન સાધુઓ મોનેસ્ટરીમાં ધર્મ સાધના કેમ કરે છે અને ત્યાં બહારની દુનિયાથી સાવ વિખૂટા પડીને કેમ જીવે છે તે તેમને જોવું હતું. એ જોવા માટે અમે વોશિંગ્ટનથી પચાસેક માઈલ દૂર એક મોનેસ્ટરી જોવા ગયા. ત્યાંના મઠાધિકારી સાધુ સાથે હિંદુ અને ક્રિશ્ચિયન ધર્મ વિશે એમણે ચર્ચા કરી. લોકભારતીની ગાયો વધુ દૂધ આપતી થાય એ

માટે અહીંના બળદ સાથે એનું ક્રોસ બ્રીડિંગ કરી શકાય કે નહીં તે વિશે જાણવા અમે અહીંની યુનિવર્સિટીમાં ગયા અને તે વિષયના નિષ્ણાતો સાથે વાતો કરી એ બાબતની માહિતી મેળવી.

પોતે ભલે અમેરિકામાં હોય, પણ એ સણોસરાની લોકભારતી વિદ્યાપીઠ કે એના વિદ્યાર્થીઓને ભૂલે નહીં. એ હાડે શિક્ષક હતા. એક વાર કહે કે આપણે ત્યાં ગામડાંઓનું બહું શોષણ થયું છે. એ શોષણ અટકાવવા માટે અમે ગામડાંઓના છોકરા-છોકરીઓને શિંગડાં બતાડતાં શીખવીએ છીએ. એટલે કે એવા શોષણને નીચી મૂંડીએ મૂગાં મૂગાં સહન કરવાને બદલે એનો સામનો કરવાનું શીખવીએ છીએ. ગામડાંવાસીઓને સજ્જ કરવાની અમારી ફરજ છે, કારણ કે હજી પણ દેશની બહુમતી પ્રજા ગામડાંઓમાં વસે છે. હું એમને ચીનના અર્બનાઈઝેશન વિશે વાત કરીને કહું કે દેશની ભયંકર ગરીબીમાંથી છૂટવા માટે આ એક મોડેલ વિચારવા જેવું છે પણ એમનો ગ્રામોદ્ધાર પ્રત્યેનો ગાંધીવાદી બાયસ એવો જબરો હતો કે એ વાત 'દર્શક' સાવ નકારી કાઢતા. કહેતા કે ગામડાંઓમાંથી લોકોને બહાર કાઢવાને બદલે ગામડાંઓને કેમ સુધારીએ નહીં?

એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે અમેરિકામાં વસતા હતા તેમનો સંપર્ક સાધવા પ્રયત્ન કરે. એમના અને એમનાં કુટુંબોના ખબરઅંતર પૂછે. દેશમાંથી થોકડાબંધ એમના પત્રો આવે અને એ બધાનો જાતે જ જવાબ લખે. કહે, 'મને માણસમાં રસ છે.' અમેરિકામાં વસતા ભારતીયોના પ્રશ્નો શું છે તે વિશે જાણવા પણ તે આતુર. એ બાબતનાં પોતાનાં મંતવ્યો પણ રજૂ કરે. અમેરિકામાં જે રીતે કુટુંબવ્યવસ્થા કથળી ગઈ છે તે વિશે ચેતવતાં એક વાર કહે કે કોઈ પણ સમાજ કે સંસ્કૃતિનો પાયો એના સ્થાયી કુટુંબમાં છે અને તેથી જ તો આપણે ભારતીયોએ અહીં પણ આપણું કુટુંબ જાળવવું જોઈએ. હુતો અને હુતી એકલાં રહે અને કહે કે અમે તો સંપથી રહીએ છીએ, એમાં શી નવાઈ? ઘરમાં ભાઈ, બહેન, મા, બાપ એમ સગાંસંબંધીઓ સાથે રહેતાં હોય તો જરૂર કચકચ થાય. વાસણ હોય તો ખખડે. એ બધાને સાથે રાખવામાં આપણી કસોટી છે. આખરે તો સંયુક્ત અને સ્થાયી કુટુંબમાં જ આપણું શ્રેય છે. પતિપત્ની વચ્ચે જે વિસંવાદ હોય તે સમજીને સુધારવો પણ છૂટાછેડા તો ન જ લેવાય. મેં જ્યારે એમને ટૉલ્સટોય અને એમની પત્ની વચ્ચેના વિસંવાદની વાત કરી તો કહે : ટૉલ્સટોય જેવા માણસને યોગ્ય પત્ની ક્યાંથી કાઢવી? જ્યારે અહીંના કેટલાક લોકો તેમને અમારા અંદર અંદરના વાંધા-વચકામાં ભેરવવા પ્રયત્નો કરતા ત્યારે 'મને એમાં કંઈ ખબર ન પડે' એમ કહીને એ વાત ટાળી નાખતા.

એમના અમેરિકાના પ્રવાસોમાં 'દર્શક'ને અહીંના અનેક ગુજરાતી કુટુંબોમાં રહેવાનું થયું. તેથી એમને અમેરિકાની સમાજવ્યવસ્થા અને તેમાં વસતા ભારતીયોની શી સમસ્યાઓ છે તે નજીકથી જોવાની તક મળી. એક સંવેદનશીલ અને હિતેચ્છુ અતિથિ તરીકે એમણે કેટલાંય યજમાન કુટુંબોના અંગત પ્રશ્નોમાં પણ રસ લીધો. છતાં એમના અમેરિકાની પ્રવાસયાત્રાઓ વિશેનાં લખાણોમાં આ સમસ્યાઓ અને પ્રશ્નોનો ભાગ્યે જ ઉલ્લેખ થયો છે અને જે કંઈ થયો છે તે વિવેક અને સંયમથી જ થયો છે. બીજા લેખક અતિથિઓએ પોતાનાં લખાણોમાં એમના યજમાનોની ગોસિપી વાતો કરી છે. તો કેટલાકે ડોળઘાલું વિદ્વત્તાથી અમેરિકાની આફ્રિકન, અમેરિકન અને હિસ્પેનિક લઘુમતીઓ પ્રત્યે ગોરા લોકોના પૂર્વગ્રહો વિશે, અને એનું એનઆરજીઓ એનું બીબાછાપ અનુકરણ કરે છે તે વિશે કાલું કાલું લખ્યું છે. આ જ નિર્લજ્જ લેખક મહાશયો બીજે જ વરસે એ જ અમેરિકન એનઆરજીઓની મહેમાનગતિ માણવા પાછા હાજર થઈ જાય છે! જે થાળીમાં ખાધું છે તેમાં થૂંકવાનું નગુણું કામ 'દર્શક' ન કરે.

દેશના રાજકારણમાં એમનો સક્રિય રસ. એ વિશે ગાંધીવાદી વિચારો વ્યક્ત કરવા હંમેશ બેધડક લખતા અને જ્યારે જરૂર પડી ત્યારે ચૂંટણી પણ લડ્યા અને શિક્ષણપ્રધાન થયા. સાથે સાથે લોકભારતી જેવી મોટી વિદ્યાપીઠ પણ ઠેઠ સુધી ચલાવી. આવી અનેક પ્રવૃત્તિઓથી ધમધમતા એમના જીવનમાં એમને નવલકથા અને નાટકો લખવાનો સમય ક્યાંથી મળે? મને એમ હંમેશ લાગ્યા કર્યું છે કે એમનું સાહિત્યસર્જન જાણે ડાબા હાથનો ખેલ હતો. એટલે જ તો મને એમના સર્જનમાં શિથિલતા દેખાય છે. સ્વામી આનંદ જેવા, જે એકેએક શબ્દ ચકાસતા સાહિત્યમર્મી હતા, તે તો

એમને ઠપકો આપતાં કહે, 'તું લખે છે, તેમાં લાપસી સાથે આ કાંકરા કેમ આવે છે ?'

લોકભારતીનું પટોમ્પકિન ગામડું

હું જ્યારે જ્યારે 'દર્શક'નો વિચાર કરું છું ત્યારે એમણે લોકભારતીમાં હજારો વિદ્યાર્થીઓ તૈયાર કરીને જે અમૂલ્ય સેવા કરી છે તે તો સહજ જ યાદ આવે છે, છતાં લોકભારતીનો એમનો પ્રયોગ મને પટોમ્પકિન વિલેજની વાત યાદ આપે છે. ૧૭૮૭માં ક્રાઈમિયામાં ફરવા નીકળેલાં રશિયાનાં મહારાણી કેથરિન પર છાપ પાડવા માટે ગ્રિગોરી પટોમ્પકિન નામના રશિયન અધિકારીએ એક આદર્શ ગામ તૈયાર કર્યું અને રાણીને બતાડ્યું કે એમના રાજ્યમાં રશિયામાં કેવી પ્રગતિ થઈ છે અને લોકો કેટલા સુખી છે. લોકભારતીમાં પ્રવેશ કરતાં જ બધું સ્વચ્છ અને સુંદર દેખાય. મકાનો લાઈનસર બંધાયેલાં, ફૂલોથી લચી પડતા બગીચાઓ, વ્યવસ્થિત રોપાયેલાં વૃક્ષો, ગૌશાળામાં દરેક ગાયનું નામ હોય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ વગેરે વિવેક અને શિસ્તથી એકબીજા સાથે વર્તે, બધા વિદ્યાર્થીઓ સાથે જમે, વારતહેવાર મિષ્ટાન, ફરસાણ પણ હોય, ક્યાંય તંગી ન વરતાય ! ('દર્શક'ને પોતાને જ આઈસક્રીમનો ખૂબ શોખ !) સવાર-સાંજ પ્રાર્થનાસભામાં બધા સાથે મળે અને ભજનો ગાય, અને આદર્શ જીવન કેમ જીવવું એની ચર્ચા થાય.

લોકભારતીમાંથી જેવા બહાર નીકળો અને સણોસરા ગામને જુઓ તો સાવ જુદી જ દુનિયા દેખાય. એ બે દુનિયા વચ્ચેનો આડાગાડાનો તફાવત જોતાં લોકભારતીનો પ્રયોગ માત્ર સ્વપ્ન સમાન લાગે. આનો અર્થ એ નથી કે 'દર્શક'ને આ વિરોધાભાસનું ભાન નહોતું કે લોકભારતીની દીવાલની બહારના સણોસરાની એમને ખબર ન હતી. એ તો આખો દેશ ભમી ચૂકેલા. ગરીબ બિહાર રાજ્યના કંગાળ પ્રાંતોમાં જયપ્રકાશ નારાયણ સાથે ફરેલા અને કામ કરેલું. દીવાલની આજુબાજુની બે સાવ જુદી દુનિયાનું એમને સ્પષ્ટ ભાન હતું, પણ એમનો જવાબ પૂરેપૂરો ગાંધીયન હતો : 'મારાથી જે થાય છે તે હું કરું છું. બહારની દુનિયાના ભીષણ અંધકાર સામે હું જો મારો નાનો સરખો પણ દીવો ન સળગાવું તો હું મારી ફરજ ચૂક્યો ગણાઈશ. એટલે જ તો લોકભારતી કરીને અમે એક નાનો દીવો સળગાવ્યો છે.'



Nobel Prize in Chemistry 2020
Emmanuelle Charpentier and Jennifer A. Doudna

## ટનકપુર-પૂર્ણાગિરિ

**ભાણદેવજી**

---

ટનકપુર-પૂર્ણાગિરિ

ભારત અને નેપાલની સરહદરૂપિણી એક મહાનદી છે. આ મહાનદીનું નામ છે કાલીગંગા. નામ તેવું જ સ્વરૂપ છે, આ કાલીગંગાનું ! કાલીગંગા રુદ્રરૂપિણી નદી છે. સાંભળ્યું છે કે પિતૃગૃહે અલ્લડ હોય તેવી કન્યા પણ શ્વશુરગૃહે જઈને સૌમ્ય અને ઠાવકી બની જાય છે. આપણી હિમાલયની નદીઓનું પણ આમ જ છે. પહાડ તો તેમનું પિતૃગૃહ. પિતૃગૃહ છોડીને મેદાનમાં પ્રવેશે એટલે આ સરિતાઓ પોતાનું તોફાની સ્વરૂપ છોડીને સૌમ્ય-શાંત સ્વરૂપ ધારણ કરે છે. આ જુઓ ને, ગંગા હૃષીકેશ પછી કેવી શાંત બની જાય છે! હિમાલયની બધી નદીઓ માટે આ સાચું છે, પરંતુ કાલીગંગા માટે તો વિશેષતઃ સાચું છે. કાલીગંગા હિમાલયની અન્ય નદીઓના પ્રમાણમાં વધુ રુદ્રરૂપિણી છે, પણ હિમાલયમાંથી નીકળીને સાવ શાંત બની જાય છે. કન્યા નવવધૂ બને અને બીજી જ ઘડીએ ઠાવકી બની જાય, તેમ આપણી આ હિમાલયકન્યા કાલીગંગાનું બને છે.

ભારતથી કૈલાસ-માનસરોવરની યાત્રાએ જતાં યાત્રીઓનો પગપાળા માર્ગ મહદંશે આ કાલીગંગાના કિનારે કિનારે પસાર થાય છે.

કાલીગંગા જે સ્થાનમાંથી ઉદ્‌ગમ પામે છે તે સ્થાનનું નામ છે કાલાપાની અને કાલીગંગા જે સ્થાન પાસે હિમાલય છોડીને મેદાનમાં પ્રવેશે છે તે સ્થાનનું નામ છે ટનકપુર! આ મહાનદી કાલીગંગા અહીં ટનકપુર પાસે પોતાનું માત્ર રૂપ જ નહીં, નામ પણ બદલે છે. અહીં ટનકપુરથી કાલીગંગા નવું નામ ધારણ કરે છે. આ નામ છે શારદા! કાલીગંગામાંથી શારદા - કેટલું મોટું રૂપાંતર!

ટનકપુર એક ઘણું વિશિષ્ટ સ્વરૂપનું નગર છે. ટનકપુર હિમાલયની સાવ લગોલગ છતાં મેદાનમાં વસેલું નગર છે. એક બાજુ ઉત્તરમાં હિમાલયનો પર્વતીય વિસ્તાર અને બીજી બાજુ તરાઈની સપાટ ભૂમિનાં જંગલો - આ બંનેની વચ્ચે વસેલું આ અર્ધપહાડી અને અર્ધમેદાની નગર ટનકપુર નાનું પણ ખૂબ રમણીય નગર છે.

ઉત્તર ભારતના મેદાની વિસ્તારમાંથી ટનકપુર સુધી જવા માટે અરણ્ય, ઉપવનો અને લીલાંછમ ખેતરો વચ્ચેથી પસાર થવાનું આવે છે. આ દૃશ્યો અને હિમાલયન વાતાવરણ રોમહર્ષક છે.

ટનકપુરની ભાગોળે જ ઉત્તુંગ પહાડો છે, ઘોર જંગલ છે અને સૌથી વિશેષ ટનકપુરના પાદરમાં જ શારદા-નામ અને શારદા-રૂપ ધારણ કરનારી મહાનદી કાલીગંગા વહે છે. એટલું જ નહીં, ટનકપુરની લગોલગ જ આ શારદાનદી પર વિશાળ ડેમ બાંધવામાં આવ્યો છે. આમ ટનકપુરના આંગણામાં જ આ વિશાળ સરોવર ડેકા દઈ રહ્યું છે. ટનકપુરમાં કેટલાં તત્ત્વો ! હિમાલય, અરણ્ય, મેદાન, શારદાનદી, સરોવર, ઉપવનો, લીલાંછમ ખેતરો અને સૌથી વિશેષ ટનકપુરનાં ભલાં અને પ્રામાણિક માનવો! પ્રકૃતિદેવી આપી શકે તે બધું જ ટનકપુરને મળ્યું છે. સૌથી શિરમોર છે ભગવતી પૂર્ણાદેવીનું મંદિર! ટનકપુરની પાસેના પહાડોમાં સૌથી ઊંચા પહાડની ટોચ પર રાજરાજેશ્વરી ભગવતી પૂર્ણાદેવી બિરાજે છે. ટનકપુર જાણે પૂર્ણાદેવીની છાયામાં વસેલું નગર છે.

આ બધાં પરિબળોની અસર ટનકપુરના લોકો અને લોકજીવન પર જોવા મળે છે. અહીંની બજારમાં ફરતાં અહીંના લોકો સાથે વાત કરતાં સ્પષ્ટ રીતે લાગે છે કે ટનકપુર જુદી જાતનું નગર છે.

ટનકપુર દેશના અન્ય ભાગો સાથે બસ અને ટ્રેઈન દ્વારા જોડાયેલું છે. અહીં સુધી દેશના મેદાની વિસ્તારના લોકો ટ્રેઈન દ્વારા આવી શકે છે અને બસ દ્વારા પણ આવી

શકે છે. હિમાલયના ઉપરના વિસ્તારમાં જવા માટે અહીંથી પાર વિનાની બસો મળે છે. અહીંથી નેપાલની સરહદ સાવ નજીક છે. શારદાનદીના સામા કિનારે નેપાલ છે. ટનકપુર નેપાલમાં પ્રવેશવા માટેનું અને નેપાલમાંથી ભારતમાં પ્રવેશવાનું એક દ્વાર છે. અહીંની બજારમાં નેપાલી લોકોનાં ટોળાં જોવા મળે છે. સરહદ પારના નેપાલનાં ગામડાંના લોકો પોતાની રોજબરોજની ચીજો ખરીદવા માટે ટનકપુર આવે છે. ટનકપુર નેપાલી લોકો માટે એક મહત્ત્વનું બજાર છે.

હિમાલયનાં તીર્થોની યાત્રા કરતાં-કરતાં અમે ભોવાલીથી ટનકપુરની બસમાં બેઠા છીએ. સાંજે લગભગ પાંચ વાગ્યે અમે ટનકપુરમાં પહોંચ્યા. મનમાં વિચાર ચાલે છે - ટનકપુરમાં ઉતારો ક્યાં કરીશું? બસ ટનકપુરમાં જ રસ્તા પરથી પસાર થઈ રહી છે. અચાનક જ એક બૉર્ડ પર નજર ગઈ અને ઝડપથી વંચાઈ ગયું : *ટનકપુરમે યાત્રીઓ કે લિયે ઠહરને કા ઉત્તમ સ્થાન-પંચમુખી શિવમંદિર.* બસસ્ટેન્ડથી ઊતરીને અમે પૂછતાં-પૂછતાં શિવમંદિર પહોંચી ગયા. અમારો ઉતારો ગોઠવાઈ ગયો.

સાંજનો સમય છે. અમે સ્નાન કરીને શિવજીની સંધ્યા-આરતીમાં પહોંચી ગયા. અહીં શિવલિંગમાં શિવજીનાં પાંચ મુખ કોતરેલાં છે, તેથી શિવજીને અહીં પંચમુખી શિવજી કહેલ છે. કયાં છે આ પંચમુખ?

૧. સદ્યોજાત ૨. વામદેવ ૩. અઘોર ૪. તત્પુરુષ ૫. ઈશાન.

બીજા દિવસે સવારે અમે પૂર્ણાગિરિની યાત્રા માટે નીકળ્યા.

કોણ છે આ પૂર્ણાગિરિ? પૂર્ણાગિરિ જગદંબાનું એક સ્વરૂપ છે. અહીં આ વિસ્તારના સૌથી ઊંચા પર્વતનું નામ છે - પૂર્ણાગિરિ. આ પહાડની ટોચ પર જગદંબાનું સ્થાન છે. જગદંબાના આ સ્વરૂપનું નામ છે પૂર્ણાગિરિ!

પૂર્ણાગિરિનું મંદિર ટનકપુરથી ૨૩ કિ.મી. દૂર છે. પ્રારંભના ૧૬ કિ.મી. સુધી જીપ ચાલી શકે તેવો રસ્તો છે. અમને એક જીપ મળી ગઈ. પહાડ અને જંગલની વચ્ચેથી પસાર થતો સાવ કાચો અને પથરીલો રસ્તો છે. ૧૬ કિ.મી.નો રસ્તો કાપતાં અમારી જીપને એક કલાક લાગ્યો. રસ્તો એટલો ઊબડખાબડ છે કે એક કલાકમાં અમારાં હાડકાંના સાંધા ઢીલા કરી નાખ્યા. આવા રસ્તે જીપમાં મુસાફરી કરવા કરતાં ચાલવું સારું. આ સોળ કિ.મી.ના રસ્તામાં પાર વિનાનાં ઝરણાંઓ અને નાની પહાડી નદીઓ આવે છે. આટલા નાના અંતરમાં આટલા જળપ્રવાહો જોયા નથી. આખરે તો આ બધા જળપ્રવાહો શારદાને મળે છે. ટનકપુર નગર છોડીને બહાર નીકળીએ એટલે જંગલ શરૂ થાય છે; અને પહાડ તો છે જ. દરેક જળપ્રવાહને પાર કરવા માટે જીપ જળપ્રવાહમાં થઈને પસાર થાય છે કારણ કે પુલો હજુ બંધાયા નથી.

આ રીતે જંગલ, પહાડો અને જળપ્રવાહો પસાર કરતાં-કરતાં અમે એક નદીના કિનારે પહોંચ્યા. આ નદી પાસે રસ્તો પૂરો થાય છે. જીપ અહીં જ અટકી જાય છે. નદી પાર કરીને અમે ચાલવાનો પ્રારંભ કર્યો. અહીંથી પૂર્ણાગિરિ ૭ કિ.મી. દૂર છે. થોડે આગળ જતાં પગદંડીના બે ફાંટા પડે છે. એક નેપાલમાં જાય છે અને બીજો પૂર્ણાગિરિ પહાડ પર લઈ જાય છે. અમે પૂર્ણાગિરિની પગદંડી પસંદ કરી. વિશાળ કદના પહાડો, ગાઢ જંગલો અને પાર વિનાનાં નદી-નાળાં - આ વિસ્તારની આ ત્રણ વિશેષતાઓ છે. રસ્તે ચાલતાં-ચાલતાં નાનામોટા જળપ્રવાહો આવ્યા જ કરે છે. અમે ક્યારેક કૂદીને અને ક્યારેક જળપ્રવાહની વચ્ચે ચાલીને - એમ આ પ્રવાહોને પાર કરતા જઈએ છીએ.

અમારી આગળ કોઈ યાત્રી જણાતાં નથી. કોઈ પાછળ આવતાં હોય એમ પણ લાગતું નથી. કોઈ યાત્રી સામેથી આવતાં હોય તેમ પણ બનતું નથી. આખા રસ્તે અમે જ છીએ કે શું?

રસ્તામાં એક નાનું યાત્રીનિવાસગૃહ છે, પણ કોઈ યાત્રી જણાતા નથી.

અહીંના આ પહાડોમાં વ્યાપક પ્રમાણમાં તોડફોડ થઈ છે તેમ સ્પષ્ટ અને ડગલે ને પગલે જોવા મળે છે. કોણે કરી છે આ તોડફોડ? માણસોએ? ના-ના, માણસોનું આ કાર્ય નથી. રુદ્રરૂપિણી કાલીગંગા અને તેની શાખા-પ્રશાખાઓએ આ તોડફોડ કરી છે. હિમાલયની નદીઓ પહાડોની તોડફોડ

કરે છે. આ કાંઈ નવું નથી. આવી તોડફોડ તો અમે અનેક સ્થાને જોઈ છે, પરંતુ આવી અને આટલી ભયંકર તોડફોડ ક્યાંય જોઈ નથી. કાલીગંગા તે કાલીગંગા છે અને કાલી ધ્વંસની દેવી છે. તદનુસાર આ કાલીગંગાનો ધ્વંસ છે, પરંતુ આ ધ્વંસની પાછળ તેની મંગલમયતા પણ છે જ, અન્યથા આટલાં સુંદર અને આટલાં ગાઢ જંગલો કેવી રીતે બન્યાં છે?

પહાડોની તોડફોડ કાલીની ધ્વંસશીલતા છે, પરંતુ પ્રગાઢ જંગલો કાલીની મંગલમયતા છે. આવી છે મંગલમય કાલીની ધ્વંસશીલતા!

અહીંની એવી પરંપરા છે કે આ પહાડો અને આ વૃક્ષો ભગવતી પૂર્ણાગિરિદેવીનાં છે અને તેથી આ વૃક્ષોને કોઈ કાપતું નથી. ભારતનાં લોકો રાજસત્તાને માને કે ન માને, પરંતુ ધર્મસત્તાને અવશ્ય માને છે!

જેમજેમ આગળ ચાલીએ છીએ તેમતેમ રસ્તાની કઠિનાઈ વધતી જાય છે. પહાડો અને જંગલો વચ્ચે પસાર થતી પગદંડી એવી આંટીઘૂંટીવાળી છે કે આપણે કોઈ વિશાળ ભુલભુલામણીમાંથી પસાર થતા હોઈએ તેમ લાગે છે. પહાડની ટોચ પર પૂર્ણાગિરિદેવીનું સ્થાન છે. છેલ્લી ચડાઈ એટલી સીધી અને કઠિન છે કે જાણે દીવાલ પર ચડતા હોઈએ તેમ લાગે છે. તડકો ખૂબ છે. છેલ્લી ચડાઈ હંમેશાં કઠિન જ હોય છે. પ્રત્યેક ચડાઈનું આવું સ્વરૂપ છે. આ ચડાઈ જીવનની હોય કે પહાડની, પણ છેલ્લી ચડાઈ અર્થાત્ આખરી ચડાઈ કઠિન હોવાની જ!

પરસેવે રેબઝેબ થતાં અમે આગળ વધીએ છીએ. શ્વાસ ધમણની જેમ ચાલી રહ્યો છે.

આખરે અમે પૂર્ણાગિરિ પહાડની ટોચ પર પહોંચ્યા. સાવ સાંકડી, નાની જગ્યા છે. અહીં પવનના ઝપાટા ખૂબ લાગે છે. આ પવન જો અમને થોડો ધક્કો મારી દે તો અમે સીધા જ ઊંડી ખીણમાં પહોંચી જઈએ અને અમારાં હાડકાંનો પણ પત્તો ન લાગે. પૂર્ણાગિરિદેવીનું સ્થાન આ સૌથી ઊંચી ટોચથી સહેજ નીચે એક બીજી ટોચ પર છે. અહીં એક સાવ નાનું મંદિર છે. આ પહાડની ટોચ પર એક ખૂબ ઊંડો, સાંકડો અને સીધો ભોંયરા જેવો ગર્ત (ખાડો) છે. આ ગર્ત તે જ દેવીનું સ્વરૂપ મનાય છે. આ ગર્તરૂપી શ્રીવિગ્રહની પૂજા થાય છે. બાજુમાં હવે આરસની અન્ય મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ છે, પરંતુ પૂર્ણાગિરિદેવીનું મૂળ સ્થાન તો આ જ છે.

જગદંબાના શરીરનાં ૫૧ અંગો પૃથ્વી પર ભિન્નભિન્ન સ્થાને પડ્યાં, ત્યાંત્યાં શક્તિપીઠો થઈ. આવી ૫૧ શક્તિપીઠો છે. અહીં આ સ્થાનમાં જગદંબાની નાભિ પડી છે. તદનુસાર આ પણ એક શક્તિપીઠ છે. નાભિ ગર્તરૂપિણી છે, તેથી આ સ્થાન પણ ગર્તરૂપી સ્થાન છે, તેથી જ અહીં આ ગર્ત જ જગદંબાનો શ્રીવિગ્રહ ગણાય છે.

કુમાઉંના પશ્ચિમ-ઉત્તર છેડા પર દ્રોણાગિરિદેવીનું સ્થાન છે. કુમાઉંના પૂર્વ-દક્ષિણ છેડા પર આ પૂર્ણાગિરિદેવીનું સ્થાન છે. દ્રોણાગિરિમાં પહાડની ટોચ પર પહાડનો શંકુ-આકાર અણીવાળો ભાગ દેવીનું સ્વરૂપ ગણાય છે. અહીં પૂર્ણાગિરિમાં પહાડની ટોચ પરનો ગર્ત દેવીનું સ્વરૂપ ગણાય છે. કુમાઉંની આ બંને સીમા પર આ બંને દેવીઓ જાણે કુમાઉંનું રક્ષણ કરતી બેઠી છે.

અમે ટોચ પર જગદંબાના સ્થાન પર પહોંચ્યા. અન્ય કોઈ જ યાત્રી નથી. પૂજારી એકલા જ બેઠા છે. પૂજારીએ અમને કહ્યું તે પ્રમાણે આજે અમે જ સૌથી પહેલા યાત્રીઓ છીએ. સવારથી બપોર સુધીમાં બીજા કોઈ યાત્રી આવ્યા નથી.

અમે દર્શન કર્યાં, વંદન કર્યાં અને પૂજારીજીના માર્ગદર્શન પ્રમાણે પૂજા પણ કરી. લઘુસ્તવનનો પાઠ કર્યો.

દેવીના સ્થાનની બાજુમાં એક સિદ્ધબાબાની સમાધિ છે. પૂજારીજીની સૂચનાથી અમે સિદ્ધબાબાની સમાધિ પર દર્શનાર્થે જઈ આવ્યા. પૂજારીજીએ અમને સમજાવ્યું કે અહીંની લોકમાન્યતા પ્રમાણે આ સિદ્ધબાબા આ પૂર્ણાગિરિદેવીની યાત્રાના સાક્ષી છે, તેથી તેમની સમાધિનાં દર્શનથી આ યાત્રા પરિપૂર્ણ થઈ તેમ ગણાય છે.

**ક્રમશ...**

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## આપણું શૈક્ષણિક આત્મનિરીક્ષણ

**ન. પ્ર. બુચ, નોંધ : મનસુખ સલ્લા**
mansukhsalla@gmail.com

હું ૧૯૩૦થી ૧૯૩૯ સુધી દક્ષિણામૂર્તિ, ભાવનગર-સંસ્થામાં અંગ્રેજીનો શિક્ષક રહ્યો. ૧૯૩૯ પછી ઘરશાળા, ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા અને છેલ્લે લોકભારતીમાં કામ કર્યું અને રહ્યો. આ ચારે સંસ્થાઓને એક સાથે ગણીને હું વાત કરું છું. આ ચારે સંસ્થાઓમાં એકસૂત્રતા છે. ચારે સંસ્થાઓમાં મને ઇન્ટીગ્રેટેડ અનુભવ મળ્યો છે.

આ સંસ્થાઓમાં (૧) નવી કેળવણી અને તેનો અમલ (૨) રાષ્ટ્રભાવના એ મુખ્ય પ્રવાહો રહ્યા છે. બંને પ્રવાહો પોષક અને પૂરક છે. નાનાભાઈની સંસ્થાઓમાં બે પ્રવાહોનો સમન્વય થયો છે. તેનાં સુફળ મળ્યાં છે. નાનાભાઈએ પ્રાચીન ગુરુકુળના ખ્યાલને ધ્યાનમાં રાખીને પ્રારંભ કરેલો. પછી તેમાં બીજાં તત્ત્વો પ્રવેશ્યાં. સંધ્યાવંદન કરાવતા. સારાં આર્ય બાળકો બનાવવાં માટે એ સઘળું ન કરનારને દંડ મળતો, દૂધકાપ થતો. ચુડાના સજ્જને તેમની આંખ ઉઘાડી. તેમણે કહેલું, 'નાનાભાઈ, સંધ્યાવંદન શીખવા માટે નહિ, તમારા જીવનમાંથી કાંઈક શીખવા મળે એ માટે મેં મારાં બાળકોને અહીં મૂક્યાં છે.' ને નાનાભાઈની સંસ્થામાંથી સજા ગઈ.

નાનાભાઈનું જાતનું ઘડતર અને સંસ્થાનું ચણતર, આ પ્રક્રિયા સમાંતરે ચાલી છે. પોતાની સ્કૂલ હોવી જોઈએ તો સંસ્કાર આપી શકાય. તો ૧૯૧૦માં સ્કૂલ શરૂ કરી. પોતાનો જ અભ્યાસક્રમ, પુસ્તકો હતાં. રાષ્ટ્રીય શિક્ષણની વાત પછીથી આવી. ૧૯૧૫માં ગાંધીજી આવ્યા. ત્યાં સુધી પ્રેરણા પ્રકાંડ પંડિત નથ્થુરામ શર્માની હતી. નાનાભાઈ એમના પટ્ટશિષ્ય હતા. પછી નથ્થુરામ શર્માને છોડ્યા, પણ પછી કદી એમને વિષે ઘસાતું નથી બોલ્યા. તેમનું સ્થાન ગાંધીજીએ લીધું. આ તેમનો વિકાસ છે.

નાનાભાઈએ પશ્ચિમની કેળવણીના વિચારોનું ગહન અધ્યયન કર્યું. બાળકનું સ્વતંત્ર વ્યક્તિત્વ, મુક્તવિકાસ વગેરે વિચારો આવ્યા. મેડમ મૉન્ટેસૉરીએ કહ્યું કે, 'બાળક પ્રત્યે મા-બાપનો ધર્મ છે, અધિકાર નહિ. બાળકને એની રીતે વિકસવા દો. મા-બાપ સગવડ આપે.' તેમાંથી કેળવણીના સિદ્ધાંતો આવ્યા. શરૂઆતમાં આ નહોતું. એમાંથી 'શિષ્ય માટે હું છું, મારે માટે શિષ્યો નથી' એ ભાવ આવ્યો.

ગાંધીજી આવ્યા પછી રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રીય સંસ્થાઓનો ખ્યાલ અમલમાં આવ્યો. ગિજુભાઈએ બાલમંદિર શરૂ કર્યું.

નાનાભાઈએ કેળવણીના ૧૫ સિદ્ધાંતો આપ્યા છે. આ પાયાની વાતો છે. લોકભારતી એનું જ અનુસંધાન છે.

(૧) સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફૂર્તિ અને પરિણામે વિદ્યાર્થીઓની જવાબદારી.
(૨) શિક્ષા અને ઇનામ, ભય કે લાલચનો સદંતર અભાવ.
(૩) પરીક્ષાના ત્રાસમાંથી મુક્તિ, પરીક્ષા ખરી, ત્રાસ નહિ. પરીક્ષાનો હાઉ દૂર કરાયો. અનેક રીતો અપનાવી.
(૪) વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને શિક્ષણ યોજના.
(૫) માતૃભાષા દ્વારા જ શિક્ષણ આપવું.
(૬) કેળવણીમાં ઉદ્યોગની તાલીમને સ્થાન આપવું. કાંતણ-વણાટને સ્થાન આપ્યું. ગાંધીજીએ વર્ધા યોજનાની વાત ૧૯૩૭માં કરી. સફાઈને સ્થાન આપ્યું.
(૭) ખડીબોલી, હિન્દીને ફરજિયાત સ્થાન આપ્યું. ગાંધીજીની વ્યાખ્યા મુજબની હિન્દી રાખી હોત તો દક્ષિણભારતમાં હિન્દીનો વિરોધ ન થાત. અત્યારે પંડિતાઈ હિન્દી થઈ ગઈ છે.

(૮) રમતો, પ્રવાસો, ચર્ચા-સંઘો, ઇતરવાચન, નાટકોનું સ્થાન હતું. અભ્યાસક્રમનું બંધન નહોતું.
(૯) શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય તેવા શિક્ષકો રાખવા. તે વખતે નોનમેટ્રિક પણ શિક્ષક થતા. પણ આજે વધુ ભણેલાઓ શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોનો અમલ કરે છે?
(૧૦) સંસ્થાને રાષ્ટ્રીય રાખવી. સરકારી નિયમોથી મુક્ત રાખવી.
(૧૧) સહશિક્ષણને નાનાભાઈએ પાયાનો સિદ્ધાંત ગણ્યો છે. જોખમથી બીને સહશિક્ષણ ન કરવું તેમ નહિ, સ્ત્રી-પુરુષનું સાથે રહેવું એ સ્વાભાવિક છે.
(૧૨) વિદ્યાર્થીઓ શિક્ષકો અને ગૃહપતિઓના નિકટ સંપર્કમાં રહે. આપણે જે સફળતા મેળવી છે તેની પાછળ આ તત્ત્વ રહેલું છે. નિખાલસ, નિકટ, અનૌપચારિક સંબંધો હોય તેટલી વધુ સફળતા. માણસ વધુ સારો માણસ બને એ માટે તો કેળવણી છે. માનવતાલક્ષી પ્રવૃત્તિઓ માટે.
(૧૩) સંસ્થાએ પોતે લખેલાં પાઠ્યપુસ્તકો વાપરવાં.
(૧૪) માનસશાસ્ત્ર અને શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોને આધારે શિક્ષણની યોજના કરવી. ફ્રોઈડ, યુંગ, એડલર વગેરેના વિચારો આવ્યા હતા. આ બધાનો આપણે આજે કેટલો અમલ કરીએ છીએ? આપણે કેટલાક સિદ્ધાંતોનો પુનઃવિચાર કરવો જરૂરી છે. આપણે પરીક્ષાલક્ષી બની ગયા છીએ. વિદ્યાર્થીઓ પરીક્ષામાં ચોરી કરતા થયા છે. આપણે સજા કડક કરતા ગયા છીએ. ડોલ્ટન યોજનામાં પરીક્ષા નહિ, સતત મૂલ્યાંકન. શિક્ષકનો અભિપ્રાય તે કક્ષા. સજા અને પરીક્ષાના ત્રાસ, ભય અંગે આપણે પુનઃવિચાર કરવાની જરૂર છે.

વિદ્યાર્થી ઉપર વિશ્વાસ મૂકવાનું જોખમ લઈને પણ વિશ્વાસ મૂકવો, સમજાવવા. નાનાભાઈ કહેતાં, 'છેતરાવામાં વાંધો નથી, છેતરવું નહિ.'

આપણો વ્યકિતગત સંબંધ-સંપર્ક ઉપયોગી બનશે. ત્રણ વર્ષમાં આપણે બધું નહિ કરી શકીએ. આપણે જાગૃત થવાની જરૂર છે. શિક્ષક થવું એ જીવનસાધના છે. આ પ્રશ્નોને જીવનસાધનારૂપે જોઈએ.

નાનાભાઈ દર પાંચ વર્ષે તટસ્થ માણસોને સંસ્થાના મૂલ્યાંકન માટે સામેથી નીમતા. તેમનાં સૂચનો ઉપર વિચાર કરીને ફેરફાર કરતાં. ૧૯૧૮માં તેમણે આ માટે કાકાસાહેબને નીમ્યા હતા.

પાયાની વાતો કોઈપણ હિસાબે સાચવવી જોઈએ. અંગ્રેજી માધ્યમ રુરલ ઇન્સ્ટિટ્યૂટમાં દાખલ કરવાની વાત આવી તો નાનાભાઈએ લખાવ્યું કે 'કેટેગોરીકલી નો.' જેમ ગાંધીજીએ કહ્યું કે, 'અહિંસા વિનાનું સ્વરાજ મારે નથી જોઈતું.' તેમ આગ્રહ રાખવો જોઈએ...

(લોકભારતી-સણોસરામાં અધ્યાપક અધ્યયન મંડળમાં તા. ૨૦-૧૨-૧૯૯૦ના રોજ આપેલું વકતવ્ય. નોંધઃ મનસુખ સલ્લા)

### શ્રદ્ધાંજલિ

ખાદી ગ્રામોદ્યોગ ક્ષેત્રે અને વિશેષ કરીને ગ્રામ ટેક્નૉલૉજી/એપ્રોપ્રિયેટ ટેક્નૉલૉજી/પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે આગવી સૂઝ ધરાવતા તથા તેના અવનવા પ્રયોગો હાથ ધરી તેને લોકભોગ્ય બનાવવામાં જીવનભર કાર્યરત રહ્યા હતા તેવા ગઢડા-ગોપાલધામ સંસ્થાના વડીલ મા. શ્રી છેલભાઈ શુક્લનું ૮૬ વર્ષની વયે તા.૩૦ ઑક્ટોબરના રોજ અવસાન થયું.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવાર પર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહવાની શક્તિ આપે અને દિવંગતના આત્માને પરમ શાંતિ મળે તેવી પ્રભુપ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ગુજરાતમાં સબરસઃ ત્રણ વામનિક ડગલાં

**ભૂષણ ઓઝા**
bhushanoza@gmail.com

મીઠું સ્વાદ અનુસાર!

એટલે કેટલું ? હેં ?

વિક્રમ સંવતનું નવું વર્ષ હોય, હજી પરોઢ થતું હોય ને 'સબરસ લ્યો' અથવા 'શુકનનું સબરસ લ્યો' એવા સાદ ગામ હોય કે શહેર; હજી સંભળાય છે ..અરે લાવે છે તો મીઠું પણ, કહેવાય સબરસ, કારણ સહુને ખબર જ છે – કે ખોરાકમાં સ્વાદ એવો ઉમેરે કે એની હાજરીની નોંધ જીભથી લઈ હોજરી સુધી લેવાય. કુરાને-શરીફ તો એમ કે છે કે અલ્લાહે જન્નતમાંથી ચાર વસ્તુઓ ધરતીને આશીર્વાદરૂપે આપીઃ લોખંડ, આગ, પાણી અને મીઠું! આયુર્વેદના 'અષ્ટાંગહૃદય' નામના ગ્રંથમાં ઔષધિવર્ગમાં મીઠાનું જ એક અલગ પ્રકરણ છે, બોલો ! તમે 'લવણભાસ્કર' ચૂર્ણ ક્યારેક તો લીધું જ હશે! આ ચૂર્ણમાં અસરકારક ઔષધિ એટલે લવણ (નમક-મીઠું) જ તો છે!

ગુજરાતને આ મીઠા સાથે એવો નાતો છે કે આજ સુધીની સફરમાં ત્રણ મોટા ડગલાં ભરાયાં અને તે પણ વામન દેવે ભર્યા'તા એટલા તો નહીં છતાં હજી દેખાય છે એવાં મોટાં કદનાં!

**પહેલું ડગલું :**

૧૨ માર્ચ, ૧૯૩૦. આમ તો દક્ષિણ આફ્રિકાથી આવ્યા પછી અને ૧૯૩૦ સુધીમાં આ અડીખમ એકવડિયા કાઠીના માણસે બળપ્રચુર અને કળકુશળ એવી અંગ્રેજ સરકારને નવનેજાં પાણી લાવી દીધેલાં. આ 'દાંડીકૂચ' એ હજી સુધી અગ્રિમ સ્થાને રહેલો સત્યાગ્રહ ગણી શકાય. વાત શેની? તો કે મીઠાની (ખરેખર?). સાવ અણઘડ એવો એકાધિકારનો કાયદો ને કર નાખ્યો અંગ્રેજ સરકારે. ને આ તો 'ગાંધી'. એણે હાકલ કરી કે ''લ્યા, જુલ્મી ગોરાઓ, આ દેશનો આમ નાગરિક કે જે ક્યારેક રોટલા સાથે મીઠું ખાઈને પેટ ભરે છે. એનેય ન છોડો, તમે?'' અને લાકડી લઈને નીકળી પડ્યા. સાબરમતીથી ચાલતા જાય. લોકોમાં જોમ ભરતા જાય. નેતાઓ અને સ્વયંસેવકો જોડાતા જાય. 'મીઠું' જાણે એના સ્વભાવથી બહાર જઈ 'તેજ' બનવા લાગ્યું. ૨૪ દિવસ ને ૨૪૧ માઇલની બે પગ ઉપરની સફર. ૬ એપ્રિલ સવારે ૬ઃ૩૦ કલાકે દાંડીના દરિયા કિનારે હાથમાં ચપટી મીઠું લઈને જાહેર કર્યું કે 'નમકનો કાયદો તોડું છું.' અંગ્રેજોએ સાંજે ધરપકડ કરી. પણ એ તો શરીર કેદ કર્યું. સવિનય કાનૂનભંગનો આટલો પ્રચંડ વિચાર તો ત્યાં સુધીમાં જુવાળ થઈ ગયેલો. અહો, મીઠાશ!!

એક સમયે તાકાતનો અર્થ મૂઠ્ઠી અને બાહુબલી થતો હતો પણ આ માણસે તેનો નવો અર્થ કર્યો - ચપટી! એક ચપટીમાં કેટલી તાકાત હોય એમ આપણે ગાંધીથી લઈને પેલા 'એન્ડ-ગેમ' વાળા થેનોસમાં જોયું!

તો આ થયું સબરસ ગુજરાતનું પ્રથમ મોટું ચરણ.

**બીજું ડગલુંઃ**

'મીઠું' અને એનો કાયદો, પછી તો આઝાદીય મળી ને ભાગલા પડ્યા ને આ શું? બહુ મોટો વિરોધાભાસ! આઝાદી પછી ભારતમાં મીઠાની માંગને પહોંચી વળવા આયાત કરવી પડતી. કારણ શું? તો કે 'પેલી' બાજુ (ખૈબર-પાકિસ્તાન) જતા રહ્યા !!! છે ને જખમ પર મીઠું લાગે એવી વાત!

જો કે, દેશમાં સંશોધનો, અભ્યાસ અને વિવિધ ક્ષેત્રના વિકાસ માટે સક્ષમ એવા વિદ્વાનોએ પોતાનું કામ આ ક્ષેત્રમાં

શરૂ કર્યું. વિજ્ઞાન ક્ષેત્રે સંશોધનમાં કાર્યરત સંસ્થાઓને કાર્ય સોપ્યું. અભ્યાસુઓ પૂરા વિશ્લેષણ સાથે રીપોર્ટસ રજૂ કર્યા. એમાં મુખ્ય તારણ એવું નીકળ્યું કે આપણી પાસે અફાટ જળરાશિ રૂપે દરિયાકાંઠા છે અને વિશાળ રણ પ્રદેશ છે. આ બન્ને સ્રોત મીઠાના ઉત્પાદન સાથે જોડાયેલા છે. અલબત્ત, એ ઉત્પાદનને ચોક્કસ અને નિયમિત પૃથક્કરણ કરી રોજીંદા ઉપયોગમાં લેવા જેવું બનાવવું પડે. તો પરિણામ ઉત્તમ મળી શકે. ઉપરાંત, આ ક્ષેત્રમાં વધુ સઘન કામ થાય તો ઉદ્યોગોને કામમાં આવે એવા ઘણા પેટા-ઉત્પાદનો આ મીઠામાંથી મળે. આ રીતે એક વાત ઊભરી આવી કે મીઠાની ખેંચ ઉત્પાદનમાં હતી. આપણા વિદ્વાનો, વૈજ્ઞાનિકો અને કુશળ વહીવટદારો તો 'મીઠા' (સૂઝ)થી સભર હતા!!

આ બધા આયામ પછી એક નિર્ણય થયો. સહુથી વિશાળ દરિયાકાંઠો અને રણપ્રદેશનું કોમ્બીનેશન ક્યાં? તો કે ગુજરાતમાં. તો 'મીઠા થાણું' ક્યાં હોવું જોઈએ? તો બધા કહે ગુજરાત અને એમાંય સૌરાષ્ટ્ર પ્રદેશમાં ને સૌરાષ્ટ્રના વહીવટદારોએ દ્વાર ખોલ્યાં અને બોલ્યા, "એ...આવો બાપલા...અમી તો કાળિયા ઠાકોરનેય સ્વર્ગ ભુલવાડી દઈએ...હો! આ તો આ આખા દેશની જરુરિયાત છે તો અમે જગા કરીશું!" ને ૧૯૫૪માં પંડિત જવાહરલાલ નહેરુના હસ્તે ભાવનગરમાં 'સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન રીસર્ચ'નો પ્રારંભ થયો. અનેક દ્વારો ખુલ્યાં. ઉત્પાદન, ગુણવત્તા, વિશ્લેષણ, ઊંડાં અભ્યાસ અને સંશોધન, પદ્ધતિસરની તાલીમ ને આ રીતે 'મીઠા'ને ય પોતાની એક ઓળખ મળી. આખા સૌરાષ્ટ્રમાં મીઠાને લગતી કેટલીય કહેવતો અને રૂઢિપ્રયોગો લોક જીભે પ્રયોજાય છે. જેમ કેઃ મીઠાબારા - સમજણ વગરના - ઉ.દા. તમારા ભાઈ તો સાવ મીઠાબારા છે. અથવા તો તમારા ભાઈ સાવ દૂધપાક જેવા છે!

**ત્રીજું પગલું :**

પ્રથમ પગલામાં .. વાત હતી જુવાળની. તાપ વેઠીને, પણ ચાલતા પગે રોજ નવી ઊર્જા ઉત્પન્ન કરી.. દાંડીકૂચે. તો બીજા પગલામાં સોર્સથી રિસોર્સની વાત બની. હવે આવે છે ત્રીજું પગલું. જે છે મુખ્ય Task Force કહેવાય. હા, જેમ આપણો ખેડૂત ખેતરમાં અથાગ મહેનત કરી વિવિધ પાક લે છે અને આપણા સુધી પહોંચાડે છે એમ આ 'મીઠા'નીય ખેતી થાય છે. એ પણ ગુજરાતમાં. દરિયાકાંઠાના ખાડી વિસ્તારમાં કે પછી અફાટ રણ પ્રદેશમાં ખારોપાટ ઊભો કરીને શરીરને સંપૂર્ણ જોખમમાં નાખે આ મીઠું પકવનારા. 'અગરિયા' કહે એને. મીઠું જયાંથી મળે એ બન્ને સોર્સ જ એવા છે કે સહેલગાહે નીકળ્યા હો તો રમણીય લાગે પણ દિવસ-રાત એક ચોક્કસ ક્ષેત્રમાં જ રહેવાનું હોય ત્યારે એની ગંભીરતા સમજાય. પણ છે એક આખો સમાજ કે જે આ કામ પૂરેપૂરી પ્રતિબદ્ધતાથી કરે છે. ભાવનગરની CSMIR આ સહુને દરેક રીતે મદદ કરે છે. અને આ અગરિયા બને છે આપણા જીવનનો મજબુત હિસ્સો. ભાવનગર અને એની આસપાસનો દરિયા કિનારો અને કચ્છ—પાટડીના રણ વિસ્તારોમાં બહુ જ સાતત્યથી આ કામ ચાલે છે. આપણે જયારે ખેડૂતો વિષે વિચારીએ ત્યારે આપણને માત્ર જમીન પર બળદ દ્વારા ખેતી કરતો એક માણસ દેખાય છે. પણ મીઠાની ખેતી કરતાં ખેડૂતોની સ્થિતિ ખૂબ દયનીય હોય છે - ખાસ કરીને એમના શરીર પર અસર થાય છે તે. કદાચ એટલા માટે જ અનેક ઘરોમાં જેમ દૂધ ઢોળાય ત્યારે તેને માથે ચડાવવામાં આવે છે એમ જ મીઠું ઢોળાય ત્યારે એને માથે ચડાવવામાં આવે છે!

હાલ આપણને સાવ સામાન્ય લાગે છે એ મીઠું, રોમન સામ્રાજ્યમાં પૈસાને બદલે આ મીઠાથી આર્થિક વ્યવહાર કરવામાં આવતો. મીઠાનું આવું ગુજરાત કનેક્શન સ્વાદિષ્ટ છે!

મીઠું સ્વાદ અનુસાર એટલે સમજણ અનુસાર!

## ૧૨. સંસ્થા સમાચાર

**સંકલન : પ્રશાંત મહેતા**

---

### લોકભારતી સમાચાર

- તા.૦૨ના રોજ ગાંધી જયંતી નિમિત્તે સંસ્થા દ્વારા ગોશાળા ખાતે યોજાયેલ સમૂહ સફાઈના કાર્યક્રમમાં સમગ્ર કાર્યકર-પરિવારો ભાગીદાર થયા.
- તા.૦૨ના રોજ ગાંધી જયંતી નિમિત્તે સાયં પ્રાર્થનાના અનુસંધાને સમૂહમાં 'એનું જીવન કાર્ય...' ગીતગાન કરવામાં આવ્યું, ત્યાર બાદ શ્રી અરુણભાઈ દવેએ પ્રાસંગિક વાત કરી. શ્રી ભાવનાબેન પાઠક અને શ્રી વિશાલભાઈ જોશીએ ગાંધીજી અંગેનાં ક્રમશઃ બે કાવ્યો રજૂ કર્યાં, છેલ્લે શ્રી વિશાલભાઈ ભાદાણીએ ગાંધીને આજના વૈશ્વિક સંદર્ભમાં એક નવા વિચાર તરીકે 'ગાંધી-૪.૦'ની સંકલ્પના અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યું.
- તા. ૦૨ના રોજ યોજાયેલ 'Gandhian Thuoghts on Equity and Inclusion in Education' વિષયક વેબિનારમાં અધ્યાપન મંદિરના અધ્યાપકો જોડાયા.
- તા.૦૩ના રોજ લોકભારતી અધ્યાપન મંદિરમાં કમ્પ્યૂટર ઇન્સ્ટ્રક્ટર કવિતાબહેન વ્યાસે જી.સી.ઈ.આર.ટી. દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય સેમિનારમાં 'શિક્ષણ અને ટેક્નૉલૉજી' વિષયક પેપર રજૂ કર્યું.
- તા.૦૫ના રોજ લોકભારતીના શુભેચ્છક શ્રી નલિનભાઈ પંડિત, શ્રી સંજયભાઈ તલસાણિયા અને શ્રી જે. બી. બારૈયા લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવ્યા અને સાયં પ્રાર્થનામાં જોડાયા.
- તા.૦૭ના રોજ શ્રી અરુણભાઈ દવે અને શ્રી વિશાલભાઈ ભાદાણી આપણા માઈધાર કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યા. ત્યાં ચાઇનાથી આવેલા અને લોકભારતીના શુભેચ્છક શ્રી જયેશભાઈ પંડ્યા પણ સાથે હતા અને કેટલીક યોજનાઓ વિચારી.
- તા.૦૯ના રોજ શ્રી મનસુખભાઈ માંડવિયાના સૂચન મુજબ ખેતી અને ખેડૂત સમૃદ્ધ બને તેવા આશયથી કાર્યરત તજજ્ઞની એક ટીમ શ્રી નીરવભાઈ દવેની સાથે લોકભારતીની શુભેચ્છા અને માર્ગદર્શનની આશા સાથે મુલાકાતે આવી ગઈ. તેઓએ સંસ્થાના વિભાગોની મુલાકાત લીધી અને શ્રી અરુણભાઈ દવે સાથે વિચાર-વિમર્શ કર્યો.
- તા.૦૯ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય સણોસરાની એકેડેમિક કમિટીની વર્ચ્યુઅલ બેઠક યોજાઈ ગઈ. જેમાં મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીના શ્રી ડૉ. મહેન્દ્રસિંહભાઈ, ડૉ. પરમાર તેમજ શ્રી ભગીરથસિંહ સરવૈયા તેમ જ અન્ય સ્થાનિક સભ્યો ઉપસ્થિત રહ્યા. આ બેઠકમાં બી.વૉક.ના કોર્સને મંજૂર કરવામાં આવ્યો. આ ઉપરાંત સમૂહજીવનના મૂલ્યાંકન માળખાને પણ ચર્ચા વિચારણાને અંતે મંજૂર કરવામાં આવ્યું.
- લોકભારતી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓની તા.૧૨થી ૨૦ સુધી યોજાયેલ દ્વિતીય વર્ષ D.El.Ed. ની વાર્ષિક પરીક્ષાઓ સુપેરે-નિર્વિઘ્ને પૂર્ણ થઈ. તાલીમાર્થીઓને પરીક્ષા પુરી થયા બાદ શ્રી અરુણભાઈ દવે અને શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ શુભેચ્છા પાઠવી.
- તા.૧૪ના રોજ લો.ભા. વ્યવસ્થાપક મંડળની એક બેઠક મળી, જેમાં ખાસ કરીને B.Voc. કોર્સ

શરૂ કરવા અંગેની બધી જ પ્રાથમિક ઔપચારિકતાઓ પૂરી થઈ ગઈ હોય, શરૂ કરવા બાબતે ચર્ચા અને નિર્ણય કરવામાં આવ્યાં. આ બેઠકની સાથે જ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયની પ્રવેશ સમિતિની બેઠક પણ સંયુક્ત રીતે B.Voc. કોર્સમાં પ્રવેશ પદ્ધતિ અંગે નિર્ણય કરવા રાખવામાં આવી.

- તા.૧૪ના રોજ બી.વોક.ના કોર્સ માટે એડમિશન કમિટિની બેઠક યોજાઈ ગઈ. તેમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી રમેશભાઈ ખેર, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી જયવંતસિંહ ગોહિલ, શ્રી શ્રીધરભાઈ ગર્જ્જર, શ્રી વિશાલભાઈ ભાદાણી ઉપસ્થિત રહ્યા. પ્રવેશના ધોરણો અંગે જરૂરી ચર્ચા કરવામાં આવી.
- તા.૧૫ એટલે 'દર્શક' જન્મ તિથિ. સામાન્ય રીતે આજે 'ઓપિનિયન' વ્યાખ્યાનમાળા લોકભારતી સિવાયના કોઈ બહારના સ્થળે હોય છે. પણ કોવિડ-૧૯ને કારણે 'દર્શક' જન્મ તિથિ સ્થાનિક રીતે જ સાયં પ્રાર્થનાના અનુસંધાને ઊજવવામાં આવી. શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ પ્રાસંગિક વાત કરી, પછી સરપ્રાઈઝ રૂપે એક પ્રેઝન્ટેશન રજૂ કરીને દર્શકદાદાના જન્મદિનની રીટર્ન ગિફ્ટ તરીકે મૂ.ઈજ઼. કોર્સ ભેટ ધરવામાં આવ્યો. મૂ.ઈજ઼. કોર્સ એટલે આપણા સૌ દાદાઓની કલ્પના પ્રમાણેનો વિદ્યાર્થીને સરકારી નોકરીની રાહ જોવાને બદલે આત્મનિર્ભર બનાવે તેવો આ કોર્સ છે. છેલ્લે આ કોર્સ શરૂ કરવાના નિર્ણયના પ્રતીક સ્વરૂપ દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું.
- લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓના મુખપત્ર 'કોડિયું'ને નવાં નવાં સ્વરૂપે મૂકવા આપણે સૌ સતત પ્રયત્નશીલ છીએ. આ માસ (ઑક્ટૉબર)થી આપણે એમાં એક વિશેષ ઉમેરો કર્યો. 'કોડિયું'ના દરેક લેખ અવાજના સ્વરૂપે પણ હવે મૂકવા શરૂ કરીએ છીએ. ઑડિયો રેકોર્ડિંગથી દરેક લેખ કોઈ ઇચ્છે તો સાંભળી શકે તેની લિંક તૈયાર કરીને આપણી વેબસાઇટ પર તથા સોશિયલ મીડિયા ઉપર મૂકી દેવાનો શુભારંભ પણ આ કાર્યક્રમ સાથે જ ગોઠવાયો. આના ઘણા સારા પ્રોત્સાહક પ્રતિભાવ મળી રહ્યા છે.
- તા.૧૬ના રોજ અધ્યાપન મંદિરના અધ્યાપકો અને પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ શ્રી બળવંત પારેખ વિજ્ઞાન નગરી ભાવનગર દ્વારા યોજાયેલ 'આહાર એ જ ઔષધ' વિષયક વેબિનારમાં સક્રિય ભાગીદારી કરી.
- તા.૧૮ના રોજ પંચાયતરાજ તાલીમ કેન્દ્રનાં ભૂતપૂર્વ તાલીમાર્થીઓ શ્રી દોલુભાઈ ગોહિલ, શ્રી અમિતભાઈ પંડ્યા, શ્રી આનંદભાઈ ખસિયા તથા સરપંચશ્રી સોંડાભાઈ મકવાણા પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર તેમ જ સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- 'વિચાર વલોણું'ના સંપાદક અને લોકભારતીના શુભેચ્છક શ્રી મુનિભાઈ દવે તા.૨૧થી ચારેક દિવસની લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૨૧ના રોજ MGNCRE હૈદરાબાદ દ્વારા લેવાનાર VENTEL (નઈ તાલીમ) વર્કશોપમાં અધ્યાપન મંદિરના અધ્યાપકો અને પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ સક્રિય ભાગીદારી કરી.
- તા.૨૨ના રોજ શ્રી બળવંત પારેખ વિજ્ઞાન નગરી ભાવનગર અને ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા યોજાયેલ વેબિનાર 'મેમ્બ્રેન સાયન્સ એન્ડ ટેક્નૉલૉજીઃ સમાજમાં ટકાઉ વાતાવરણ પ્રત્યેનો એક નવીન વૈજ્ઞાનિક અભિગમ' વિષયક વેબિનારમાં અધ્યાપન મંદિરના અધ્યાપકો તેમ જ પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ સક્રિય ભાગીદારી કરી.

- તા. ૨૩ના રોજ શ્રી નિગમભાઈ શુકલ તથા શ્રી પ્રદીપભાઈ ક્યાડા જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા આયોજિત 'ઝર્ક' મિટિંગમાં ભાગ લેવા માટે તરઘડિયા મુકામે જઈ આવ્યા.
- શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ તા.૨૭મીથી ચારેક દિવસ માટે લોકભારતીમાં રહી ગયા.
- તા.૨૭ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયના અધ્યાપક મંડળની બેઠક યોજવામાં આવી. તેમાં બી.આર.એસ.ના ત્રણેય વર્ષ અને એમ.આર.એસ.-૨ના વિદ્યાર્થીઓની મધ્યસત્ર પરીક્ષાના માળખા અને પદ્ધતિઓ વિશે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી.
- તા.૨૮ના લોકભારતી લોકસેવા મહાવિદ્યાલયની ફાઈનાન્સ કમિટિની બેઠક યોજાઈ ગઈ. જેમાં મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીના ડૉ. ભટનાગર તેમ જ શ્રી દીપકભાઈ શેઠ ઉપસ્થિત રહ્યા. આ ઉપરાંત શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી શ્રીધરભાઈ ગજ્જર ઉપસ્થિત રહ્યા.
- હીરાલાલ ભગવતી ચેરિટેબલ ટ્રસ્ટના સીએસઆર ઇનચાર્જ શ્રી વિજયભાઈ કૌશલ તા.૨૭ના રોજ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર-માઈધારની મુલાકાતે અને તા.૨૮ના રોજ લોકભારતીની મુલાકાતે આવી ગયા.
- ગ્રામ ઉદ્યોગ મંદિર-ગઢડા અને ગોપાલધામના વડીલ શ્રી છેલભાઈ શુક્લના અવસાનના સમાચાર મળતાં તા.૩૦મીના રોજ તેમની અંતિમ યાત્રામાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ ગોપાલધામે મુકામે જઈ આવ્યા.
- તા.૩૧ના રોજ ખેતી અને ખેડૂત સમૃદ્ધ બને તેવા આશયથી મહારાષ્ટ્ર અને ગુજરાત કક્ષાએ કાર્યરત એક ટીમ શ્રી મયંકભાઈ ગાંધીની આગેવાની સાથે લોકભારતીની શુભેચ્છા અને માર્ગદર્શનની આશા સાથે મુલાકાતે આવી ગઈ. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના આયોજનમાં આજુબાજુનાં ગામોના પચાસેક ખેડૂતો સાથે તેઓએ વિચાર-વિમર્શ પણ કર્યો. તેઓએ સંસ્થાના વિભાગોની મુલાકાત લીધી અને શ્રી અરુણભાઈ દવે સાથે વિચાર-વિમર્શ પણ કર્યો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન વિવિધ વિષયો પર ૧૨ તાલીમ યોજાઈ જેમાં ૩૨૯ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન ચણા, મરચા, મશરૂમ અને પશુ માટે મિનરલ મિક્ચર ઇનપુટના અગ્રહરોળ નિદર્શન વિવિધ ગામોમાં આપવામાં આવ્યાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તલ અને મગફળીના ફિલ્ડડે પીપરડી અને લાખાવાડ મુકામે યોજાઈ ગયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો દ્વારા સમગ્ર માસ દરમિયાન વિવિધ કાર્યક્રમો તેમ જ યોજાયેલ તાલીમમાં ૧૪ વ્યાખ્યાનો આપવામાં આવ્યાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ખેડૂતો સાથે ૩ મિટિંગ યોજાઈ, તેમ જ ટેલિફોનિક હેલ્પલાઇનની મદદથી ૪૭૭ ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ, શ્રી શીલાબહેન બોરિચા, શ્રી પ્રદીપભાઈ ક્યાડા અને શ્રી વિનીતભાઈ સવાણીએ સમગ્ર માસ દરમિયાન વિવિધ વિષયો પર વેબિનારમાં ભાગ લીધો.
- પ્લગ નર્સરી વિભાગ-લોકભારતી દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૧ રવિ ઋતુમાં ખેડૂતોને વાવેતર અર્થે ચણા પાકની વેરાયટી ગુજરાત ચણા-૫ના ૧૫,૫૫૦ કિ.ગ્રા. પ્રમાણિત બિયારણનું વેચાણ કરવામાં આવ્યું.
- આ માસ દરમિયાન અધ્યાપન મંદિરમાં અધ્યાપક સજ્જતા અંતર્ગત શ્રી અજયભાઈ પંડ્યાએ Cyber Defence, Basics of Covid-19 , રાજસ્થાન

બોર્ડ દ્વારા આયોજિત માપન(ધો.૧થી ૫) અંગેનો કોર્સ, શ્રી કવિતાબહેન વ્યાસે જી.સી.ઈ.આર.ટી. દ્વારા આયોજિત 'અધ્યયન અધ્યાપન અને મૂલ્યાંકનમાં આઈ.સી.ટી.નું સંકલન'- કોર્સ પૂર્ણ કર્યો. શ્રી જગદીશગિરિ ગોસાઈએ 'અસરકારક પ્રસ્તૃતીકરણ કૌશલ્ય વિકાસ' તેમ જ 'NL-developing personal- Social Qualities (PSQ) for creating a safe and healthy school environment' SCERT, NAGALAND દ્વારા કોર્સ પૂર્ણ કર્યો. શ્રી અમિતભાઈ સાસાણીએ ૩૫ જેટલા વર્ચ્યુઅલ કાર્યક્રમોમાં ભાગ લઈ સર્ટીફિકેટ્સ મેળવ્યાં. ડી.ઈએલ.એડ.ના તાલીમાર્થીઓ માટે મનોવિજ્ઞાન અને અધ્યેતા અને મૂલ્યાંકન વિષયક વીડિયો તૈયાર કર્યા જે સમગ્ર ગુજરાતની ડી.ઈએલ.એડ. કોલેજના અધ્યાપકો અને તાલીમાર્થીઓ નિહાળી રહ્યા છે. આ પ્રક્રિયા દરમિયાન સૌએ સજ્જતા સાથે નિજાનંદ પણ માણ્યો.

- શ્રી અરુણભાઈ દવે બી.વૉક. કોર્સ શરૂ કરવા સંદર્ભે આનુષાંગિક વિધિઓમાં વ્યસ્ત રહ્યા. તા.૨ના રોજ કૃષિ, શિક્ષણ, સર્વોદય અને નવી શિક્ષણ નીતિ સંદર્ભે ગાંધીવિચારને સાંકળી લઈને ચાર વેબિનારમાં વક્તવ્યો રજૂ કર્યાં. તા. ૦૩એ શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાની અધ્યક્ષતામાં યોજાએલ રાજ્ય કક્ષાના જી.સી.ઈ.આર.ટી. દ્વારા યોજાએલ 'નવી શિક્ષણનીતિમાં ગાંધીવિચાર' વિષય પરના સંશોધનાત્મક પત્રોની રજૂઆતના વેબિનારમાં ચાવીરૂપ વ્યાખ્યાન આપીને સૌ કોઈને પ્રભાવિત કર્યા. તા. ૭મીએ માઈધાર અને તા. ૨૨ અને ૩૦મીએ મણાર જઈને ખેડૂત સંમેલનમાં અધ્યક્ષીય પ્રવચનો આપ્યાં. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાએલ 'ગાંધીની પ્રસ્તુતતા' અને ગુજકોસ્ટ-ગાંધીનગર દ્વારા યોજાએલ 'લોકવિજ્ઞાન કેન્દ્રોની ભૂમિકા' પરના વેબિનારમાં ચાવીરૂપ વ્યાખ્યાનો આપ્યાં.

**આંબલા સમાચાર**

- તા.૧૭થી ૨૫ દરમિયાન કોવિડ-૧૯ની તમામ આચારસંહિતા પાળીને કાર્યકર પરિવાર સાથે નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી.
- તા.૧૯ના રોજ શ્રી અરુણભાઈ દવે અને શ્રી મુનિભાઈ દવે પરિવાર સાથે સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૨૨ના રોજ શ્રી રાજેન્દ્રસિંહજી વાળા તથા શ્રી વાઘજીભાઈ બંને શ્રી અરુણભાઈ સાથે મણાર મુકામે ગ્રામદક્ષિણામૂર્તિ આંબલાની વ્યવસ્થાપક મંડળની બેઠકમાં જઈ આવ્યા.
- તા.૧૩ના રોજ લોકશાળાના ઉદ્યોગ શિક્ષક શ્રી શાંતિભાઈ હઠીલા વય મર્યાદાને કારણે નિવૃત થતાં તેમનો શુભેચ્છા આપવાનો કાર્યક્રમ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો.
- ધો. ૦૯થી ૧૨ના વિદ્યાર્થીઓનો ઓનલાઈન શિક્ષણનો ખૂબ જ સારો પ્રતિસાદ મળેલ છે. વિદ્યાર્થીઓ ખૂબ જ સારી રીતે અભ્યાસમાં જોડાય છે.

**મણાર સમાચાર**

- તા.૦૨ના રોજ ગાંધીજયંતી તથા લાલબહાદુર શાસ્ત્રી જયંતી કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખી સ્થાનિક રીતે ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં પ્રાર્થના, ધૂન, સદ્વાચન તથા સમૂહસફાઈ યોજવામાં આવી. શ્રી પ્રવીણભાઈ મહેતા તથા શ્રી સુરસંગભાઈ ચુહાણે પ્રાસંગિક વાતો કરી. શ્રી ડાયાભાઈ ડાંગરે સમૂહ સફાઈનું સરસ આયોજન કર્યું.

- ધો.૯થી ૧૨ના ત્રીજી એકમ કસોટીના ઓનલાઇન પરિણામ આપવામાં આવ્યાં અને ચોથી એકમ કસોટી ઓનલાઇન લેવામાં આવી.
- તા.૧૫ના રોજ પૂ. મનુભાઈ પંચોળી (દર્શકદાદા)ની ૧૦૭મી જન્મજયંતી સ્થાનિક રીતે ઉજવવામાં આવી અને આ પ્રસંગ નિમિત્તે શ્રી પ્રકાશ ન. શાહનું ઓનલાઈન વક્તવ્ય સાંભળ્યું.
- તા.૧૫ના રોજ શ્રી અરુણભાઈ દવેએ પીડીલાઈટ ફાર્મની મુલાકાત લીધી અને ડૉ. વીરેન્દ્રસિંહ તથા તેમના કાર્યકરોને મળ્યા અને ભાવિ કાર્યક્રમો વિષે ચર્ચા-વિચારણા કરી.
- ડી.આઈ.જી.-ભાવનગર શ્રી અશોકકુમાર યાદવ તથા રેન્જ કમિ. ઓફ મ્યુનિસિપાલિટી-ભાવનગર શ્રી યોગેશભાઈ બી. નીરગુડે કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાતે તા.૧૨ના રોજ આવી ગયા.
- ભાવનગર જિલ્લા કલેકટર શ્રી ગૌરાંગ મકવાણા અને તેમની સાથેના અધિકારીઓ કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- પીડીલાઈટ સંચાલિત ત્રિવેણી કલ્યાણ ફાઉન્ડેશનના શ્રી ધીરજભાઈના માર્ગદર્શન નીચે કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર ઉપર આકોલાનું ઉત્પાદન પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવ્યું. હાલ પરિણામો પ્રોત્સાહક છે. લાંબા ગાળે તેની સફળતાનો ખ્યાલ આવશે.
- તા.૨૦ના રોજ ગુજરાત પતંજલિ કિસાન સેવા સમિતિના પ્રભારી તથા કસ્તુરબા ઉ.બુ. વિદ્યાલય-પાલીતાણાના સંચાલક શ્રી લાલજીભાઈ સોલંકી અહીંના વર્મીકમ્પોસ્ટ-પ્રોજેક્ટને સમજવા આવી ગયા.
- મહારાષ્ટ્રના અછતગ્રસ્ત વિસ્તારોમાં ખેડૂતોની આર્થિક સુધારણા માટે અવિરત કામ કરતી ટીમના શ્રી મયંકભાઈ ગાંધી તથા શ્રી સ્નેહલભાઈ પટેલ અહીંના કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રના કામને સમજવા તથા જાણવા ૧૨ સભ્યોની ટીમ સાથે બે દિવસની મુલાકાતે આવી ગયા.
- તા.૩૦ના રોજ શ્રી મયંકભાઈ ગાંધીની અધ્યક્ષતામાં ખેડૂત સંમેલન યોજવામાં આવ્યું. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી અરુણભાઈ દવે ઉપસ્થિત રહ્યા. શ્રી સુરસંગભાઈએ આ સંમેલનમાં સંસ્થા પરિચય તથા ખેડૂત સંમેલનના હેતુ જણાવ્યા. શ્રી અરુણભાઈ તથા શ્રી મયંકભાઈ ગાંધીએ ખેડૂત ઉપયોગી મનનીય વાતો કરી. આ સંમલનમાં ૧૦૦ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.
- સીવીડ (દરિયાઈ શેવાળ) પ્રોજેક્ટ અંતર્ગત માંડવી-કચ્છથી ડૉ. રેડ્ડી તથા તેમની ટીમ આ પ્રોજેક્ટની શક્યતા અને સંભાવનાઓ તપાસવા અને અમલીકરણ માટે કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રની બે દિવસીય મુલાકાતે આવી ગયા. તેમણે મીઠી વીરડી, હાથબ અને કુડાના દરિયા કિનારાની મુલાકાત લીધી અને સ્થળ પસંદગી કરી.
- દરિયાઈ શેવાળ ઉત્પાદનના પ્રોજેક્ટ માટે જમીન પસંદગી સંદર્ભે મીઠી વીરડીના સરપંચ અને તે જમીનના માલિકની મુલાકાતે ડૉ. નીકુંજ બલર, શ્રી સુરસંગભાઈ તથા કૃષિ કાર્યકર શ્રી રૂપાભાઈ જઈ આવ્યા.
- કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્ર દ્વારા સંચાલિત મહિલા મંડળ દ્વારા આગામી દિવાળી માટે દીવડા બનાવવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ દીવડાઓ સીટ્રોનીલા અને લેમન ગ્રાસની સુગંધવાળા હશે!
- ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાના મદદદનીશ ઉદ્યોગ શિક્ષક શ્રી શાંતિભાઈ હઠીલાના નિવૃત્તિ-વિદાય સમારંભમાં શ્રી સુરસંગભાઈ તથા અન્ય કાર્યકરો આંબલા જઈ આવ્યા.

## લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરા સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે ગ્લોબલ પરલી (મહારાષ્ટ્ર) સંસ્થાના સ્થાપક- માર્ગદર્શક શ્રી મયંકભાઈ ગાંધી અને સાથીદારો










ગ્લોબલ પરલી સંસ્થાના સ્થાપક- માર્ગદર્શક શ્રી મયંકભાઈ ગાંધી અને
તેમના સાથીદારો સાથે લોકભારતીની આસપાસના પ્રગતિશીલ ખેડૂતોની એક ગોષ્ઠી
ખેતપેદાશોના મૂલ્યવર્ધન સંદર્ભે લોકભારતી કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી યોજવામાં આવી.








TO.

**From :**

**Registered** *BVR/151/2018-2020, RNI No. GUJ/1763-57*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. १५०/- प्रति अंक रु. १५/-